maj Foundation Che

સંસાર

ના

સુખદુઃખ

તિલાલ
શ્યા. ત્રિવેદી

કિંમત
રૂ. ૩-૦-

એન. એમ
કંપની
મુંબઈ

ain. Gurukul Kangri C

26862

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારના

સુ ખ દુઃ ખ

HINA ARTS

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ११५/२५
पञ्जिका संख्या 26862

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

36462

[illegible]

CHECKED 1973
Initial

प्राक् प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાર્તા સાહિત્ય
નવી નવલકથાઓ

	કિંમત	ટપાલ ખર્ચ
(૧) ઘર જમાઇ (ભાગ ૧–૨ સાથે)	રૂા. ૪-૧૨-૦	૦–૮-૦
(૨) વિદ્યા ચતુર (ચુમાલીશ) (ચતુરકથાઓ)	રૂા. ૩–૦–૦	૦–૮-૦
(૩) અદ્દભૂત કથાઓ.... .... (વિસ્મયકારી વાર્તાઓ)	રૂા. ૧-૧૨-૦	૦–૬-૦
(૪) પ્રથમ દૃષ્ટિએ પ્રેમ .... (રા. મસ્તફકીરે લખેલી) (સત્યઘટનાત્મક કથા)	રૂા. ૨–૮–૦	૦–૬ ૦
(૫) સમાધી (ભાગ ૧ – ૨) (સળંગ નવલકથા)	રૂા. ૬–૪–૦	૦-૧૨-૦
(૬) પ્રેમ સગાઇ (નરેશચંદ્ર સેનગુપ્ત)	રૂા. ૪-૧૨-૦	૦–૮-૦
(૭) દીલીપની મા (,, ,,)	રૂા. ૪–૪–૦	૦–૪-૦
(૮) શોધમાં (રમણુભાઇ નીલકંઠ)	રૂા. ૨–૦–૦	૦–૬-૦
(૯) મૂરખલાલનાં પરાક્રમો ... (રમણુલાલ સોની)	રૂા. ૨-૧૨-૦	૦–૮-૦
(૧૦) બુદ્ધિનો બાદશાહ .... (પાંચ પુસ્તકોનો સેટ)	રૂા. ૨-૧૨-૦	૦-૧૨-૦
(૧૧) જુવાન હૈયા (ભાગ ૧–૨) (વજુ કોટક કૃત)	રૂા. ૬-૧૨-૦	૦-૧૨-૦

ખલાસ થાય તે પહેલા મંગાવી લ્યો.

એન. એમ. ઠક્કરની કું. ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

૧ હવે ભગવાન મોત આપે તો સારૂં (પ્રસ્તાવના) ૧
૨ નંબર ૭૪૭ ... ... ૭
૩ મોતની ધર્મશાળા ૧૨
૪ તો મારી સાત પેઢી લાજે ૧૮
૫ કાયદો મારી દીકરીને ઝૂંટવી ગયો ૨૫
૬ મારાં છોરુડાં મને પાછાં આપો ૩૧
૭ સીતાને તોરણ રામ પધાર્યા ૩૭
૮ મને મારી નહિ—ન્યાય આપો ૪૩
૯ બતાવો, કયાં છે મૂરતિયો ? ૪૮
૧૦ દુઃખનાં ઝાડ ૫૩
૧૧ કાયદો ૫૯
૧૨ ખૂન ૬૫
૧૩ રૂમ નંબર ૬૪ ... ... ૭૦
૧૪ પરમ પૂજ્ય પિતાશ્રીની પવિત્ર સેવામાં ૭૬
૧૫ પતિના કફન માટે મારી પાસે કાંઈજ નથી ૮૧
૧૬ હું ગુલામ બનવા તૈયાર છું ૮૬
૧૭ મારા ગભરૂડાના ગાભા કોઇ ચૂંથશો મા ,... ... ... ૯૧
૧૮ નાથાલાલ ૯૫
૧૯ એનું જાણે જીવતર ફૂટી પડયું ૯૯
૨૦ ધરતી અને આભ ૧૦૬
૨૧ સાબ સુતિયે ૧૧૦
૨૨ માર કટારી મર જાના ૧૧૭
૨૩ અને મધરાતે બૂમ પડી. અલ્લાહ. અલ્લાહ ૧૨૨
૨૪ કળીયુગ ૧૨૯
૨૫ એમને વતાવશો નહિં—એ છે કોલેજનાં છોકરાં ૧૩૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે માણસાઈનાં દેવાળાં ફૂંકાઈ ગયાં હોય
જાણે માનવતાની સાથે ક્રુર રમત રમાતી હોય
તેવું અનુભવાવતાં

સંસારના સુખદુઃખ

:: લેખક ::
રતિલાલ ત્રિવેદી

કિંમત રૂ. ૩-૦-૦

—: મનોરંજન કાર્યાલય :—
એન. એમ. ઠક્કરની કું.
બુકસેલર્સ : પબ્લિશર્સ
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નૂતન ગુજરાત'ના તંત્રી : શ્રી કરસનદાસ માણેકે મને એમના પત્રમાં મધ્યમ વર્ગની હાલની સ્થિતિ ઉપર કાંઈક લખવા આગ્રહ કર્યો પરિણામે આ ટુંકી વાર્તાઓ લખાણી.

દૈનિક પત્રમાં જગ્યાની જે મર્યાદા હોય છે તે લક્ષમાં લઈને માત્ર એકજ કોલમમાં સમાઇ શકે તેવીજ વાર્તાઓ લખવાનો મારો આ પ્રયાસ છે. અંગ્રેજીમાં જેને ખરા અર્થમાં *Short Story* કહે છે તેવું સ્વરુપ આ વાર્તાઓને આપવાનો મેં પ્રયત્ન કર્યો છે.

"કાટનાં માળખાં" લખ્યા પછી હું કાંઇ લખી શકયો નથી. બેએક નવલકથાઓ મારી પાસે કાચી પાકી તૈયાર પડી છે, પણ તેને છપાવી શકયો નથી અનેક વ્યવસાયોને લીધે લેખન કાર્યમાં સમય આપી શકતો નથી ને મારૂં દૂર્ભાગ્ય છે.

આ વાર્તાઓ વાચકોને ગમશે તો મારી, શ્રી કરસનદાસ માણેક અને મારા તરફ સદાય મમતા દાખવતા આ પુસ્તકના પ્રકાશક શ્રી નંદલાલ ઠક્કરની મહેનત સફળ થઇ ગણાશે.

રતિલાલ શ્યામજી ત્રિવેદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

શ્રી ગંગાદાસ ખુશાલદાસ પારેખને.

રતિલાલ ત્રિવેદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૧—

હવે તો ભગવાન મોત આપે તો સારૂં!

પ્રથમ દૃશ્ય

થર્ડ કલાસનો ડબ્બો, પહેલાંના વખતના હાજીના હાયરાની માફક હેકડે ઠઠ ભરાઇ ગયો છે. ચડવાની જગ્યા તો નથી જ પરંતુ તેમાંથી સહિસલામત ઉતરવાની પણ જગ્યા નથી. ગાડી સેંટ્રલ સ્ટેશનથી ઉપડવાની તૈયારીમાં છે. ધણીધણીયાણી, પાંચ છોકરા સાત માણસોનું એક કુટુંબ દોડતાં, પડતાં પડતાં રહી જતા દાખલ થાય છે.

'કુલી એ કુલી, સામાન રખ દો.' બૈરાનાં ડબ્બા પાસે મારો ચલાવીને ધણીયાણી તથા છોકરાઓ દાખલ થઈ જાય છે, ધણી જલ્દી દોડે છે. મજુરને પૈસા આપ્યા ન આપ્યા, બીજા ડબ્બામાં ઘુસવા પ્રયત્ન કરે છે.

'અહિં નહિ, અહિં નહિ.'

ચારે કોરથી ડબ્બે ડબ્બેથી જાકારો મળે છે, બળ કરીને એક જગ્યાએ દાખલ થવા પ્રયત્ન કરે છે; અંદરથી ધક્કો મળે છે. 'ભાઈ સાબ, મને દાખલ થવા દયો, સાથે મારા બૈરાં છોકરાં છે, કોઇને દયા આવતી નથી.'

રડવા જેવી સ્થિતિ થઇ જાય છે, છેવટે એક જગ્યાએ દાખલ થવાની સગવડ મળી જાય છે. ગાડી ઉપડે છે ત્યારે એક પગ બ્હાર છે બીજો અંદર છે, ગમે તેમ કરીને ઘુસી જાય છે.

'આ કરતાં ભગવાન મોત આપે તો સારૂં' ગાડીમાં દાખલ થઇને ખિસ્સા તપાસે છે. કપડાં ઠીક કરે છે. તેના દિલનાં ઊંડાણમાંથી શબ્દો ટપકે છે 'આ કરતાં તો ભગવાન મોત આપે તો સારૂં.'

આજુબાજુ તેની માફકજ ભીંસાઇ રહેલા બીજા ઘણાં આ સાંભળે છે, તેમના દિલની વાત બીજાને મોઢે સાંભળી રહ્યાં હોય તેમ દરેકનાં દિલમાંથી પણ આજ વાતનો રણકો ઉઠે છે. 'સાચું છે. આ દેશમાં હવે જીવવા જેવું રહ્યું નથી. આ કરતાં તો ભગવાન મોત આપે તો સારૂં. જ્યાં જઇએ ત્યાંથી તિરસ્કાર તિરસ્કાર. જાણે કે માણસ જાત અળખા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણી બની ગઇ છે. નથી ખાવા મળતું. નથી પહેરવા મળતું. નથી મુસાફરીની સગવડ. આમાં જીવવું કઇ રીતે? મોત આવે તો છૂટકો થાય.'

ધીરે ધીરે આખો ડબ્બો, જાણે કે જગત છોડી જવા માંગતો હોય તેમ એક સૂરમાં આવી ગયો. 'આ કરતાં તો ભગવાન મોત આપે તો સારૂં.'

દૃશ્ય બીજું

એક્સપોર્ટ ઇમ્પોર્ટની એક પેઢી. જનરલ મેનેજરની કેબીન પાસે હું દાખલ થવા માટે આંટા મારી રહ્યો છું. કાર્ડ મોકલ્યું છે. અંદરથી જવાબ આવે છે.

'આવો.'

હું કેબીનમાં દાખલ થાઉં છુ, સલામ કરીને એક ખુરશી ઉપર બેસું છું, મારી પાસે એક બીજી વ્યક્તિ બેઠેલી છે.

'હં, બીજા શું ખબર?' જનરલ મેનેજર મારી સામું પણ જોયા વગર બીજી વ્યક્તિ સાથે વાત આગળ ચલાવે છે:

'હેરાન છીએ, છેલ્લા મહિનામાં એક પણ ઓર્ડર મળ્યો નથી. ધંધા ધાપા ખલાસ. શું કરવું? ખર્ચ ઘટાડ્યા સિવાય ચાલે તેમ નથી, દસ જણને નોટીસ આપવી છે, એમ શેઠ કહેતા હતા.' મારી પાસે બેઠેલી વ્યક્તિએ જવાબ આપ્યો.

'સાચું છે, વાત ન કરો. અમે પણ પંખા જ ખાઇયે છીએ. આ પ્રમાણે ટકવું મૂશ્કેલ છે.' જનરલ મેનેજરે સૂર પૂરાવ્યો.

'શું થવા બેઠું છે. ધંધા ચાલતા નથી. ભાવ વધતા જાય છે. ખાંડ નથી. ખાવા માટે શુદ્ધ ઘી નથી. દૂધ નથી. શાકભાજીના ભાવ... અરેરે નામ લેવાતું નથી. જીવન જીવવા માટે એકે એક ચીજ મેળવવી આકરી થઇ પડી છે અને કમાણી નામની પણ નથી. હું તો હંમેશા પ્રભુ પાસે પ્રાર્થના કરું છું કે, હે ભગવાન, ટીપે ટીપે લોહી લેવા કરતાં એક સાથે ગળે ટુંપો દઇ દે તો જ છૂટીએ.' બીજી વ્યક્તિએ હૈયા વરાળ કાઢવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાચું' છે. જે જીવનમાં રસ નહિ તે જીવન જીવ્યાં તો શું અને ન જીવ્યાં તોપણ શું ? આ કરતાં ભગવાન મોત આપે તો સારું.' જનરલ મેનેજરે ટૂંકામાં સમીક્ષા કરી, થર્ડ કલાસના ડબ્બામાં થયેલી વાતના રણકા મારા કાનમાં ગુંજી ઉઠયા ?

દૃશ્ય ત્રીજું

ભભકદાર ફર્નીચરથી ઓપતી એક કલબઃ ગરમીનાં ત્રાસથી બચવા એરકન્ડીશન્ડ રૂમમાં આધેડ ઉમરને વટાવી ગયેલા ચાર ગૃહસ્થો રમી રહ્યાં છે. તેમની પાસે પડેલી નાનકડી ટિપોય ઉપર લાલ રંગના પીણા અને ઊંચામાં ઊંચી સીગરેટના ડબ્બાઓ પડયા છે.

પહેલા ગૃહસ્થ : કાં શું થયું પછી, વધુ પેટ્રોલ મળ્યું ?

બીજા ગૃહસ્થ : હવે મળી શકે તેવા સંજોગો નથી, બ્લેક કોઈ કરતું જ નથી, સખ્તાઇ ખૂબ વધી છે.

ત્રીજા ગૃહસ્થઃ મુશીબત ! ગાડી હોય તો પણ શું ને ન હોય તો પણ શું ? પીટી ! છેવટના શબ્દો તેમણે મોઢે માંડેલા પીણાને સંબોધીને વાપર્યા હતા.

પહેલા ગૃહસ્થઃ શું થવા બેઠું છે ? આ સ્વરાજ્ય ! ન ખાવાનું ન પીવાનું, ન પેટ્રોલ, ન Drinks, કલબ લાઇફ પણ ખલાસ થઇ ગઈ છે, જીવવું શેની ઉપર ?

ચોથા ગૃહસ્થ : પ્રભુ ! પ્રભુ ! એકે એક વાતમાં ત્રાસ ત્રાસ, ટેકસ, ટેકસ, ઘરમાં પૈસા હોય તો પણ માણસ વાપરી ન શકે.

બીજા ગૃહસ્થ; ઘણી વખત એમ થઈ આવે છે કે આ કરતાં સુસાઇડ (આપઘાત) શું ખોટો ?

ત્રીજા ગૃહસ્થ : સાચું છે, આવી રીતે જીવવા કરતાં ભગવાન મોત આપે તો સારૂં.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૨—

નંબર ૭૪૭

'એઈ નં. ૭૪૭, તારો ટર્ન બદલાયો છે, નં. ૬૫૪ આજે ગેરહાજર છે, બદલીમાં તારે હમણાં જ ફરજ ઉપર ચડી જવાનું છે.' માથા ઉપર હલકી બનાતની તેલના ડાઘાવાળી કાળી ટોપી, ટોપી ઉપર ઇન્સ્પેકટરનો બીલ્લો, આંખ ઉપર જુનાં અતિ જુનાં થઈ ગયેલાં ચશ્મા, પાન ખાઇ ખાઇને લાલ થઈ ગયેલું મોઢું, અને કાળા થઈ ગયેલા દાંત. શરીર ઉપર મેલા ખાખી ડ્રેસથી શોભતા સાઠ પાંસઠ વર્ષની વયમાં હોય તેવો બી. ઈ. એસ. ટી.નો ઈન્સ્પેકટર, ડ્રાઇવરને સંબોધીને સામાન્ય રીતે બોલી શકાય તે કરતાં કંઈક વેગળી ભાષામાં કહી રહ્યો હતો.

'મારે? હું હજુ હમણા તો બસમાંથી ઉતરૂં છું, ત્યાં ફરીથી પાછા જવાનું? પૂરા આઠ કલાક નોકરી ભરી છે' જુવાન બસ ડ્રાઇવર ઇન્સ્પેકટરના શબ્દો સાંભળીને આશ્ચર્યચકિત બની ગયો હોય તેમ બોલી ઉઠયો.

'હા, નં. ૬૫૪ બિમાર છે બીજો કોઈ ડ્રાઇવર નથી, તારે ફરજ ઉપર ચડી જવું પડશે. બહાના બતાવવાથી નહિ પતે સમજ્યો?' ઇન્સ્પેકટરના શબ્દોમાં એ ત્રણ વાત સાથે હતી; ફરજનું ભાન, હોદ્દાનું અભિમાન અને કાર્યક્રમ સાંગોપાંગ સાચવવાની કુનેહ. 'સાહેબ મારા ઉપર મહેરબાની કરો, હું ખૂબજ થાકી ગયો છું, બીજા કોઇ ડ્રાઇવરને કહો, હું વિનંતિ કરૂં છું. મારા ઉપરજ શા માટે હુકમ કરો છો?' સિપાઈના હાથમાં પડયા પછી છૂટવા માટે માણસ મથે તેમ તે કાકલુદી કરી રહ્યો.

'ચાલ જલ્દી ચાર્જ લઇ લે. બીજો કોઇ માણસ મળે તેમ નથી. વધારે માથાકૂટ કરીશ તો નકામો રિપોર્ટ થશે અને નોકરી જશે.' ઇન્સ્પેકટર પાસે ઘણા શસ્ત્રો હતાં, તેમાંથી એકાદ બેનો ઉપયોગ કર્યો. અને કહીને બીજા કામે ચાલ્યો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નં. ૭૪૭, ઘડીભર થંભી ગયો. આટલો બધો અન્યાય! તે ગુંગળાઈ ગયો. શું કરવું? તેના હાથમાં બસની ચાવી હતી, ઘડીભર તેના મનમાં થઈ આવ્યું, 'ચાવી ફગાવી દઉં' આ નોકરી છે કે કાયા ઘસી ઘસીને અંદરથી લોહી માંસ ઉતારવાનો ધંધો છે? તેણે મનમાં કંઇક નિશ્ચય કર્યો, બસની ચાવી લઇને તેણે દૂર ઘા કર્યો, અને ખોલીના રસ્તા તરફ પગ ઉપાડયા. થોડેક ગયો, તેના પગ થંભી ગયા તેની આંખ સામે, તેના કલ્પના પ્રદેશમાં, અયોધ્યા પ્રાંતનું એક ગામડું ઉભું થયું.

બુઢ્ઢો બાપ ફળીમાં બેઠો છે, બાપને વિંટળાઇને પાંચ દસ, બાપની ઉમરનાં જ માણસો બેઠાં છે. બાપના હાથમાં ગોસ્વામી તુલસીદાસજી રચિત રામ ચરિત માનસ છે, ધીર ગંભીર અવાજે બાપ રામાયણ વાંચી રહ્યા છે;

'રઘુ કુલ રીત સદા ચલી આઇ
પ્રાણ જાઇ અરૂ વચન ન જાઇ.'

ભગવાન શ્રી રામચંદ્રે વચન ખાતર ઉપાડેલી કઠીન યાતના, તેમણે કરી દાખવેલાં અદ્દ્ભુત પરાક્રમોમાં તરબોળ બની બેઠેલા તેનાં પિતા અને શ્રોતાઓને તેણે જોયાં. ફળીથી દૂર ઘરની ઓસરીમાં તેણે પોતાનાં બાળકોને લઇને બેઠેલી પોતાની માને જોઇ 'મા' કંઇક બાળકોની સાથે બોલી રહી હતી.

'બાપુ કયાં છે મા?' એક બાળક માને પૂછી રહ્યું હતું.

'ઓ રહ્યાં' માએ ફળીમાં આંગળી ચીંધી પોતાના પતિને બતાવ્યા.

'ના ના, બાપુ, મા' બાળકે ખુલાસો કર્યો.

'દૂર ખુબ દૂર મુંબઇમાં,' માએ બાળકને સમજાવ્યું.

'કેમ આવતા નથી?' બાળક સમજી શકયું નહિ.

'પૈસા લેવા ગયા છે. પૈસા કમાશે એટલે આવશે.' બાળકને ન સમજાય તેવી વાત માએ કહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પૈસા? 'પૈસા હું આપીશ,' બાળક નિર્દોષપણે બોલી ઉઠયું. સાંભળીને મા, જાણે હસી રહી છે, સાથે બીજું પણ કોઈક હસી રહ્યું હતું. તેણે બારીકાઈથી જોયું, તે તેની પત્ની હતી. ઘરનાં ઉંબરા પાસે ઉભી, દાદી અને પૌત્રની વાત તે સાંભળી રહી હતી.

થોડી વાર આ મીઠા સ્વપ્નાએ તેના મનને ભરી દીધું. ઘેર જવાને બદલે પહેલામાં પહેલી ગાડી પકડી આ બધાની વચ્ચે બેસી રામાયણ શ્રવણ કરવાનું તેને મન થઇ આવ્યું. બાળકની મીઠી વાણી સાંભળી માના વ્હાલ ભર્યા શબ્દો અને પત્નીના મીઠા હાસ્ય ઝીલવાનો ઘડીભર તેને ઉમળકો થઇ આવ્યો, પરંતુ ઘેર ગયા પછી શું? બીજો વિચાર આવ્યો. આ બધું રળિયામણું સ્વપ્ન શાને આભારી છે? દૂર રસ્તા ઉપર પડેલી ચાવી ઉપર તેની નજર પડી 'પૈસા કમાયા સિવાય આ સ્વપ્ન કેમ ટકી શકે?' તેની નજરમાં અનેક ખ્યાલ આવ્યા. નોકરી તૂટે તો? તે વધુ વિચાર કરી શકયો નહિ. સામે મૃત્યુ ઉભું હોય અને માણસ બળ કરીને ભાગી છૂટે તેમ તે ઉઠયો, દોડયો, રસ્તા ઉપર પડેલી ચાવી લીધી અને બસની પાસે પહોંચી ગયો.

'કયાં હતો ૭૪૭? ચાલ જલ્દી ચાર્જ લઈલે, વખત થઇ ગયો. માત્ર ત્રણજ મિનિટ બાકી છે. ફરજનું પણ ભાન નથી?' ચશ્મા ઊંચા નીચા કરતો ઇન્સ્પેકટર તેને તતડાવી રહ્યો, બસમાં બેઠેલાં ઉતારૂઓ ઇન્સ્પેકટરનો ઠપકો સાંભળી રહ્યાં.

'હા, જી' કહીને નં. ૭૪૭ બસ પાસે ગયો, જોરથી બારણું ઉઘાડયું, અને બસનુ સ્ટીયરીંગ હાથમાં લીધું.

'થઇ ગયો, ફૂણો. તતડાવ્યા સિવાય આ લોક સીધા ચાલે જ નહિ,' બબડતો બબડતો ઇન્સ્પેકટર બીજી બસની વ્યવસ્થા કરવા ચાલ્યો ગયો. ટન, ટન, ટન, બસની ઘંટડીની દોરી કંડકટરે ખેંચી અને બસ ચાલવા માંડી. અને હંમેશની માફક શરૂઆત થઈ ગઈ. તારદેવથી ઉપડેલી બસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવારમાં ગોવાલીયા ટેન્ક પહોંચી, પરન્તુ આટલું અંતર વટાવ્યું ત્યાં તો ઝીણો ઝીણો કચવાટ બસમાં બેસનારાઓની વચ્ચે થઇ રહ્યો હતો. નં. ૭૪૭ના હાથમાં આજે સ્ટિયરીંગ બરાબર બેઠું ન હતું. કલચ ઉપર અને ગીઅર ઉપર ફરતાં તેના હાથ આજે હંમેશની માફક સ્થિર નહતા. બસમાં બેસનાર મુસાફરો વારંવાર આંચકાઓ અનુભવી રહ્યા હતા. ઉતરનાર અને ચડનાર પણ આવીને કોઇકની સાથે ભટકાતાં હતાં કે ઉતરતી વખતે પડતાં પડતાં રહી જતા હતાં.

બસ ચોપાટી, થઈ મરીન ડ્રાઇવની દરિયાની પાળે પાળે ચાલવા લાગી. બસની ઉપર ને તળે બેઠેલાં ઘણાં મુસાફરો તદ્દન ગભરાઇ ગયાં, કારણ કે બસની સ્પીડ એટલી બધી હતી કે સર્વને લાગતું હતું કે આ બસ આજે સહિસલામત પહોંચવી મુશ્કેલ છે. કાંતો ઉછળીને ઉંધી વળી જશે કે કોઇની સાથે ભટકાઇને ભુકકો થઈ જશે. એક ક્રોસિંગ પાસે તો લગભગ ઉપર પ્રમાણે બનતું બનતું રહી ગયું. ક્રોસ કરીને જતી એક મોટર બસની હડફેટમાં આવતાં સહજમાં બચી ગઈ, પરંતુ આમ કરવા માટે ૭૪૭ નંબરે એટલી બધી ત્વરાથી બ્રેક દબાવી કે ઘણાં પોતાની જગ્યા ઉપરથી ઉછળી પડતાં પડતાં રહી ગયાં. એક બુઢ્ઢા પારસી ગૃહસ્થનું માથું જોરથી પાસેની સીટ જોડે અથડાયું, નજાકત ભરી એક રમણી પેસેજમાં સરી પડી અને બસમાં એક સામટો નાદ ઉઠયો; 'કંડકટર આ શું માડ્યું છે? મારી નાખવા છે?' એક મુસાફર જોરથી બોલી ઉઠયો.

'જલદી હાંકીને જવું છે કયાં? દાનત જ હરામની થઇ ગઈ છે, કોઇને સરખી રીતે મહેનત કરીને કમાવું જ નથી. જેટલી વધુ સ્પીડથી હાંકી તેટલાં વહેલાં છુટયા,' બીજાએ સુર પૂરાવ્યો: 'અરે સા'...પીધેલો લાગે છે' બુઢ્ઢા પારસીએ માથું ખંજવાળતાં ગુસ્સો વ્યક્ત કર્યો. નં. ૭૪૭ને કાને છેલ્લાં શબ્દો પડ્યા. તેણે પાછું વાળીને જોયું. બોલનાર ઓળખાયો નહિં, ઉતારૂઓએ કંડકટરને સાચવીને હાંકવા સુચના કરી. પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસ ઉપડી, એજ સ્પીડ એજ બેદરકારી નં. ૭૪૭, કોણ જાણે બધું ભૂલી ગયો. દુરથી દેખાતાં એક ક્રોસિંગ ઉપર એક મોટી લોરી વળાંક લઇ રહી હતી. લોરી ઠીક ઠીક દૂર હતી, ઉપરથી ઘણા મુસાફરોએ એ લોરીને જોઇ પરંતુ કોઇને એમ લાગ્યું નહી કે આ લોરી હમણાં તેમની બસ સાથે અથડાઈ પડવાની છે. કોણ જાણે કેમ બન્યુ, વંટોળિયાની માફક બસ અને લોરી નજીક થઇ ગયાં એક બીજાને અથડાઈ પડયાં અને બસ ઉંધી વળી ગઇ, નંબર ૭૪૭, બસની નીચે પટકાઈ પડયો, મોતની એક તીણી ચીસથી વાતાવરણ ભરાઇ ગયું, શું થયું? શું થયું? માણસોનું એક મોટું ટોળું બસની મદદે આવી પહોંચ્યું. અને બધા આ ભયંકર હોનારતમાંથી ઉતારૂઓને ઊગારવા પ્રયત્ન કરવા લાગ્યાં.

સાંજનાં છાપાએ મોટા હેડીંગ સાથે, શહેરભરમાં જાહેર કર્યું: 'બસની મોટી હોનારત, ડ્રાઈવર સાથે બીજા ત્રણના મૃત્યુ અને સાત ઘાયલ:'

છેક બીજે દિવસે સવારે, નં. ૭૪૭નાં એક મિત્રે, અયોધ્યા તેનાં વતનના ગામડામાં તારથી તેનાં મૃત્યુના ખબર મોકલ્યાં.

ફળીમાં આજે પણ તેના બાપ રામાયણ વાંચી રહ્યાં હતાં. શ્રોતાઓની સંખ્યા આજે ઘણી વધી હતી કારણ કે 'રામચંદ્રજી વન-વાસથી રાવણવધ કરીને પાછા ફરે છે તે પ્રસંગ વંચાવાનો હતો. નંબર ૭૪૭નાં મા અને પત્ની પણ આજે ઓસરીમાં બેઠા ન હતા, પરન્તુ ફળીમાં બધાની સાથે બેસીને શ્રવણ કરતાં હતાં, શ્રોતાજનો હમણા રામ આવશે એમ ઝંખી રહ્યા હતા.

'તમારો તાર છે.' તારવાળાએ આવીને કથામાં રસતરબોળ પિતાને કહ્યું. 'મારો તાર?' ધ્રુજતાં હાથે પિતાએ પરબીડિયું હાથમાં લીધું. તાર વાંચ્યો, અને બધાનાં હૈયાફાટ રૂદને વાતાવરણને ભરી દીધું. ત્યારે નં. ૭૪૭નાં દેહ ઉપર રાખ વળી ચૂકી હતી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૩—

મોતની ધર્મશાળા

'હું... હું સંભાળો, કન્ડકટર કયા કરતા, હો' ચાર પાંચ ઉતારૂઓ સામટા બોલી ઉઠયા, કાંઇ પણ સમજાય તે પહેલાં પુર ઝડપે દોડતી બસ વળાંક લેતી ટ્રામ સાથે અથડાઇ પડી; નહિં, અથડાઈ પડતાં સહેજમાં બચી ગઇ, પરંતુ ચાર પાંચ ઉતારૂઓ ઝડપે દોડતી બસને અટકાવવા માટે દાબેલી બ્રેકથી ઉછળી પડયાં, એક જુવાન તો [છેક પાછળની જગ્યા ઉપરથી ઉછળી, આગળની જગ્યા સાથે અફળાયો, તેના માથામાંથી લોહીની ધાર છૂટી.

વાગેલું અને નહિ વાગેલું એવાં બધાં ઉતારૂઓ જલદીથી નીચે ઉતરી ગયા.

'શું થયું? ડ્રાઇવર જંગલી છે.' બધા ડ્રાઈવરની કેબીન પાસે એકઠા થઈ ગયા. અને આવી અનેક શબ્દઝડીઓ વહેતી થઈ ગઇ.

'મેં કયા કરૂં સાબ? ટ્રામવાલાને સાઈડ દેખી નહિ, પોલીસને ગલત હાથ બતાયા.'

'ઉપર એક માણસને ખૂબ વાગ્યું છે.' થોડીકવાર પછી એક જણાએ ખબર આપ્યાં.

'કયાં? ઉપરને માળે?'

બેત્રણ ઉતારૂઓ ઉપર ગયા, લોહીના ખાબોચીયામાં એક જુવાન તરબોળ થઇને પડયો હતો.

'બેશુદ્ધ થઈ ગયો લાગે છે.' એકે છેટેથી કહ્યું.

'માથામાંથી લોહી નીકળ્યું લાગે છે' બીજાએ બે ડગલા આગળ વધી કહ્યું.

'મૃત્યુ પામ્યે લાગો છે.' બન્નેએ પાસે જઈને જાહેર કર્યું.

'અરે! ના, શ્વાસ ચાલે છે ને બેશુદ્ધ થયો હશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જલ્દી, જલ્દી ઇસ્પિતાલમાં લઇ જાવ,' કોઇકે ચિંતા કરી.

બધા નીચે ઉતરી ગયાં, બસની પાસે માણસોનું મોટું ટોળું જમા થયું હતું.

'એઇ, બસવાળા જલદી ઇસ્પિતાલમાં લઇ લે.' કોઇકે ડ્રાઇવરને સૂચના કરી.

'હજી જીવ છે, મોડું થશે તો મરી જશે.'

'અમારૂં કામ નહિં. પોલીસ લઇ જશે.'

'પોલીસને ફોન કરો,' કન્ડકટરને ડ્રાઇવરે સૂચના કરી.

'હાં...હાં...કરૂં છું.'

પોલીસ આવી, હકીકત પૂછવી શરૂ કરી. રસ્તા ઉપરથી માણસનાં ટોળામાંથી માર્ગ કર્યો. કન્ડકટર અને ડ્રાઇવરની સાથે બેત્રણ વાતચીત થઇ.

'અરે, સાહેબ, પહેલાને ઇસ્પિતાલ ભેગો કરો, મરી જશે, બહુ લાગ્યું છે.'

'બધું નિયમસર થશે, પુરી તપાસ ન કરૂં તો મારૂં શું થાય ? મારે નોકરી ખોવી નથી.'

દોઢેક કલાક પછી ઘાયલ માણસની તપાસણી કરી બસને ઇસ્પિતાલને રસ્તે રવાના કરી પોલીસ હજૂ પણ રસ્તા ઉપર માપ લેવાના કામમાં મશ્ગુલ હતો.

'બસ અકસ્માત થયો છે સાહેબ,' ઇમરજન્સી એક્સિડન્ટ ડીપાર્ટમેન્ટ એ નામના લટકતાં પાટીયાં પાસે બારી હતી ત્યાં જઇ પોલીસને સિપાઇએ કાગળ્યું ધર્યું, અંદર ખુરશી ઉપર બેઠેલો માણસ કોઇની સાથે વાત કરી રહ્યો હતો.

બે ત્રણ વખત સિપાઈએ કાગળીયું ધર્યું, ત્રણ ચાર વખત ટકોરા માર્યા પરંતુ ખુરશી ઉપર બેઠેલી વ્યકિતનું ધ્યાન ખેંચાયું નહિ.

'સાહેબ !' સિપાઇએ મોટેથી બૂમ મારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કયા હૈ!'

'આ જુવો અકસ્માત થયો છે.'

'સબૂર કરો, આદમીકો આને દો, મેરા કામ નહિ હૈ.'

કાગળીયાં સામે નજર પણ કર્યા વગર, પેલાએ વાતો ચાલુ રાખી.

'કેસ ગંભીર છે, જરા જુવો તો સારૂ' સિપાઇની પાસે ઉભેલા કન્ડકટરે પ્રાર્થના કરતો હોય તેમ કહ્યું.

'સબૂર કરો. એક વખત કહ્યું નહિ હું ડયુટી ઉપર નથી; બીજો માણસ છે; હમણાં આવશે.'

'કયાં હશે? હું શોધી લાવું.' કન્ડકટરની ધીરજ ખુટતી જતી હતી.

'માલુમ નથી, હું બધાની ખબર રાખવા બેઠો નથી. અંદર વોર્ડમાં તપાસ કરો.'

કન્ડકટર કાગળીયું લઇને સંગેમરમની બની હોય એવી ભવ્ય ઈમારતનાં પગથીયા ચડવા માંડયો, અને સળંગ લાંબી ચાલીમાં ચાલવા માંડયો. એક પછી એક વોર્ડ આવતા ગયા. તેણે ડોકાઈ ડોકાઇને અંદર નજર કરી ઘણાને કાગળીયું બતાવ્યું. ઇધર નહિ, અહીં નહિ, શબ્દો સાંભળતો છેક ઓશરીની બીજી કોર સુધી પહોંચ્યો. કોઇ તેને મળ્યું નહિ. પાછા વળી તેણે બારીમાં ડોકીયું કર્યું; પરંતુ ત્યાં પહેલા જે માણસ બેઠેલો હતો તે સિવાય કોઇ માણસ હતું નહિ. તેની સાથે વાત કરનાર બીજો સાથી ચાલ્યો ગયો હતો. ધીરે ધીરે તે કંઇક ગાઈ રહ્યો હતો.

'સાહેબ, કોઇ મળ્યું નહિ.' કન્ડકટરે ફરીથી પહેલાને રસ લેવા વિનંતી કરી.

'ભોગ તારા, મને શું કામ પૂછે છે, જા બહાર બેસ.' કન્ડકટર કાગળીયું લઇને પાછો બસ પાસે પહોંચ્યો.

'શું થયું? કોઈ જવાબ આપતું નથી, સિપાઇ પણ કયાંક ચાલ્યો ગયો લાગે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારી પાસે જ બેસો. અહીં હંમેશાં એમ જ બને છે.' એક બીજા માણસે બાજુમાંથી જતાં જતાં કહ્યું.

એક બીજી ગાડી આવી, ભાંગેલી મોટર સૂચવતી હતી કે ક્યાંક અકસ્માતમાં અફળાઈને આવી લાગે છે. મોટરમાંથી ઉંહકારા સાંભળતાં હતાં. કોઇને કાંઇ વાગ્યું હતું

આવી બીજી સાત આઠ વ્યક્તિઓ અકસ્માતનો ભોગ બનીને બસની આજુબાજુ પડી હતી, કોઇક હાથ ગાડીમાં હતું. કોઇ મોટરમાં, કોઇ બસમાં, બધાં રસ્તા ઉપરના અકસ્માતો હતા. સાથે કોઈ ન હતું. બધાને અકસ્માતની જગ્યા ઉપરથી સીધાજ લાવ્યા હતા.

દોઢેક કલાક પછી ત્રણ ચાર યુવકો આ બધા અકસ્માતનાં કેસોની સંભાળ લેવા આવ્યા, જાણે કશીજ ઉતાવળ ન હોય, જાણે કોઈપણ જાતની લાગણી ન હોય, તેમ તેમણે એક પછી એક કેસ સામે નજર કરવા માંડી.

'કયા હુવા?' હાથગાડી ઉપર બુમ મારી રહેલા એક પાટીવાળા જેવા માણસ પાસે આવી, ત્રણમાંના એકે સાથે આવેલા સિપાઈની સામે જોઇને પૂછ્યું.

'ટ્રામમાં માર લાગ્યો છે, ડોક્ટર સાહેબ.' પોલીસે ખુલાસો કર્યો.

'કયાં?' ડોક્ટરે પાટીવાળાની છેક નજીક જઈ પગ લાંબો કરવા પ્રયત્ન કર્યો.

'ઓ બાપરે મરી ગયો,' પાટીવાળાએ બુમ મારી.

'ફ્રેક્ચર થયું છે,' ડોક્ટરે સાથે ચાલ્યા આવતા પોતાના બે એસીસ્ટન્ટોને કહ્યું, બન્ને યે પોતાના હાથમાં રહેલી નોટબુકમાં નોંધ કરી.

એક પછી બધાંને તપાસ્યા, અને બધાંની નોંધ કાગળ ઉપર થવા માંડી.

'કયા હુવા? કૌન હૈ?' બસની પાસે આવીને ડોક્ટરે ડ્રાઈવરને પુચ્છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખરાબ અકસ્માત થયો છે, મરીઝ ઉપરના માળ ઉપર બેશુદ્ધ પડેલ છે.' બોલીને કન્ડકટર અને ડ્રાઈવર બસમાં દાખલ થયા.

'શું ધંધો છે? રાત અને દિવસ જ્યારે જુઓ ત્યારે એક જ વાત: કોઇને વાગ્યું હોય, કોઈ મરીને આવ્યું હોય; અવિરત આ પ્રવાહ ચાલુ જ છે, ડૉકટર બસની સીડી ચઢતાં ચઢતાં બબડયો.

'તપાસો.' ડૉકટરે સાથે રહેલા પોતાના એસીસ્ટન્ટોને કહ્યું. બન્ને આગળ આવ્યાં લોહી વહીને બસના તળિયાં ઉપર ચારે તરફ વહ્યું હતું, કયાંક તો ઠરી જઇને ઝામી ગયું હતું, અકસ્માતનો ભોગ બનનાર યુવક ઉંધે માથે પડયો હતો, તેનું મોઢું દેખાતું નહતું.

'સાહેબ, છેલ્લી ઘડી ચાલતી લાગે છે.' એમાંથી એકે કહ્યું. તેનાં કાન ઉપરનું સ્ટેથોસ્કોપ મંદ ધબકારા દરદીના શરીરમાંથી ખેંચીને ડૉકટરનાં કાન સુધી પહોંચાડતું હતું, મરવા વખતે માણસના હોય છે એવા આ ધબકારા હતા.

છાતી તપાસી, દરદીને બન્નેયે મળીને ફેરવ્યો. દરદીનું મોઢું બરોબર દેખાયું, ડૉકટરે છાતી ઉપર સ્ટેથોસ્કોપ મૂકવા પ્રયત્ન કર્યો.

'કોણ ડૉકટર ?' પાછળ ઉભેલા મોટા ડૉકટર એક ફર્લાંગે દરદીની પાસે આવ્યાં. 'કોણ કિશોર ? કિશોર,!' તેમનો શ્વાસ અધર ચડી ગયો. ડૉકટરની બૂમાબૂમ સાંભળી, બન્ને એસીસ્ટન્ટો, ડ્રાઇવર ને કન્ડકટર સ્તબ્ધ બની ગયાં.

'મારા મોઢાં સામે શું જુવો છો? જાવ જલ્દી સ્ટ્રેચર લાવો, સ્ટ્રેચર લાવો, મારૂં નીકંદન નીકળી ગયું,' ડૉકટરે કોલાહલ કરી મૂકયો. જલદીથી ડૉકટરે કિશોરના મુખ ઉપરના વાળ ખસેડયા. લોહી વહેવાની જગ્યા જોવા માંડી, ખોપરીમાંથી લોહી વહેતું હતું, 'બહુ મોડું થઈ ગયું હું શો જવાબ આપીશ!' તેના મોઢામાંથી શબ્દો સરવા માંડયાં, તેના મુખની એકએક લાગણી બદલાઇ ગઇ. ઘડી પહેલાંની બેદરકારી, ટાઢાશ, કોણ જાણે કયાં જતાં રહ્યાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ટ્રેચર આવ્યું. અનેક માણસો; ડૉકટરો, બસની પાસે આવીને ઉભા રહ્યાં! થોડીવારમાં બધાંને માલુમ થઇ ગયું કે ડૉ. મધુસુદનનો નાનો ભાઇ કિશોર બસના અકસ્માતનો ભોગ બન્યો છે.

થોડી વારમાં બધા મોટા ડૉકટરો ભેગા થઈ ગયા અને કિશોરની ઉપર બની શકે તેટલા ઉપાયો શરૂ થઇ ગયા. તાત્કાલીક ઓપરેશનની જરૂર જણાતાં ઓપરેશન કરવામાં આવ્યું, છતાં કિશોર ભાનમાં આવ્યો નહીં, ચાર પાંચ કલાક સુધી લેવામાં આવેલી મહેનત છેવટે બરબાદ થઇ, ભાંગેલ ટાંટીએ, છેક સાંજે ડૉ૦ મધુસુદન ઓપરેશન થીયેટરની બહાર નીકળ્યા.

'ભાઈ, મોટાભાઈ, શું થયું?' કિશોરની સ્ત્રી, પોતાની સ્ત્રીની સાથે થિયેટરની બ્હાર રાહ જોતી બેઠી હતી, ડૉ૦ મધુસુદનને જોઇને તે દોડીને પાસે આવી.

'બોલોને, કેમ બોલતાં નથી?' શુન્ય મધુસુદનને જોઈને તેણે ફરીથી પુછ્યું.

'બેટા–દીકરી, મા, તારા દેવને મેં મારી નાખ્યા, હવે તે ફરીથી નહિ બોલે.' બોલીને અનેક દરદીઓનાં મોત જોનાર, અનેક મૃત જીવોનાં હાડચામ ગુંથનાર મોત જોઇને ઘડીભર પણ ન થડકનાર ડૉ૦ મધુસુદન છાતીફાટ રડી ઉઠયો.

થોડી ક્ષણો પસાર થઈ અને ઓપરેશન થિયેટરમાંથી કિશોરના મૃતદેહને, અકસ્માતમાં મરી જનારની છેલ્લી ક્રિયાઓ થતી ત્યાં લઈ જવામાં આવ્યો. હંમેશાં ડૉ૦ મધુસુદન એ જગ્યાએ જઈ સગાંઓને મૃત દેહનો હવાલો કરતાં, આજે તેમને પોતાનાં ભાઇનાં મૃત દેહનો હવાલો લેવાનો હતો. કિશોરના મૃત દેહની પાછળ આજે તેઓ જતાં હતાં.

રડતી પત્ની, રડતી નાનાભાઇની વહુ અને બીજા અનેક સગાંવહાલાની વચ્ચે ડૉકટર મધુસુદન નતમસ્તકે બેઠાં હતાં. તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમણાંજ આંસુ ભરી આંખો લુછી હતી તેમની નજર એ ઓરડામાં લટકતી એ તક્તી ઉપર પડી. તેમણે મનમાં વાંચવા માંડ્યું 'સ્વ. શેઠ...ના સ્મરણાર્થે તેમનાં સુપુત્રો એ રૂા. ૧૦૦૦૦૦,ના ખર્ચે અકસ્માતમાં ભોગ બનેલાને તાત્કાળીક સહાયતા સાંપડે, તે માટે આ ઇસ્પિતાલની સ્થાપના કરી છે. પ્રભુ તેમનો શુભાશય પાર પાડે એવી પ્રાર્થના અને આ ઇસ્પિતાલમાં કામ કરનારાઓની આ કામ પાર પાડવાની શુભનીષ્ઠા સાચવે એવી વિનંતી.'

વાંચીને તે બેસી શક્યા નહિં. ખંડની બહાર નીકળી ગયાં.

'શું થયું ?' બે માણસો ખંડની બાજુમાંથી પસાર થતાં હતાં, તે જોવા ઉભા રહી ગયા, તેમાંના એકે કહ્યું: 'અકસ્માતથી મૃત્યુ : બીજું શું હોય' બીજાએ જવાબ આપ્યો. 'અહિં હંમેશા કેટલાય માણસો મરે છે. આ ઈસ્પિતાલ નથી મોતની ધર્મશાળા છે.' બોલીને બન્ને ચાલતાં થયાં, છેલ્લા શબ્દો ડૉ. મધુસુદને સ્પષ્ટપણે સાંભળ્યા.

★

—૪—

'...તો મારી સાત પેઢી લાજે'

'અંદર આ ફળિયામાં શેઠ રહે છે?' બુઝર્ગ જેવા લાગતા એક અડીખમ શરીરના અજાણ્યા માણસે ધન દેવશીના ડેલામાં દાખલ થઇ એક જુવાન માણસને પ્રશ્ન કર્યો.

'કોણ કરમચંદ શેઠ જુવાને પ્રશ્ન પૂછનાર તરફ બરોબર જોયું નહી ને પૂછ્યું. 'ઉભો રહે !' પેલા પ્રશ્ન પૂછનારે ખિસ્સામાંથી એક કાગળિયું કાઢયું 'અરે ભૂલ્યો, કરમચંદ નહી, ધરમચંદ મોતીચંદ શેઠ: જૈન વાણીઆ છે ધના દેવશીનો ડેલો' આખું સરનામું તેણે કાગળની એક ચબરખીમાથી વાંચ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખબર નથી, અંદર તપાસ કરો' યાદ કરવાનો જરા પણ પરિશ્રમ કર્યા સિવાય તોછડો જવાબ આપીને જુવાન ચાલ્યો ગયો.

'બહેન અહીં ક્યાંક ધરમચંદ શેઠ રહે છે ને?' અજાણ્યાએ થોડેક ચાલી ઓશરીની કોર ઉપર ઊભેલી એક સ્ત્રીને પૂછ્યું.

'ધરમચંદ શેઠ?' સ્ત્રીએ યાદ કરવા પ્રયત્ન કર્યો: 'સરનામામાં તમારી કાંઈ ભૂલ નથી ને? આવું નામ તો કોઇ દિવસ સાંભળ્યું નથી.'

'ના સરનામું તો બરોબર છે' અજાણ્યાએ ખિસ્સામાંથી કાગળિઓ પાછો કાઢયો, અને જૂનાં સડી ગયેલ કાગળને સ્ત્રીના હાથમાં મૂકયો.

સરનામું તો બરોબર હતું. ધના દેવશીનો ડેલો તે આખા ગામમાં એક જ હતો, પરંતુ આવું નામ તેણે કોઇ દિવસ સાંભળ્યું ન હતું.

'પંદર વર્ષથી અમે અહીં રહીએ છીએ, પંદર વર્ષમાં તો મને યાદ આવતું નથી, મેં આ નામ સાંભળ્યું હોય.' સ્ત્રી એક પ્રકારની સમસ્યામાં પડી ગઈ.

'નર્મદા બહેન, ઓ નર્મદા બહેન' તેણે બાજુની પાડોશણને બૂમ મારી. થોડી વારમાં પાંચ દસ સ્ત્રીઓ આ અજાણ્યાને ઘેરી વળી અને કોઇ મહાન પ્રશ્નની છણાવટ કરતી હોય તેમ, ધરમચંદ મોતીચંદ શેઠના વિચારમાં ગરકાવ બની ગઇ.

'કોઇક જૂના માણસને પૂછો તો કદાચ ભાળ મળે અમે તો બધા નવા ભાડૂતો છીએ,' એક સ્ત્રીએ રસ્તો બતાવ્યો.

'જુઓ. તમે ડાબા હાથ તરફ વળો અને છેક ઊંડા ચાલ્યા જાઓ, ત્યાં એક નિશાળનાં માસ્તર કહે છે, તે તમને કદાચ માહિતી પૂરી પાડશે, આ ડેલામાં તેઓ જુનામાં જુના ભાડૂત છે.' એક સ્ત્રીએ બીજો રસ્તો બતાવ્યો.

'તમારે કામ શું છે?' બીજી એક સ્ત્રી જીજ્ઞાસા રોકી શકી નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કામ છે ઘણું જ જરૂરી કામ છે,' બોલીને તે અજાણ્યો બતાવેલ રસ્તા તરફ ચાલી નીકળ્યો.

'અહીં નિશાળના માસ્તર રહે છે ને?' અજાણ્યો ઘણું ચાલ્યા પછી રસ્તા ઉપર પડતા એક ઝાળીવાળા ઘર પાસે અટક્યો. થોડી વાર થઈ પરંતુ ઘરમાંથી કોઇએ જવાબ આપ્યો નહિ, ફરીથી તેણે મોટેથી બૂમ મારી. 'અરે ઘરમાં કોઇ છે કે?'

'કોણ છે?'

'અહીં કોઇ માસ્તર રહે છે ને! નિશાળના માસ્તર!' અજાણ્યાએ પોતાને પુછાયેલ સવાલના જવાબને બદલે પ્રશ્ન જ કર્યો.

'હા અંદર આવો' બોલીને જવાબ આપનાર સ્ત્રી અંદર ચાલી ગઇ.

'હાશ, ભગવાન' થાકેલો લાગતો અજાણ્યો પગથિયા ચડી ખૂલ્લી જાળીમાં થઇ ઘરમાં દાખલ થયો.

સાધારણ સ્થિતિના તુલજારામ માસ્તર ઘણા વખતથી બીમાર હતા. છેવટની ઘડીઓ ગણાતી હતી, માસ્તરના બે ત્રણ સગાઓ માસ્તરના ખાટલા પાસે બેઠા હતાં. એ અજાણ્યા ઘરમાં જઈ ચારે તરફ જોયું અને ફરી વખત 'હાશ ભગવાન' કહીને માસ્તરના ખાટલા પાસે બીજા બેઠા હતાં તેની પાસે બેસી ગયો.

'કેમ ભાઈ, કોનું કામ છે?' એક સગાએ અજાણ્યાને આવી રીતે આવેલો જોઇને આશ્ચર્ય અનુભવ્યું.

'માસ્તરનું, નિશાળના માસ્તરનું.'

'શું કામ છે?' આવા માણસને કોઈએ કદી પણ માસ્તરની પાસે બેઠેલો જોયો નહતો, શું હશે, સર્વ કોઈ વિચારમાં પડ્યાં.

'ભાળ મેળવવી છે.' અજાણ્યાએ ખિસ્સામાંથી કાગળિયું કાઢ્યું અને પ્રશ્ન પૂછનારના હાથમાં મૂક્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૧૧૭ ૨૯ ૨૬૪૬૨
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ધરમચંદ મોતીચંદ શેઠ જૈન વાણીઆ ઠે. ધના દેવશીનો ડેલો. સરનામું વાંચીને વાંચનારનાં મોઢા ઉપર રેખાઓ ઉપસી આવી: 'શું છે ?' ખાટલામાં ગાદલાના ટેકે બેઠેલા વૃદ્ધ માસ્તર બધા તરફ આતુરતાથી જોઈ રહ્યા હતા.

'ઓળખો છો ?' કાગળિયું લઈને ગુંચવણમાં પડી ગયેલો અજાણ્યા સાથે વાત કરી રહેલો માણસ તેના ખાટલા પાસે પહોંચ્યો અને મોટેથી નામ વાંચી ગયો.

'હા' માસ્તરે જવાબ આપ્યો: 'શું કામ છે' ? તેણે ધીરેથી ઉમેર્યું.

'આ ભાઇ પૂછવા આવ્યા છે,' તેણે નવા આગંતુક તરફ આંગળી ચીંધી.

માસ્તર શ્રમ કરીને ઉઠયા, ખાટલામાં બેઠા થયા અને અજાણ્યાને ઓળખવા પ્રયત્ન કર્યો.

'કોણ છો ભાઈ, કયાંથી આવો છો ? શું કામ છે ?' માસ્તર અજાણ્યાને ન ઓળખી શકયા.

'કણબી છું, નામ રત્ના પૂંજા. ગામ જેસર. શેઠનું કામ છે.' અજાણ્યાએ પોતાની ઓળખ આપી.

'રત્ના પૂંજા' 'રત્ના પૂંજા' ઓળખ્યો. પટેલ બહુ વખતે, આવ્યા ખરા પણ મોડા પડયા. શેઠ તો વીસ વર્ષથી ગુજરી ગયા.' બોલતાં માસ્તરને શ્વાસ ચડી ગયો.

'ગુજરી ગયા ?' પટેલનો અવાજ ઢીલો પડી ગયો, 'અરેરે મારી મહેનત બરબાદ થઇ ગઇ, હવે મારૂં શું થશે ? આટલા વર્ષ મને કાંઇ જ ખબર ન પડી.' પટેલનો અવાજ ગળગળો થઇ ગયો.

'કેમ આવ્યા છો ?' માસ્તર પટેલને બરોબર સમજી ,શકયા નહિં.

'ઋણ ચૂકવવા બાપા ઋણ ચૂકવવા. શેઠની પાસેથી અમે રૂપિયા લીધા છે તે ચૂકવવા છે. શેઠને કાંઇ છૈયાં છોકરાં ?' પટેલ મુંઝવણમાં પડી ગયા. 'સાચા રૂપિયા લીધા છે ને સાચા મારા હાથે જ ચોપડીમાં અંત લખ્યું છે પણ હવે શું થાય ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શેઠ તો ગુજરી ગયે એક વર્ષ થઈ ગયું અને શેઠના છોકરાં તો મોટાં માણસ થઈ ગયાં. ભગવાને બહુ યારી આપી છે કહે છે કે મુંબઈમાં દરિયાને કાંઠે ક્યાંક સાત માળની મેડિયું બાંધી છે ને ત્યાં રહે છે!' માસ્તરે ઇતિહાસનો પાઠ ભણાવતો હોય તેમ કહ્યું.

'હું રખડી ગયો, અરેરે મારી સાત પેઢીનું શું થાય? ઋણ ચૂકવ્યા સીવાય મરૂં તો હું નર્ક જ જાઉં.' પટેલની આંખમાં આંસુ આવી ગયાં.

'આટલા વર્ષ કેમ યાદ આવ્યા નહિ?' પાસે બેઠેલ એક માણસે જિજ્ઞાસા બતાવી.

'યાદ આવ્યું નહિં? અરે બાપા યાદ? કોઈ દિવસ ભૂલ્યો નથી. છોતેરી કાળમાં કાળી રાતે મને ગણી આપ્યા હતા. કેમ ભુલું? વીશ વર્ષથી બાધા લીધી છે, શેઠના પૈસા ચુકવું પછી મોઢામાં દુધનું ટીપું નાખવું, પણ કરૂં શું? વરસ વરસને ખાતું ગયું, પૈસાની સગવડ થાય ત્યારે મોઢું બતાવુંને? અરેરે હું બાજી હારી ગયો, શેઠ તો ધર્મનો થાંભલો હતા, પોતે તરી ગયા મારૂં હવે શું થશે?'

'બાપા–ઓ બાપા' બહાર મોટરમાં કોઈક આવ્યું છે, તમને મળવા બોલાવે છે.' એક નાનકડો છોકરો ઘરમાં દાખલ થયો અને માસ્તરના બાટલા પાસે બેઠેલા એકને સંબોધી બોલ્યો 'ક્યાં કોણ છે,' પેલો સફાળો ઉઠયો અને બહાર જવા તૈયાર થયો.

'કાં–માસ્તર શરીર સારૂં નથી?' મુંબઈગરા લહેકાથી બોલતો એક માણસ ઘરમાં દાખલ થયો.

'આવો આવો ભાઈ' બધાં ઉભા થઇ ગયાં, અને આવનાર ઘરમાં લટકી રહેલા હિંડોળા ઉપર બેસી ગયો.

'નવલચંદભાઈ આવ્યા છે!' માસ્તરનું ધ્યાન ખેંચવા એક જણે પ્રયત્ન કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નવલચંદ ?' માસ્તરને આશ્ચર્ય થયું.

'નવલચંદભાઇ ક્યારે આવ્યો' તેણે પટેલ તરફ નજર કરી, નવા આવનાર ... નિહાળતા સ્તબ્ધ બનીને જોઇ રહ્યાં હતાં.

'ગઇ કાલે આવ્યો. સાંભળ્યું કે આપની તબીયત ઠીક નથી, એટલે ખબર કાઢવા આવ્યો છું, આજે સાંજે પાછો જવાનો છું, કહો મારા લાયક કાંઇ કામકાજ ?' નવલચંદ ઉતાવળમાં હોય તેમ શબ્દો બોલી ગયો.

'બહુ સારૂં થયું ભાઇ ભગવાને તને મોકલ્યો, આને ઓળખે છે ?' માસ્તરે નવલચંદનું ધ્યાન પટેલ તરફ ખેંચ્યું.

'રત્નો–રત્ના પુંજા જેસરના પટેલ ? તેનાં ખેતરનાં પોંક અને ચીભડાં ભૂલી ગયો ભાઇ ?' માસ્તરે એકસામટી ઓળખાણ કરાવી અને સ્મરણો પણ કહ્યા. તેના બોલવાની છુટ એવી વેગીલી બની ગઈ કે જાણે તેની માંદગી ક્યાંક દૂર ચાલી ગઇ.

'રત્ના કાકા,' બોલીને નવલચંદ–ધરમચંદ શેઠનો વચેટ દીકરો બાપની દોરવણી નીચે તૈયાર થયેલો. તે એકદમ ઉભો થઈ ગયો અને પટેલની પાસે પહોંચી ગયો. તેના દિલમાં ઘડીભર કોઇ પોતાના ખોવાયેલા સજ્જન મળ્યા હોય તેવો આનંદ થઈ આવ્યો.

'હા ભાઇ' 'રત્ના કાકા' પટેલે કેડેથી બાંધેલી દોરાથી ગૂંથેલી વાંસળી કાઢી અને નવલચંદના પગ પાસે રૂપિયાની ઢગલી કરી દીધી.

'આ શું ? રત્ના કાકા.' નવલચંદને વાત સમજાઈ નહી.

'ઋણમુક્તિ ભાઇ; શેઠ પાસેથી રૂપિયા લીધા હતા ઘણા વર્ષ થઇ ગયા જો અહીં આજે હવે ભગવાને સામું જોયું છે તો આપ લઈ લ્યો બાપા. એટલે છુટ્યા.'

'રત્ના કાકા, જુની વાત. આજે હવે તેનું શું છે ? બાપા ગયા તેની સાથે બાપાની લેણદેણ પણ ગઇ. પાછા લઇ લ્યો તમારા રૂપિયા મળી ગયા,' નવલચંદે વિવેક કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'માણસના મરી જવા સાથે લેણદેણ કેમ પતી જાય ભાઇ, રૂપિયા તારા છે. બાપા, કાળી રાતે બાપાએ પેટી ખોલીને ગણી આપ્યા છે, ન ચુકવું તો મારી સાત પેઢીનુ શું થાય? ચાલીશ ગાઉનો પંથ કાપી ત્રણ દિવસથી બાપાના ઠેકાણાની ભાળ કાઢવા માટે ચારે તરફ ભટકું છું આજ હવે છૂટકો થશે.'

'રત્ના કાકા ભગવાને અમને ઘણું આપ્યું છે તમારા આશીર્વાદથી સુખી છીએ, હવે આટલા વર્ષે તમારી પાસેથી રૂપિયા લેવાય ?'' નવલચંદ જાડી ભાષા બોલતા આ કોમળ હૃદયના માણસ તરફ જોઇ રહ્યો.

'માસ્તર ! કહો, ભાઇને સમજાવો, મારી બાધા છૂટે. મારી મુક્તિ થાય,' પટેલ લાગણીવશ થઇ ગયો, 'લઇ લે ભાઇ, આમાં પૈસાની કિંમત નથી, માણસનાં ધર્મની વાત છે. આ જુના જમાનાના માણસની હૈયા ઉકળતી વાત છે, તને નહિ સમજાય. રૂપિયા તારે લેવા જ પડે. ભાઇ લેનાર કરતા સામાં આપનારને હૈયાં શાન્તિ થાય છે.' માસ્તરે ભક્તિભાવથી પટેલ સામે જોયું.

એક પછી એક ૪૨૦ ચારસો ને વીશ રૂપીયા પટેલે ગણી નવલચંદના હાથમાં મૂકયા.

'જાવ પટેલ તમે ઋણમુકત' નવલચંદ તો બોલ્યો નહીં પરન્તુ માસ્તરે પટેલની સામે જોયું. તેની તેજ વગરની આંખમાંથી આંસુના બે બિન્દુ ટપકીને નીચે પડયાં 'ધરમચંદ શેઠ જ્યાં હશે ત્યાં તમારા દેવા ઉપર ચોકડી મૂકી દેશે.' છેવટના શબ્દો માસ્તર ખરા હૃદયથી બોલતા હોય તેમ બોલ્યા અને નવલચંદ અને પટેલ તરફ વારાફરતી જોયું, 'ભલે બાપા રામ રામ,' માસ્તરના દિકરાના દિકરાના હાથમાં રૂપિયા બે મૂકીને પટેલ માસ્તરના ઘરનો ઓટલો ઉતરીને રસ્તે પડયા ત્યારે તેની અવસ્થામાંથી વીશ વર્ષ ઓછાં થઈ ગયાં હોય તેમ એની ચાલ ઉપરથી લાગતું હતું.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૫—

કાયદો મારી દીકરીને ઝૂંટવી ગયો !

'હું બાપ છું, બીજા માબાપની જેમ મારા હૃદયમાં અનેક લાગણીઓ છે—વાત્સલ્ય જે લાગણીઓ જન્માવે છે તેવી, છતાં મારાં સંતાનોથી ગૌરવ લેવાને બદલે હું લાજી મરૂં છું, મારી વૃદ્ધાવસ્થામાં ગઢપણની લાકડી બનવાને બદલે, મારાં સંતાનો મારા દુશ્મન પાક્યા છે. સંતાનોથી ઘણા આલોક અને પરલોક તરી જવાની કલ્પના કરે છે, મારા સંતાનોથી મારા સાતે ભવ નર્કમાં જવાની દહેશત મને લાગે છે.'

હજુ તો ગાડીમાં પગ મૂકું છું, સામાન પણ ગોઠવ્યો નથી. ત્યાં એક વૃદ્ધ પુરૂષ મારા ખાનામાં ઘૂસી આવ્યા અને કોઇ પણ જાતની પ્રસ્તાવના સિવાય, નાટકનું એકાદ પાત્ર દાખલ થાય અને ભાષણ શરૂ કરે તેમ મારી સામે જોઇને બોલવા લાગ્યા હું સજ્જડ થઇ ગયો. ઘડીભર તો મને થયું, આ કોઈ ગાંડો માણસ લાગે છે, માણસ આવી રીતે કેમ બોલી શકે? અલબત્ત દુઃખી માણસને દુઃખ વ્યક્ત કરતી વખતે સારાસારનું ભાન રહેતું નથી, છતાં કોઇ પણ જાતના પરિચય કે આંખની ઓળખાણ સિવાય તે ન જ વ્યક્ત કરે. હું તેની સામે જોઈ રહ્યો. પચ્ચાસથી વધારે અને સાઠથી વધુ નહિ તેવી ઉંમર લાગતી હતી. ચહેરા ઉપર અનેક કરચલીઓ હતી. આંખની આજુબાજુ કાળા ડાઘા અને એક જાતની ફિક્કાશ તરી આવતી હતી પરન્તુ મોઢા ઉપર ગાંડપણનું કે એવું બીજું લક્ષણ જણાતું ન હતું, પણ તેને બદલે જે કોઈ જુએ તેના દિલમાં અમુક જાતની લાગણી જન્માવે તેવું કંઇક છુપાયેલું પડ્યું હતું.

'બેસો' મને તેની સાથે વાત કરવાનું મન થયું, મેં મારી જગ્યાની સામેની જગ્યા બતાવી.

'મને મદદ કરશો?' ગભરાઈને માણસ બેસે તેવી રીતે બેસતાં બેસતાં તેણે મારી સામે જોયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શાની મદદ જોઈએ છે?' મારા મનમાં એક જ વાત આવી. આ માણસ બનાવટ કરતો લાગે છે. છેવટે તો સમાજમાં આવા ઘણા જુઠ્ઠા માણસોની જેમ આ પણ ગમે તેવું સાચું ખોટું બોલી મારી દયા જાગૃત કરશે અને થોડા પૈસા કઢાવશે. મેં ઝીણી આંખ કરી તેની સામે જોયું, તેને માપવા પ્રયત્ન કર્યો, તેના પહેરવેશ અને બીજા લક્ષણોએ મારા મન ઉપર ફરીથી છાપ પાડી. આ માણસ ઢોંગી કે બનાવટી નથી લાગતો મેં મારા મનમાં નક્કી કર્યું.

"જરૂર. જો હું મદદ કરી શકીશ તો જરૂર કરીશ. કહો તમારે શાની મદદની જરૂર છે?" હું તેની સામે જોઇ રહ્યો.

"સાહેબ, હું બરબાદ થઇ ગયો છું. મારી દીકરી મુસલમાનને લઇને નાસી ગઇ છે, મારે મારી દીકરી પાછી મેળવવી છે. હું કોઈને વાત કરૂં છું તો લોકો મને ગાંડો ગણી હસી કાઢે છે, હું ગાંડો નથી મારા ઉપર ભગવાન રૂઠ્યો છે. ચારેછેડેથી મારા ઉપર દુઃખ બસ દુઃખ જ વરસી રહ્યું છે. એક વખત એવો હતો, જ્યારે હું સારો માણસ ગણાતો, લોકો મારી સલાહ લેતાં, ઘણાંને મેં મદદ કરી છે, આજે સંજોગોએ મને બહાવરો કરી મુકયો છે, જ્યાં નજર કરૂં છુ ત્યાં સામેવાળો નજર સંકોરી લ્યે છે. જાણે મને ઓળખતો નથી. સાહેબ," એ ઘડીભર અટકયો, ઉંડો નિશ્વાસ નાખી મારી સામે ઘડીભર જોઇ રહ્યો.

"તમે પોલીસને ફરિયાદ કેમ કરતા નથી?" પ્રાથમિક વાત મને સુઝી, ને જલદીથી કહી નાખી.

"ફરિયાદ" તેણે મારી સામે જોયું, "ફરિયાદ તો કરી, ફરિયાદ કર્યે શું વળે? ફરિયાદ સાંભળે છે કોણ?"

"એમ?" મને અજાયબી થઈ આવી "પોલીસ શું, છેક સુધી ફરિયાદ કરી; પરન્તુ હું કેસ હારી ગયો, મારી દીકરીએ જુબાની આપી કે તે રાજીખુશીથી પરણી છે. કાયદાએ તેની વાત માની, મારી દીકરી ઉંમર લાયક છે, તેની મરજી પ્રમાણે કરવાની તેને છૂટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એમ નક્કી કર્યું, અને હું બાજી હારી ગયો. અને સાથે મારૂં જીવન હારી ગયો. કાયદો મારે ગળેથી મારી દીકરીને ઝુંટવી ગયો.' ઘડીભર તેણે શ્વાસ ખાધો: 'આવો તે કાયદો હોય ! માબાપની મરજી વિરુદ્ધ જેની આંખની કીકીસમા બાળકો તેની પાસેથી ઝુંટવી લ્યે. દુનિયામાંથી ભગવાન ભાગી છૂટયો છે. નહિતર આવું બને ખરું ?' તેની આંખમાં આંસું ભરાઇ આવ્યાં.

વાત સાંભળીને ઘડીભર હું અવાચક બની ગયો. શું બોલવું ? મારા મનમાં અનેક ખ્યાલ ઉત્પન્ન થયા. વાત તો સ્પષ્ટ હતી. આ માણસની દીકરી એક મુસલમાનને પરણી ગઈ હતી. લગ્ન દીકરીએ સ્વેચ્છાથી કર્યાં હતાં એટલું જ નહિ પરંતુ રાજીખુશીથી સંપૂર્ણ સમજદારી પૂર્વક કર્યાં હતાં. કારણ કે જે માબાપે તેને જન્મ આપ્યો હતો તેની વિરુદ્ધ ભર કોર્ટમાં હજારો માણસોની રૂબરૂમાં બાપની વિરુદ્ધ અને પ્રેમીની તરફેણમાં એકરાર પણ કર્યો હતો, છતાં આ માણસનાં દિલમાં થયેલ આઘાતનું શું ? મારા મનમાં અનેક વિચારવમળો ઊભા થવા માંડયા.

'હશે. જે થવાનું હતું તે થઈ ગયું પ્રભુ જે કરે છે તે સારા માટે કરે છે. આ વાત હવે તમે મનમાંથી કાઢી નાંખો.' માણસની પાસે જ્યારે કોઈ પણ ઉપાય ન હોય ત્યારે જેવું બોલે તેવું હું બોલી ઉઠયો. બોલતી વખતે મને થયું કે આવા શબ્દો દુઃખી માણસને આશ્વાસન આપે તેવાં નથી જ, છતાં બીજું બોલવું પણ શું ?!

'કેમ ભૂલી જાઉં ? હું બરબાદ થઇ ગયો. ત્રણ વરસથી પગ વાળીને બેઠો નથી. ધરાઈને ધાન ખાધું નથી, એક દીકરીનાં પાપે મારૂં આખું કુટુમ્બ છિન્નભિન્ન થઇ ગયું. પત્ની સમાજને મોઢું ન દેખાડી શકી. રડી રડીને મરી ગઇ. નાના બાળકો મા અને બાપનું લાલનપાલન ખોઇ બેઠાં. રડી રખડીને મોટાં થાય છે. કોણ ક્યાં છે તેની જ મને ખબર નથી. મારી દીકરી પાછી ન મળે ત્યાંસુધી હું ઝંપીશ નહિં.' તેનું મોઢું લાલચોળ થઇ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમારા તરફ મને ખરેખર દયા આવે છે પરન્તુ હવે શું થાય ? વાત ઘણી જૂની થઈ ગઇ. મારૂં માનો તો આ બધી ઉપાધિ છોડી બાકીનાં બાળકોની સંભાળ લ્યો, તેમનું જીવન સુધારો.' મને ઘણી જ લાગણી થઇ આવી.

'બાળકો ! સંતાનો !' તે જોરથી બોલી ઉઠયો અને ખડખડાટ હસી પડયો : તેના હાસ્યના પડઘા ગાડીમાં બેઠેલ અને નવા આવી રહેલ મુસાફરો ઉપર અને પ્લેટફોર્મ ઉપર ફરી રહેલ બીજા અનેકના કાન સુધી પહોંચ્યા અને સર્વની નજર અમારા ઉપર પડી. પેલો જોરથી હસી રહ્યો હતો. અને ન સમજાય તેવી લાગણીથી હું તેના તરફ ટાંપી રહ્યો હતો.

'આ લપ તમને કયાંથી વળગી સાહેબ !' એક ટિકિટચેકર જેવા લાગતા માણસે મારી પાસે આવી લગભગ મારા કાનમાં કહેતો હોય તેમ કહ્યું.

'કેમ ?' મેં તેની સામે જોયું, જાણે કે તે શું કહે છે તે હું સમજી શકયો નહિં.

'ફરી ગયું છે. આખા રસ્તામાં હેરાનગતિ થશે ઘણા વખતથી હું આ માણસને આવી રીતે મુસાફરો સાથે વાતો કરતાં જોઉં છું. કેટલાક તેને ધુત્કારીને કાઢી મૂકે છે. કેટલાક તેને સાંભળવા ઇચ્છા દર્શાવે છે. થોડુંક સાંભળ્યું એટલે બસ લપ ચાલુ થઇ. હંમેશાં તેની પાસે રેલવેની ટિકિટ હોય છે. જો કોઇ મુસાફર સાંભળનાર મળે તો તેની સાથે બેસી જાય છે. પોતાની વાત સંભળાવ્યા કરે છે, ઘડીક જોરથી હસે છે, ઘડીક જોરથી રડી પડે છે. હંમેશાં જવાવાળા મુસાફરો તેને ઓળખે છે, એટલે તેની પાસે તે જતો નથી. મોટે ભાગે કોઇ અજાણ્યા મુસાફરની શોધમાં હોય છે. સામો કોઇ મળી ગયો એટલે બસ.'

'એમ !' ટિકિટ ચેકરની વાત સાંભળી મારા મનને આશ્ચર્ય થયું.

"મારૂં માનો તો જગ્યા બદલી નાખો, સાહેબ." પોતાની સુફિયાણી સલાહ આપીને ટિકિટચેકર પોતાને કામે ચાલી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ પેલા ડોસા' બહાર સારૂં ટોળું જમા થઇ ગયું હતું. તેમાંના એકે કહ્યું 'ચક્કર ખસી ગયું છે' તેણે બીજાની સામે આંખ મારી.

મને લાગ્યું, પરિસ્થિતિ ખરાબ થતી જાય છે. મારે કંઇક કરવું જોઇએ નહિતર આ લોકો આ વૃદ્ધ માણસને નાહક રંજાડશે.

'ચાલ્યા જાવ. કંઇ નથી. શા માટે ટોળે વળ્યાં છો?' મેં બહાર ઉભેલાં ટોળાને ઉદ્દેશીને કહ્યું.

કોઇએ ખાસ જવાબ આપ્યો નહિ, પરંતુ ટોળામાંથી બેચાર માણસો જોરથી હસી પડયા અને મારી સામે અમુક જાતના ચાળા કરવા લાગ્યા.

મને થયું, વધુ બોલીશ તો નકામી તકરાર વધી પડશે, ભલે ઊભા રહ્યા, ગાડી ઊપડવાને હવે બહુ વાર ન હતી.

'હયો તમારી દીકરી આવી છે' એક નાનકડા કિશોરે બોલીને સ્ત્રીની ઢબથી ચાલવાના ચાળા કરી દેખાડયા.

મેં પેલા વૃદ્ધ પુરૂષ તરફ નજર કરી. મને થયું, આપણા ટોળાઓ કયારે સુધરશે? શા માટે સભ્યતા અને માનવતા છોડી આવા દુખિયાઓને સતાવતા હશે? તેનાં મોઢા ઉપર પારાવાર વ્યગ્રતા દેખાતી હતી. મને થયું ટોળાનું વર્તન તેનાથી સહન થતું નથી. મને અનેક વિચારો થઇ આવ્યા નીચે ઊતરી ટોળામાનાં એકાદને તમાચો ચોડી કાઢું એવી ઇચ્છા પણ થઇ આવી; પરન્તું હું હજુ કાંઇપણ અમલમાં મુકું તે પહેલાં તો તે વૃદ્ધ માણસ ઝડપથી ઉઠયો અને મત્યુને ફટકે કોઇ મારતું હોય તે વખત માણસ જેવી રીતે બૂમ મારી ઊઠે એમ જોરથી બૂમ પાડી ઊઠયો.

'જુઓ, મારી દીકરીને લઇ જાય છે, પકડો, પકડો,' અને બૂમ મારીને જેટલી ઝડપથી ભાગી શકાય તેટલી ઝડપથી, તેણે ડબ્બામાંથી બહાર નીકળી પ્લેટફોર્મ ઉપર દોડવાં માંડયું. આખું ટોળું તેની પાછળ થયું. મને દૂર ને દૂર જતી તેની ચીસો સંભળાતી રહી, શું થયું તે હું કળી શકયો નહિ. એકાએક આવો વેગ તેનાં મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાંથી ભરાઈ આવ્યો? આંખો ચોળીને ઉઘાડી. મારી સામે એક યુવતી ઊભી હતી, તેની સાથે એક યુવક હતો, તેઓ હમણાં જ દાખલ થયાં હતાં.

'આપ એમને ઓળખો છો?' યુવતીએ મને પ્રશ્ન કર્યો.

'કોને' હું સમજી શક્યો નહિ.

'એમને, એ દોડી ગયા તેમને.' તેણે આંગળી ચીંધી પેલા વૃદ્ધ પુરુષની પાછળ ઈશારત કરી.

'એ મારા પિતાશ્રી છે. ત્રણ વરસથી, મારા લગ્ન પછી તુર્ત જ, પાગલ થઇ ગયા છે. એમણે ઘણા ઉપાયો કર્યા પરંતુ વાત ઠેકાણે આવતી નથી. અને તેઓ આમ ને આમ ભટક્યા કરે છે.'

મેં બન્ને તરફ બારીકાઇથી નિહાળ્યું. બન્ને સશક્ત હતાં, કપડાં અને દેખાવ સુખી હોય તેવો ખ્યાલ આપતાં હતાં.

હું કશું બોલ્યો નહિ, એકાદ ક્ષણ પસાર થઇ અને ગાડી ઊપડી. મેં બારીમાંથી નજર કરી. પેલો વૃદ્ધ પુરુષ પ્લેટફોર્મ ઉપર હજુ પણ ચીસો પાડતો દોડી રહ્યો હતો, અને ટોળું હજી પણ તેની પાછળ જઇ રહ્યું હતું.

ક્યાં સુધી હું આમ ને આમ બેસી રહ્યો તેનો મને ખ્યાલ રહ્યો નહિ. દૂર ને દૂર જતી ગાડી ગીરીમાળાઓની હાર વચ્ચે થઈને ઝડપભેર માર્ગ કાપી રહી હતી. અને આઘેરા ડુંગરાની પાછળ સૂર્ય ક્ષિતિજની કોરમાં થોડોક દેખાતો હતો. હમણાં અંધકાર થઇ જશે. મેં ગાડીમાં ડોકું લઇ લીધું. મારી સામેની સીટ ઉપર પેલાં યુવક અને યુવતી વાતમાં મશગૂલ હતાં. કોણ જાણે કેમ પણ મને ગાડીનાં અવાજમાંથી હજી પેલા વૃદ્ધજનની ચીસના પડઘા આવતા હતા: 'બચાવો, મારી દીકરીને લઇ જાય છે!'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારાં છોરુડાં મને પાછાં આપો !

'તમારૂં નામ કહો' ગુનેગારના પિંજરામાં ઉભેલા મધ્યમ વર્ગની સ્ત્રીને તાજનો વકીલ પૂછી રહ્યો હતો.

આખી કોર્ટ ચિક્કાર ભરાઇ ગઇ હતી. એકાદ ખૂણામાં ઊભા રહેવાની જગ્યા મેળવવી પણ કઠણ હતી. ખૂબ ચકચાર જગાડનાર રાધા કેસની આજ સુનાવણી હતી શહેરના મુખ્ય ન્યાયધીશની કોર્ટમાં કેસ ચાલતો હતો.

'તમારૂં નામ કહો બાઇ, કોર્ટનો સમય બગાડો નહિ,' ફરીથી તાજના વકીલે સવાલ કર્યો.

બાઈ રડતી બંધ થતી ન હતી. લાજના ઘુમટામાં તેણે પોતાનું મુખ છુપાવ્યું હતું. અરધી કલાકથી તાજનો વકીલ સવાલો પુછી રહ્યો હતો. એકનો પણ જવાબ બાઇએ આપ્યો ન હતો સવાલોની પરંપરા ચાલુ હતી.

'બહેન, નામ કહેવું પડશે અને સાચું જે હોય તે કહી નાખો. કાયદો બધાને રક્ષણ આપશે,' છેવટે ન્યાયાધીશ વચ્ચે પડયા. અને બાઇને બોલવા આગ્રહ કર્યો.

'રાધા.' ડુસકા બંધ કરીને બાઈ પહેલી વખત બોલી.

પુરૂં નામ જોઇએ.' વકીલે સ્પષ્ટતા કરી.

'રાધા મનમોહન ગુંસાઇ' બાઇ બોલી ગઇ. અને સ્વસ્થ થઈ હોય તેમ સર્વને લાગ્યું આખી કોર્ટ સાંભળવા શાન્ત થઇ ગઇ 'તમે જે પુછશો. તે બધું કહીશ મને મારા છોકરાં પાછા આપો,' બાઈ જોરથી બોલી અને રડી પડી.

'છોકરાં તો હમણાં પાછા નહિ મળે. તારા ઉપર આરોપ છે તે આરોપ ખોટો છે એમ લાગ્યા પછી છોકરાં તને પાછા મળશે.' ન્યાયાધીશે ખુલાસો કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મને મારી નાખો, ફાંસીએ ચડાવો જે કરવું હોય તે કરો. મારા નાના નવ મહીનાના છોકરાને મારી છાતીએથી છુટું પાડો મા. પોષણ વગર તે મરી જશે. 'મા' 'મા' કરીને તેનું ગળું સુકાતું હશે મારૂં બાળક મને પાછું આપો.' બાઇ કાલાવાલા કરવા લાગી.

'બાઈ, તારે અમારૂં કામ આગળ ચાલવા દેવું છે કે કોર્ટ બંધ કરૂં ?' ન્યાયાધીશ જરા કડક બન્યા.

'ઠીક બાપા' મારો વખત જ ખરાબ છે નહિંતર તમ જેવા ભલાં માણસ ઊઠીને દીકરાને માથી વિખુટો પાડો ? પુછો બાપા, તમે જે પુછશો તે કહીશ.'

'તેં તારા બાળકને ઝેર આપવા પ્રયત્ન કર્યો હતો ?' તાજના વકીલે સવાલ આગળ ચલાવ્યો.

'હા' આખી કોર્ટ બાઇનો જવાબ સાંભળીને શાંત થઈ ગઈ.

'અરે રે ! શું વખત આવ્યો છે.' 'શરમ શરમ' 'ધિક્કાર' ચારે તરફ ઝીણો કચવાટ ફરી વળ્યો.

'શાંતિ શાંતિ' ન્યાયાધીશે ટેબલ ઉપર હથોડી પછાડી.

'બધાય બાળકોને ઝેર આપવાનો ત્હારો ઇરાદો હતો ?' વકીલે બીજો સવાલ પુછયો.

'હા' બાઈના મુખમાંથી ફરીથી 'હા' નીકળ્યું.

'કારણ ? ન્યાયાધીશ બાઇની જવાબ આપવાની દૃઢતા સમજી શકયા નહિ. તેમની ધીરજ ખુટી પડી.

'કારણ ? કારણ ખુલ્લું છે, નામદાર આ બાઈ સારી ચાલચલગતની નથી. તેને કુમાર્ગે જવું છે. એ માર્ગમાં તેને છોકરા અંતરાયરૂપ થતાં હશે એટલે રસ્તો ચોખ્ખો કરી નાખવા માટે બાઇએ આ રસ્તો પસંદ કર્યો છે.' તાજનો વકીલ જોરથી બરાડી રહ્યો.

'મારે બાઈ પાસેથી ખુલાસો જોઇએ છે. બોલો બાઇ શા માટે તમે તમારાં બાળકોને ઝેર આપવા માંગતાં હતાં ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જી' બાઇએ પોતાના મુખ ઉપરથી લાજ જરા દુર કરી મોઢું ખુલ્લુ કર્યું 'મને ખબર નથી.' તેણે જવાબ આપ્યો.

આખી કોર્ટે બાઈના ખુલ્લા થયેલ મોઢાને જોવા માટે ધક્કામુક્કી કરી મુકી, આવુ ગરવું મોઢું, આવું રૂપાળું મોઢું બાળહત્યા કરી શકે? સર્વના મનમાં લગભગ એક સરખો સવાલ ઉભો થયો.

'બાઇ તમે સાચું કહો. આવા જવાબ આપવાથી નહિ ચાલે. કોર્ટમાં જુઠું ન બોલાય.' ન્યાયાધીશે વધુ ચોખવટ કરવા તે બાઇને તાકીદ કરી.

'હું સાચું જ કહું છું. મેં મારા બાળકોને ઝેર આપવા માટે પ્રયત્ન કર્યો છે.'

'તે હું સમજ્યો. પરન્તુ તમારે ઝેર આપવાની જરૂર કેમ ઊભી થઇ તે હુ જાણવા માગું છું.'

'સાચુ કહું? પણ સાચું કહું છું તો કોઈ સાંભળતું નથી, અને બધાં આ ભાઈ હમણા બોલ્યાં તેમજ કહે છે.' બાઇએ તાર્જના વકીલ તરફ આગળી ચીંધી.

'નહિ, તમને સંપૂર્ણ ન્યાય મળશે.' ન્યાયાધીશે હકીકત જાણવા માટે પૂરતી ખાતરી આપી

'સાચું માનશો?' બાઇએ રહીસહી લાજ દૂર કરી, અને ન્યાયાધીશ સામે જોયું.

'તમારી હકીકત કહો. બાઈ, કાયદામાં દરેક વ્યવસ્થા છે.' ન્યાયાધીશે મોઘમ જવાબ આપ્યો.

'બે' વર્ષથી મ્હારા પતિ બીમાર છે, ક્ષયની ભયંકર બીમારી તેમને ઘેરી વળી છે. બે વર્ષથી અમારા ઉપર ભગવાન રુઠયો છે. માંદાની ચાકરી કુટુમ્બતું પોષણ, હું માંડ માંડ ચલાવું છે,' બાઇ ઘડીભર અટકી, કોર્ટમાં સાંભળનારા બધાં શાન્ત બનીને બાઇને સાંભળતાં હતાં: 'છેલ્લા બે મહિનાથી ઘરમાં કાંઇ નથી. આઠ દિવસથી લગભગ કડાકા કરીએ છીએ. ભૂખતું દુઃખ બહુ વસમું છે, જેને પડે તેને સમજાય.' બાઇએ બધાં ઉપર એક કાતિલ નજર ફેંકી.

સં. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાહેબ, બાઇ ખોટી રીતે બધાંની લાગણી ઉશ્કેરી રહી છે, તેની એક પણ વાત માનવા જેવી નથી.' તાજનો વકીલ બાઇને બોલતી અટકાવીને વચ્ચે કૂદી પડયો.

'તમે બાઇના કહેવાની નોંધ લઇ શકો છો.' ન્યાયાધીશે તાજના વકીલને બોલતો અટકાવ્યો. 'કહો બાઇ આગળ કહો, પછી શું થયું ?'

'નામદાર, આવો સારો કેસ અને પોલીસે કરેલો અગાધ શ્રમ, આપ બાઇને વધુ કહેવા દેશો તો કદાચ ભયમાં મુકાઈ જશે.' તાજના વકીલે કહ્યું.

'બાઇ, કહો આગળ કહો.' ન્યાયાધીશે બાઇની સામે જોયું.

'મેં ભગવાનને પ્રાર્થનાઓ કરી, વ્રત કર્યાં, અનેક માણસોની સામે જોયું, કોઇ મારૂં દુ:ખ સમજે અને ઓછું કરે. પરંતુ કોઇને મારૂં દુ:ખ સમજાયું નહિ અથવા તો બધાંના દુ:ખ એટલાં બધાં વધી ગયાં છે કે કોઇનાં દુ:ખમાં માથું મારવાની કોઇને ફુરસદ નથી. કોઇએ મારી સામે જોયું નહિં, છેવટે પરિસ્થિતિ એવી ઉભી થઇ કે મારે કંઈક નક્કી કરવું જોઇએ. માંદા પતિને જિવાડવો હોય તો, તેને પૂરૂં પોષણ આપવું હોય તો, ઘરમાંથી થોડાં માણસો અને ખર્ચ ઘટાડવું રહ્યું. એક રાતે મેં ઊંઘ વિના પથારીમાં આળોટયા કર્યું, અને મનમાં કંઇક નિશ્ચય કર્યો.

'ધણી અને બાળકો એ બેની વચ્ચે મેં ધણીને જિવાડવાનું નક્કી કર્યું, અને બાળકોને વગરવાંકે ભૂખનો અને છત્ર વગરનાં રાખવાનો દંડ કરવાને બદલે આ ફાની દુનિયાનો ત્યાગ કરીને કોઈ બીજી સારી જગ્યાએ, બીજા સારા મા-બાપના આશ્રયે, જે માબાપ, તેમને દૂધ આપી શકે, ખાવાનું આપી શકે, વસ્ત્ર આપી શકે એવાને ત્યાં જન્મવાની તક આપવા માટે મેં એક આખો રૂપિયો ખર્ચીને દૂધ અને ઝેર આણ્યાં, અને રાત્રે દૂધમાં ઝેર મેળવી બાળકોને દૂધ પાવાની લાલચે, બધું પાઇ દેવાનો નિશ્ચય કર્યો.' છેલ્લા શબ્દો બોલતાં બોલતાં બાઇ રડી પડી, તેના આક્રંદથી આખી કોર્ટનું વાતાવરણ ઘડીભર ગમગીન બની ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાહેબ, મારા નામદાર, અમારો આખો કેસ ચૂંથાતો જાય છે, આપ નામદાર અહીં કોર્ટમાં કેસ સાંભળવા બેઠા છો, ન્યાયની દ્રષ્ટિએ તુલના કરવા બેઠા છો, કાયદાની સામે લાગણીને સ્થાન આપવું ન જોઈએ.' તાજનો વકીલ કેસના ગુણદોષમાં જ ધ્યાન પરોવીને બેઠો હતો. બાઇના લાગણીવેડા અને બધાની ખેંચી રહેલી વૃત્તિઓથી તેમને ગમ્યું નહિ.

'બોલો બાઇ, પછી શું થયું?' ન્યાયાધીશે તાજના વકીલના શબ્દો જાણે કે સાંભળ્યાં જ નહિ.

'દૂધમાં ઝેર તો ભેળવ્યું, પરંતુ પાવું કઈ રીતે? ઝેરની મેળવણી કરી ત્યાં સુધી તો છાતી કઠણ રાખી પરંતુ પછી ધીરજ રહી નહિ. બાળકો દૂધ જોઈને થનગની ઊઠયાં, કયારે દૂધ મળે અને કયારે પીવે, મારા મનમાં ભયંકર દ્વંદ્વ ઉભૂં થયું. ઊંડા વિચારમાં હું ગરકાવ થઇ ગઇ. પાપ કરવાની વૃત્તિ મેં મારા મનમાં જન્માવી તો ખરી પરન્તુ અટકી ઊઠી. મારા ધણીને કોણ જાણે કયાંથી ખબર પડી ગઇ. તેઓ લથડતે પગે પથારીમાંથી ઉઠીને કયારે બહાર ગયા તેની મને ખબર નથી. પાડોશીના કોઇ છોકરાને બોલાવી તેણે પોલીસને બોલાવી. અને હું કંઇ પણ નિર્ણય કરું, દૂધ ઢોળી નાખું તે પહેલા, પોલીસના શબ્દોમાં કહું તો મુદ્દામાલ સાથે હું પકડાઇ. મારા છોકરાને મારી પાસેથી છૂટવી લેવામાં આવ્યા, અને મને પકડીને મારા ઘરમાંથી જયારે લઇ જવામાં આવતી હતી ત્યારે ખાંસીથી ભર્યા અવાજે મારા પતિ મને ગાળો ભાંડી રહ્યા હતા, તે હું જતાં જતાં સાંભળી શકી.' બાઇ શાન્ત બનીને નત મસ્તકે ઊભી રહી.

'સાહેબ, આ બધું બનાવટી છે. તર્કટ છે, ખોટું છે બાઈના ધણીને જ્યારે હું સાક્ષીના પિંજરામાં ખડો કરીશ ત્યારે આપને સાચી હકીકત સમજાશે. બાઈ બદચાલની છે. ધણીને અને છોકરાંઓને મારી નાખીને તે નાસી જવા માગતી હતી' તાજનો વકીલ ફરીથી ઊભો થયો અને બોલવા લાગ્યો.

'બાઇનો ધણી હવે સાક્ષી આપી શકે તેવી સ્થિતિમાં નથી, હમણાં જ ખબર મળ્યાં છે કે તેણે આ ફાની દુનિયા હમણાં જ છોડી દીધી છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી ક્ષણો વીતી ગઇ. ન્યાયાધીશ કશું બોલ્યા નહિ, બાઇની સામે જોઇ રહ્યા. તાજના સાક્ષીઓની લાગેલી કતાર સામે જોઇ રહ્યા. તાજના વકીલની સામે જોઇ રહ્યા, આંખો બંધ કરીને ઘડી વાર બેસી રહ્યા તેમને થયું. આ બધું ન્યાયનું નાટક પોતે કરી રહ્યા છે તે વ્યાજબી છે? દુનિયા એટલી બધી પામર બની ગઇ છે, કે જ્યાં પતિવ્રતા સ્ત્રીઓ, ધર્મ અને આબરૂ રક્ષા કરતી નારીઓની જાહેર બદનક્ષીઓ થઇ શકે છે, માત્ર પોતાનો મત સાચો છે, એટલા માટે, ગમે તેમ બોલીને કોઇને પણ ગમે તે શિક્ષા કરી ગુનેગાર ઠરાવી શકાય છે. તેમણે ફરીથી એક વખત એક સમગ્ર નજર ફેરવી, મનમાં કંઇક નક્કી કર્યું; કાગળ ઉપર કંઇક લખ્યું, અને પોતાની પાસે બેઠેલાં શિરસ્તેદારને આજ્ઞા કરી, 'વાંચો !'

શિરસ્તેદારે વાંચવા માંડ્યું.

'હું આ કોર્ટનો ન્યાયાધીશ, શહેરની ન્યાયની રક્ષાનો રક્ષક, આજથી આ હોદ્દાનો ત્યાગ કરૂં છું; કારણ કે હું માનું છું કે ન્યાયને નામે નાટકો કરવાને બદલે બીજી કોઈ પણ ઉપયોગી પ્રવૃત્તિમાં સેવા આપવી વધુ યોગ્ય થઇ પડશે. પરન્તુ એ સ્થાનનો ત્યાગ કરતાં પહેલાં મારી છેવટની આજ્ઞા એ છે કે સદરહુ કેસમાં સંડોવાયેલી બાઈ રાધાને હું મુક્ત કરૂં છું. તે સંપૂર્ણ નિર્દોષ છે તેમ માનું છું અને જલદીમાં જલદીથી તેનાં છોકરાં તેને હવાલે કરવાની હું આજ્ઞા કરૂં છું. તાજના વકીલના જુઠ્ઠાં ભાષણો માટે હું ખૂબજ અણગમો બતાવું છું અને આવા કાયદાનો જડ અર્થ કરનારાઓને જેમ બને તેમ જલદી રૂખસદ આપવી જોઈએ તેમ હું માનું છું.'

શિરસ્તેદાર વાંચવાનું પૂરૂં કરી રહ્યા, ન્યાયાધીશ પોતાનાં આસન ઉપરથી ઉઠ્યા, પિંજરામાં ઊભેલી બાઇને તેણે પ્રણામ કર્યા, અને ભરચક કોર્ટ ઉપર એક નજર કરીને પોતાની ચેમ્બરમાં ચાલ્યા ગયા.

શહેરમાં હોહા થઇ ગઇ. તાજના વકીલે સરકાર પાસે વાતો મૂકી. ન્યાયાધીશ ગાંડા બની ગયા છે એમ છેવટે નક્કી થયું અને છોડી મૂકેલી વિધવા બનેલી રાધાને ફરીથી પકડવામાં આવી. ફરીથી એકવાર તેનાં બાળકો તેની પાસેથી ઝૂંટવી લેવાયાં.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૭—

સીતાને તોરણ રામ પધાર્યા

"સીતાને તોરણ રામ પધાર્યા લેને પનોતી પહેલું પોંખણું;"

ભાતીગળ ચુંદડીને માથે ફટકીયા મોતી ચોડેલો મોડીયો મૂકીને માણેક ભાભી ત્રીજી દીકરીના વરને પોંખી રહ્યા હતા. તેની પાછળ દસ પંદર સ્ત્રીઓ પોતાની ઉપર ગીત ગાયાની કોઇકે વેઠ નાંખી હોય તેમ સંગીતના દરેક નિયમની વિરૂદ્ધ કર્કશ લાગે તેવા રાગથી ગાઈ રહી હતી.

"સીતાને તોરણ રામ પધાર્યા લેને પનોતી પહેલુ પોંખણું".

સ્ત્રીઓનાં ટોળાની પાછળ ઉભેલાં કંચનલાલ શાસ્ત્રી, માણેક ભાભીનાં પતિ અને કન્યા, સુકન્યાનાં પિતા, ગીત સાંભળતા અને જે દ્રષ્ય ભજવાઈ રહ્યું હતું, તે જોતાં ઉભાં હતાં. આવી પળો માણસના મનમાં ઘણી વખત અનેક વિચારો જન્માવે છે. ગીતનાં સૂરોનું તો ખાસ આકર્ષણ થાય તેવું ન હતું, છતાં ગીતના અર્થનો પડઘો તેમનાં મનમાં પડ્યો.

"સીતાને તોરણ રામ પધાર્યા"

રામ અને સીતા આપણાં આદર્શ દંપતી. કોણે આ ગીત રચ્યું હશે? તેમનાં મનમાં પ્રશ્ન ઉત્પન્ન થયો. આપણે આ ગીત ગાઈ શકીયે એવી સ્થિતિ રહી છે?

કંચનલાલ શાસ્ત્રી ખુબ જ સંસ્કારસંપન્ન આદર્શ બ્રાહ્મણ હતાં. ઘણા વર્ષથી તેમણે વિદ્યા અને સાદાઇને લીધે નામના મેળવી હતી.

ગીત આગળ વધતું હતું, સાથે લગ્નની વિધિ પણ આગળ વધતી હતી, કન્યા સુકન્યા આવીને કપાળઢાંકી લાજ કાઢીને માબાપે નક્કી કરેલ કોઇ અજાણ્યાનો અંગુઠો દૂધે ધોઈને કુમકુમ અક્ષતથી વધાવવા અને જીંદગીભર એ અજાણ્યાની દાસી બનીને પત્ની બનવા નીચી નમી.

શાસ્ત્રીની વિચારમાળા આગળ વધી. આ સાચું છે? તેની આંખ આગળ આવા અનેક લગ્નોનાં ચિતાર ખડાં થયાં. ગીત ગાતી સ્ત્રીઓનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોળામાં હભેલી પોતાની બે પરણી ચૂકેલી દિકરીઓ ઉપર તેમની નજર પડી, બંનેનાં મોઢાં ઉપર ઉલ્લાસ દેખાયો નહિં, જુવાનીનો ઉલ્લાસ, તરવરાટ, ચાંચલ્ય પણ તેમને અદશ્ય થઇ ગયેલાં લાગ્યાં, આમ કેમ ? પરણી ગયેલી બન્ને દીકરીઓના લગ્નઉત્સવો તેમને યાદ આવ્યાં. આજ વાડી, આજ 'સાજન માજન' આજ સમય અને આજ ગીત, ગીતની અને પોતાની ભાવના કેમ ન ફળી ?

વિધિ આગળ વધતો હતો સુકન્યા હમણાં પત્નીપદની પ્રાપ્તિનું પ્રથમ કર્તવ્ય કરીને પાછી ફરતી હતી તે પિતાશ્રી પાસેથી નીકળી. બાપ અને દીકરીએ એકબીજાની સામે જોયું. બાપને થયું દીકરીની આંખમાંથી કંઈક ટપકતું હતું દિકરી જાણે કે અબોલ વાણીમાં કંઇ પૂછી રહી હતી 'તે ખરેખર રામને પરણે છે ?'

દીકરી તો ગઈ. બાપના મનમાં ગુંચળા વળવા માંડયાં. આજે તેને આમ કેમ થાય છે ? ફરીથી તેણે વરરાજાને નિહાળ્યો. પોતાની પત્ની વરરાજાનાં વધામણાં કરી રહી હતી. ગીત ગાઈ રહેલી નારીઓ પાછી ફરી રહી હતી. 'કયાંથી ગોતી કાઢયો છે. આ બબુચકને ?' શાસ્ત્રીની પીઠ પાછળ લગ્ન મ્હાણવા આવેલા બે મહેમાનો વાત કરી રહ્યા હતા. 'શું કરે ? કન્યા મોટી થાય એટલે માબાપ મુંઝાઇ જાય, 'જે મળે તે સોનાનો' મહેમાનનાં સવાલનાં જવાબમાં બીજાએ કહ્યું.

'કયાં સુકન્યા અને કયાં આ ? કાગડો દહિંથરૂં લઈ ગયો' પહેલાએ અણગમો વ્યકત કર્યો.

'આજ જગતમાં આમ જ બની રહ્યું છે. શાસ્ત્રી બિચારા શું કરે ? ગુણ, જ્ઞાન, સંસ્કાર, આ બધાનો વિચાર કરીએ તો તેમનો અને સુકન્યાનો જોટો જડવો મુશ્કેલ છે.' પરન્તુ વાકય પુરૂં કર્યા સિવાય તે અટકયો.

'શું પરન્તુ ? કેમ પુરૂ કર્યું નહિ' પહેલાની ધીરજ રહી નહિ; 'અત્યારે જગતમાં આવી કોઈ ગણના થતી નથી, અત્યારે તો પૈસાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિસાબ મંડાય છે. આ બાબતમાં શાસ્ત્રી હારી ગયા. બહુ ભણેલા છોકરાઓ, પામતા પોંચતાના ફરજંદો, અને ભણી રહેલા, વિદ્યાના જોરથી, પૈસાવાળા પોતાની દીકરી આપશે એવી આશા સેવી રહેલાં પાસે શાસ્ત્રીની વિદ્યા અને કન્યાની લાયકાતની કંઈ કિંમત થઈ નહિ.'

'લગ્નમાં પણ પૈસા ? શું વખત આવ્યો છે ? ખરૂં કહું છું, જગતમાં હવે કોઇ ગણના નથી, બધી વાતમાં સૌથી પહેલાં ધનની જ ગણતરી થાય છે. ઈશ્વરને ગમ્યું તે ખરૂં,' ઉંડો નિસાસો નાખીને તેઓ બાજુમાંથી જઇ રહેલા વરરાજાની પાછળ મંડપમાં દાખલ થઇ ગયાં.

માત્ર શાસ્ત્રીનાં પગ ખોડાઇ ગયાં. ચર્ચા તેમણે સાંભળી, આ સાચું છે ? પોતાની દીકરીને પૈસાના અભાવે અને અપમાનતામાં ધકેલી દીધી છે ? વરરાજા સુકન્યાને માટે લાયક નથી ? ફરજ બજાવવા ખાતર તેણે ક્રૌંચવધ કર્યો છે ?

'ચાલો કંચનલાલભાઇ ? તમારી જરૂર પડશે,' વિધવા ભાભીએ આવીને તંદ્રામાં પડી ગયેલા કંચનલાલને સાવધ કર્યા.

એક ઉંચા બાજોઠ ઉપર વરરાજા, પ્રયત્નપૂર્વક ટટ્ટાર બેઠો હતો. શાસ્ત્રી ઢસડાઇને આવતાં હોય તેમ મંડપમાં આવ્યાં.

'કયાં ગયાં માણેક બ્હેન !' ગોર મહારાજે બૂમ મારી, 'ચાલો વેળા વીતી જાય છે, અત્યારે શુભ મૂહુર્ત છે, પધારો' તેણે શાસ્ત્રીને બેસવા માટે પાટલો બતાવ્યો.

શાસ્ત્રીએ એક નજર કરી, લગ્નના ઉત્સવમાં ભાગ લેવાં આવેલાં બધાને જોવા પ્રયત્ન કર્યો. હમણાં જે ચર્ચા પોતે સાંભળીને આવ્યાં હતાં તેવું માનનારા આમાં કેટલાં હશે ? પાટલે બેસતાં પહેલાં તેમના પગ ઉપડતા ન હતાં, તેમનું મન જાણે કે ના પાડતું હતું, શું કરવું ? પોતે કેમ આવું કરી બેઠાં. પહેલાં બન્ને કહેતાં હતાં તે વાત સાચી જ હતી. તેમણે ઘણી જગ્યાએ પોતાની પુત્રી માટે કહેણ મોકલ્યું હતું, છતાં માત્ર પોતાની આર્થિક તંગીને લીધે જ તેઓ પાછા પડયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, પત્નીને તેમણે ઘણી વખત ના કહી ઘણી વખત ક્રોધ કર્યો. છતાં છેવટે તેઓ શરણે થયાં, અને બીજી બધી વસ્તુઓ પડતી મુકી માત્ર કન્યાકાળ સાચવી લીધો.

હજુ સમય છે, હજુ કયાં મગ-ચોખા ભળી ગયાં છે? દીકરી ને ગાય દોરે ત્યાં જાય, પોતાની ફરજ છે, શા માટે ન ગમતું કરવું જોઈએ? ગુંગળાટભરી નજરથી તેણે વરરાજા સામે જોયું, પત્ની કયારનાં આવીને પોતાના આસનની પાસેના આસન ઉપર બેસી ગયાં હતાં. પોતે આસન ઉપર પગ મુકયો. અને બેઠા.

'જય જય શાસ્ત્રીજી' વિદ્યાનાં બળથી જે જગતમાં તેઓ જાણીતા હતા તેવા પોતાનાં ભક્ત જેવા બેત્રણ ગૃહસ્થો લગ્નમાં ભાગ લેવા આવી પહોંચ્યા.

'જય જય આવો શેઠ' શાસ્ત્રીજીએ નમસ્કાર ઝીલ્યા.

વિધિ આગળ વધતો હતો, પૃથક પૃથક સંસ્કૃતના શ્લોકોનાં ઉચ્ચારણુની વચ્ચે ગોર મહારાજ 'અક્ષરનો સમયો, અને સાવધાન' એમ મોટેથી બોલતા હતા;

સ્ત્રીઓનાં ગીતો ચાલતાં હતાં, વચ્ચે વચ્ચે અટકી જતાં ત્યારે શાસ્ત્રીને કાને શબ્દો પડતાં હતાં.

'સોનામાં સુગંધ ભળી' શાસ્ત્રીના નશીબ મોટા છે, આજે ન્યાતમાં સારા છોકરા છે કયાં? ભલેને બહુ ભણ્યા નથી, પાટુ મારીને સાંજ પડે રૂપિયા પાંચ ઉભા કરે છે, ભણેલાં છોકરાં તો વેદિયા બની જાય છે. અત્યારે જગતને કામ કરી શકે તેવા માણસોની જરૂર છે.'

'અક્ષર સવાનો સમયો, કન્યા પધરાવો સાવધાન' ગોરનો બુલંદ નાદ ગર્જી રહ્યો.

'માણેક વહુ તું જા સુકન્યાને લઇ આવ' વિધવા ભાભી કન્યાદાન આપવા બેઠેલા દેરદેરાણીની પાસેજ બેઠાં હતાં તેમણે દેરાણીને સુચન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લી ઘડી આવી પહોંચી, હમણાં બધું સમાપ્ત થઇ જશે, 'સાવધાન' શાસ્ત્રીના મનમાં નાદ ઉઠયો, પોતે સાવધાન નથી, જે કરે છે તે માત્ર ધનથી ચાલતાં જગતમાં નિર્ધન હોવાથી અસહાય બનીને કરે છે.

'કેટલી વાર લાગશે હવે?' અક્કડ જેવા લાગતા, લાલચોળ મોઢાં-વાળા, દેખાવ પરથી ધનાઢય જેવા એક ગૃહસ્થે ગોરને પૂછયું. 'હજુ બીજા ત્રણ લગ્નમાં ભાગ લેવા જવું છે,' તેમણે વધારેમાં ઉમેર્યું.

'બસ હવે પંદર મિનિટ' ગોરે ખુલાસો કર્યો. 'મુખ્ય વિધિ તો પતી ગયો. હવે તો વરરાજાના હાથમાં કન્યાનો હાથ સોંપાય એટલે પરણેતર પુરૂં થયું,' ગોરે મુખ ઉપર હાસ્ય આણ્યું.

'જલ્દી કરો જમાનો ઝડપથી ગમન કરી રહ્યો છે,' તે ગૃહસ્થે ઉતાવળનું અર્થશાસ્ત્ર સમજાવ્યું.

'જો બહેન, આ સપ્તપદી. તારા જેવાં મોરના ઈંડાને ચિત્રામણની જરૂર નથી. છતાં મ્હારી ફરજ હું બજાવું. સમજ્યા ને વરરાજા?' ગોરે નવા જમાનામાં કેમ કામ લેવું જોઇએ તેની આવડત બતાવી.

સુકન્યા નત મસ્તકે સપ્તપદી સાંભળી રહી. વચ્ચે વચ્ચે પોતાનાં પતિ અને માબાપ સામે જોતી જતી હતી, જાણે કે કહેતી હતી, 'આપની આજ્ઞા મેં પાળી છે.'

'આ મારા તરફથી બહેનને ભેટ,' કાંઈ કે, પાંચ રૂપિયાથી માંડીને અક્કડ લાગતા શેઠ જેવાએ સો રૂપીઆની નોટ કાઢીને કન્યાનાં હાથમાં મુકી દીધી.

શાસ્ત્રી આ પ્રવાહમાં તણાવા લાગ્યાં, તેમને થયું પોતે ભૂલ કરી છે. સાંભળેલા કેટલાક વાકયો આવીને તેમના મનમાં રણકાર કરવા લાગ્યા, પોતે બાજી હારી ગયાં પોતાની દીકરીને સમયના પ્રવાહમાં ધકેલી દીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આશિર્વાદ આપો બાપુ. વરકન્યા તમને પગે લાગે છે.' સુકન્યાને પડખે બેઠેલી મોટી પુત્રીએ બાપુને જાગૃત કર્યા.

'બેટા. મારી દીકરી. હું તને આશિર્વાદ! હા! બેટા તારું મંગળ થજો, તેને પહેલી ગીતની લીટી યાદ આવી, 'રામ સીતા'ની જોડી બનજો,' શાસ્ત્રી ગળગળા થઇ ગયા, વિદાય વખતની નીકટતાને કારણે હશે એમ બધાનું માનવું હતુ; 'બહુ ઢીલા' સાડલાનાં છેડાથી આંખ લુંછી રહેલાં માણેક ભાભી ધણીની મદદે આવ્યાં. 'મોટીનાં લગ્ન વખતે પણ આમ જ ઢીલાં બની ગયેલાં.'

'સાચુ'' શાસ્ત્રી મનમાં બબડયાં, હજુ આવાં લગ્નો થશે ત્યારે પણ ઢીલો બની જઇશ.

વળી પાછા ગીત શરૂ થવાં અમે મોટાં 'તમે મોટાં' 'આ મળ્યું નહિ' 'તે મળ્યું નહિ' 'ચોરીમાં આ વિધિની ઉણપ હતી.' 'જમવામાં કાંઇ ઠર્યા નહિ.' આવી આવી અનેક ગડભાંજો ભરી રાત્રી પુરી થવા આવી.

પ્રભાતનાં પહોરમાં કંચનલાલ શાસ્ત્રીની ત્રીજી પુત્રી, સુકન્યા પિયરની છત્રછાયા છોડીને સંસારનાં બીજા આશ્રમ સંસારના મહાવૃક્ષની ડાળે બેસવા પગલાં માંડતી હતી.

વિજયી યોદ્ધાઓની અદાથી એક પક્ષે સ્ત્રીઓ ગાતી હતી, 'આજ લાખ ખરચીને લાડી લાવ્યો રે આનંદ ભર્યા, આજ ક્રોડ ખરચીને લાડી લાવ્યો રે આનંદ ભર્યા;' ગીત સાંભળતાં કંચનલાલ ભાડેની વાડી શણગારવા લાવેલા એક બાકડા ઉપર બેઠાં હતાં. ગીતના પડઘા કરતાં એમની મનોવ્યથાના પડઘા તેમનાં દીલમાં ઉઠી રહ્યાં હતાં. પોતાની ભૂલની ક્ષમા મળી શકે તેવું એક પણ કારણ તેમના દીલમાં પ્રગટતું નહતું. આજે જગતમાં પોતે બાજી હારી ગયાં છે એવું તેમનાં મ્લાન વદન અને ભાંગી ગયેલી કાયા ઉપરથી સર્વને લાગ્યા સિવાય રહે નહિ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૮—

મને માફી નહિ—ન્યાય આપો

રેવરન્ડ પી. કેલ. મેલ્સ રહવારના પહોરમાં જેલને દરવાજે આવીને ઉભા હતા. તેમને આવી રીતે ઘણી વખત પ્રભાતમાં ખુશનુમ વખત જેલમાં વીતાવવો પડતો હતો. બરાબર સાત વાગે દરોગાએ આવીને જેલના તોતીંગ દરવાજા ઉપર, આવનારને જોવા માટે એક નાનકડી બારી હતી તે ઉઘાડી ફાધર મેલ્સને તેણે જોયા. બારી બંધ કરી બીજી બાજુ ઉપર આવેલી એક બારી ખોલી અને ફાધર મેલ્સને ઇસારતથી બોલાવ્યા અને અંદર દાખલ કર્યા.

ફાધર મેલ્સ ભવ્ય પુરુષ હતા. તેમણે કડીબંધ ટાઇટ કપડાં પહેર્યાં હતાં, ગળામાં ક્રોસ લટકતો હતો. મુખ ઉપર શ્વેત દાઢી ફરકતી હતી, જોનાર ઘડીભર મુગ્ધ બની જાય તેવાં તે લાગતાં હતાં. પુરાં સીત્તેર વર્ષ થયાં હતાં છતાં, તેમનો બાંધો અને શરીર ચાપલ્ય કોઇ પણ જુવાનને શરમાવે તેવા હતાં.

'કેટલી વાર લાગશે ?' તેમણે અંદર ગયા પછી, દારોગાને પૂછ્યું 'આજે જરા ઉતાવળ થઇ શકે તો સારૂં. મારે ૯ વાગે ચર્ચમાં પહોંચીને વ્યાખ્યાન કરવાનું છે.'

'હાજી, હું હમણાં જ ગોઠવણ કરૂં છું, બંધવાને આજેજ ફાંસી આપવાની છે, એટલે તેનાં સગાંવહાલાં તેને મળવા આવ્યા છે. હમણાં મુલાકાત પુરી થઇ જશે એટલે આપને જગ્યા કરી આપશું' દારોગાએ પોતાની હંમેશની ટેવ છોડીને પોતાનાથી બોલી શકાય તેટલી સભ્યભાષા વાપરવા પ્રયત્ન કર્યો. 'આપ બેસો' તેણે ખુરસી બતાવી.

ફાધર બેઠા નહિ. તેણે ઓફિસની બહાર કચેરીમાં આંટા મારવા શરૂ કર્યા. તેમની નજર વરંડામાં લટકી રહેલાં એક કાળા પાટીયા ઉપર પડી. પાટીયાની મધ્યમાં એક નોટીસ લટકાવેલી હતી, તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આજે સ્હવારે ૮-૩૦ વાગે નીચેનાં ખૂનનાં ગુનેહગારોને ફાંસીએ લટકાવવામાં આવશે.

૧, મેન્યુમલ માઇકલ.

૨, અસ્તબુલ્લખાં ગુલામખાં.

૩, નરહરિ કેશવ મ્હાલે.

પાટીયું વાંચીને એક ક્ષણ ફાધરના મનમાં કંઇક વિચાર આવ્યો હોય તેમ તેની આંખ જોરથી મટકાં મારવા લાગી અને વિચાર કરતાં કરતાં વરંડાને છેક ખુણે આવી પહોંચ્યા. જેલની અંદરનાં દરવાજેથી પાંચ સાત માણસો આવી રહ્યા હતા. આગળ બે માણસ હતા તેમની પાછળ ચાર પાંચ સ્ત્રીઓ હતી. સૌથી પાછળ એક જુવાન સ્ત્રીને પકડીને એક બીજી આધેડ ઉમરની સ્ત્રી ચાલી આવતી હતી, જુવાન સ્ત્રીની આંખો રડી રડીને લાલચોળ બની ગઇ હતી, જે સ્ત્રીએ તેને પકડી રાખી હતી તે પણ રડતી હતી. સૌની પાછળ એક પાંચ છ વર્ષનો કિશોર હતો, તે મોઢામાં કાંઇક ચગળી રહ્યો હતો બધા ફાધરની પાસે થઇને જેલની પહેલી 'ગટુકડી' બારીમાં થઇને બ્હાર નીકળ્યાં.

'ચાલો ફાધર' આ બધાને જોઇને ઉંડી વિચારણામાં ગરકાવ થઇ ગયેલ ફાધરને દારોગાએ સંબોધન કર્યું. ફાધરની નજર હજુ પણ બારી ઉપર હતી. દારોગો સમજી ગયો.

'બંધવાના સગાંવ્હાલાં સૌ,' તેણે ફાધરની મનોવૃત્તિ પારખીને કહ્યું, "છેલ્લી મુલાકાત. ફરીથી હવે તેઓ મળશે નહિ, ગમે તેવા ખૂનીને પણ આ પળ ઘણી જ કઠીન હોય છે, મોત કોને ગમે છે?' દારોગાએ પોતાના અનુભવના થોડાંક શબ્દો પોતાની રીત પ્રમાણે તત્વજ્ઞાનમય બનાવીને વાપર્યાં.

'એમ કે' ફાધર વિચારધારાને અટકાવીને એકદમ બોલી ઉઠયા. 'ચાલો' કહીને તેણે જેલની અંદરનાં દરવાજા તરફ ચાલવા માંડ્યું.

અંદરનાં દરવાજામાં દાખલ થઇ, કેદીઓની અનેક કોટડીઓ અને મોટી બેક વટાવી તેઓ ઘણે દૂર આવ્યા, અને બીજે એક નાનકડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરવાજો વટાવી જેલને એક એકાંત ખૂણે ફાંસી મેળવનાર કેદીઓ માટેની થોડીક ઓરડીઓ હતી તેની પાસે આવીને અટક્યા.

'બેસો.' દરોગાએ ખુલ્લા ચોગાનમાં એક ખુરસી નાખી આપી, 'હું હમણાં બંધવાને બહાર મોકલું છું,' કહીને દારોગો ચાલ્યો ગયો.

થોડીવારે બેડીનો અવાજ કાને પડયો અને ફાધર મેક્સ સ્વસ્થ થયાં. તેમણે મોઢાં ઉપર હાસ્ય લાવવા પ્રયત્ન કર્યો. બંધવો આવીને તેની સામે ઉભો રહ્યો.

'ગુડ મોર્નિંગ માઈકલ' ફાધરે સંબોધન કર્યું. ત્રણ દિવસથી તેઓ બન્ધવાને બોધ સાંભળાવવા આવતા હતા. તેમનાં નામથી તેઓ પરિચિત હતા.

'ગુડ મોર્નિંગ ફાધર' બંધવો નત મસ્તકે ઉભો રહ્યો.

'મહાન પિતા તને માફ કરશે' માઇકલ એકેક શબ્દ તોળીને બોલતા હોય તેમ ફાધર બોલ્યા અને તેણે બંધવાની સામે જોયું.

માણસ ભયંકર રીતે હસે તેવી રીતે માઈકલ હસી પડયો. 'તને મારામાં વિશ્વાસ નથી ? 'ફાધરે માઈકલને હસતો જોઇને કહ્યું.

'ના જરાપણ નહિ,' માઇકલે જવાબ આપ્યો.

'કેમ ?' ફાધર માઇકલને સમજી શકયા નહિ,

'કારણ કે ધર્મશાસ્ત્રો, નીતિના નિયમો, ડાહ્યા માણસોનો બોધ બધા કહે છે. જેવું કરો તેવું પામો' માઇકલ ફરીથી હસ્યો.

'માઈકલ, મેં તારા માટે ઘણા પ્રયત્નો કરી જોયા.' તેમણે એક તાર ખીસ્સામાંથી કાઢયો. 'ગઈ કાલે મેં તારા માટે દયાની અરજી કરી હતી. તેનો નકારમાં આવેલો જવાબ છે.' તેણે તાર માઈકલની સામે ધર્યો.

'તેમણે બરોબર કર્યું છે, મેં ખૂન કર્યું છે, મને ફાંસી મળવી જ જોઇએ.' માઇકલે પહેલીવાર શાંતિથી કહ્યું.

'તેં શું કામ ખૂન કર્યું ?' ફાધરથી પૂછાઇ ગયું, 'માઇકલ તું ખૂની જેવો તો લાગતો નથી,' માઈકલના નિર્દોષ મોઢાં સામે જોઇને તેમણે ઉમેર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મેં શું કામ ખુન કર્યું છે? તમે શું કામ બધાને બોધ આપો છો? આપણાં બન્નેની વાત સરખી જ છે. પેટનો ખાડો પુરવા.' માઇકલે દરેકે દરેક શબ્દ છુટો પાડીને કહ્યું.

'તમને નહિ સમજાય. જગતને જીતવાની બાજીમાં તમે સફળ થયા છો, હું અસફળ થયો એટલે મેં ખૂન કર્યું.' માઈકલે ખૂન કરવા માટેનું કારણ જણાવ્યું.

'મેં જગતને જીત્યું કેવી રીતે?' ફાધરને રસ પડયો.

'જગત જીતવાની મારી વ્યાખ્યા મારા સ્વભાવ પ્રમાણે વિચિત્ર છે. આજની રીત પ્રમાણે નક્કી કરેલી છે. તમને બધુ મળ્યું છે. દામ, દામ દામ. મેં ઘણાં પ્રયત્નો કર્યા; પરન્તુ મને કાંઈ મળ્યું નહિ. ઘણી ધીરજ રાખી, ઘણાં પ્રયત્નો કર્યા સફળતા સાંપડી નહિ છેવટે મારી સામે બે વસ્તુ ખડી થઇ. કાંતો ગુલામી કરી કરીને બીજા અનેક પેટ ભરે છે, તેમ જીવ્યા કરવું. કાં તો ગમે તેમ કરીને આપણને જે કેટલાક બળો પગ તળે કચરીને ચાલ્યા જાય છે તેનો સામનો કરવો. પહેલી વાત તો હું ઘણાં વખતથી કર્યા કરતો હતો. રાત દિવસ મને એકજ વિચાર આવ્યા કરતો હતો; 'હું કેમ સફળ થાઉ?' મારૂં ભણતર. મારી શાંતિ, શું બરોબર નથી. સવારથી માંડીને કામ કરૂં છું. સાંજે ઘેર પહોંચુ છું ત્યારે વાત કરવાની પણ ઇચ્છા રહેતી નથી. ઘરનાં અનેક માણસો મા–બાપ, ભાઈ બહેન, પત્ની બાળકો, બધા મારી સામે મીટ માંડીને બેઠાં છે, તેમાનાં કોઇને યાત્રા કરવી છે, કોઈને ભણતર લેવું છે, કોઇને સંસ્કારી પતિ સાથે પરણવું છે, કોઇને પૈસાના જોરે પાડી શકાય તેવી છાપ સમાજ ઉપર પાડવી છે. આમાંના એકની પણ ઇચ્છા હું પુરી કરી શકતો નથી. માત્ર તેમને બે ટંક ખાવાનું અને કપડાં પણ માંડ માંડ પહોંચે છે, હું અકળાઇ ગયો. ચારે તરફ મને એકજ વાત દેખાવા લાગી. પૈસા, જીવનની કોઇપણ જરૂરિયાત હોય તો તે પૈસા છે. પૈસા મેળવ્યા સિવાય આ બધાની એક પણ આશા ફળવી કઠણ છે,' માઇકલ થોડી વાર શ્વાસ ખાવા અટકયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પછી તો હું ગાંડા જેવો બની ગયો. મને લાગવા માંડ્યું, દુનિયા મને ભરખી ગઇ, હું કાંઇ કરી શકયો નહિ, નિષ્ફળ થયો. એક દિવસ મને વિચાર આવ્યો ઘણાંની પાસે ઘણાં પૈસા છે. મને થોડા ન આપે? મારા કુટુમ્બીજનોની અભિલાષા પૂર્ણ કરવા હું થોડા ન માગી શકું? મેં મારા એક ઓળખીતા શ્રીમંતની પાસે જઇ કહ્યું 'મને પૈસા આપો,' તેઓ વાત સમજી શકયા નહિ.

'શાના પૈસા?' આશ્ચર્યથી તેમણે પુછ્યું. 'મારે જરૂર છે યાત્રા—જીવન નિર્વાહ, પરણેતર, કેળવણી—આ બધાં માટે મારી પાસે કાંઇ નથી,' તેઓ હસ્યા. હું મૂર્ખ છું એમ મને કહ્યું. મારો મીજાજ હાથમાં ન રહ્યો પાસે પડેલી લાકડી ઉપાડી મેં તેમના ઉપર ઘા કર્યો. એક જ ફટકાથી એ બિચારો મૃત્યુ પામ્યો' તેનાં શબ્દો ઠકરડાવા માંડયા, અવાજ ધીમો થઈ ગયો.

'પિતા—મહાન પિતા તારા અજ્ઞાન બાળકોને માર્ગ દાખવ' ફાધર વચ્ચે બોલી ઉઠયા, 'માઈકલ, મારા બાળક, પ્રભુમાં શ્રદ્ધા રાખ. એ તને જરૂર માફ કરશે.' તેણે આશ્વાસન આપ્યું.

'મારે માફી જોઇતી નથી, દંડ જોઇએ છે, ન્યાય જોઇએ છે, મેં પાપ કર્યું હોય તો પ્રભુને ઘરે જે ન્યાય હોય તે મને મળે,' માઇકલ પાછો સ્વસ્થ થઈ ગયો. ફાધર વિચારમાં પડી ગયા, તેમની આંખ આગળ અનેક ધર્મશાસ્ત્રો ઉખળવાં લાગ્યાં. જનતાની દ્રવ્યની ભૂખ કયારે અટકશે? વિલાસ, વૈભવ માટે માબાપને પસા જોઇએ છે કે આ માઇકલ કહે છે તેમ પેટનો ખાડો પુરવા પૈસાની જરૂર છે? અર્થ કાઢવો તેમની જેવા માણસને માટે મૂશ્કેલ નહતો, છતાં એમનાં મનમાં એક વાત વધુ નિશ્ચિત બની ગઇ; માઇકલને ફાંસી ન મળવી જોઇએ.

'ફાધર માફ કરજો આદ થયા.' દારોગાએ આવીને વચ્ચે ભંગાણ પાડ્યું. તે દૂર ઉભો ઉભો ફાધર અને માઇકલને વાત કરતાં જોઇ રહયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા' તેમને યાદ આવ્યું સાડા આઠ વાગે માઈકલને ફાંસી આપવાની છે. તે ઉઠ્યા. જલ્દીથી માઈકલ પાસે ગયા. માથા ઉપર હાથ મૂકયો. ધીરેથી કંઇક ગણગણ્યા. છાતીએ લટકતા ક્રોસને બંધવાને અડકાડયો. માઇકલ કશું બોલ્યો નહિં માત્ર જોરથી હસી પડયો. 'પ્રભુ તારૂં ભલું કરે ભાઇ' બોલીને ફાધર ચાલી નીકળ્યા. દરવાજા પાસે પહોંચ્યા ત્યારે ફરીથી તેની નજર ફાંસીની નોટીસ ઉપર પડી. બીજા બે નામ તેને યાદ રહ્યા નહતા. પરંતુ તેના નામ ત્યાં લટકાવેલા હતા. દારોગાએ ટચુકડી બારી ઉઘાડી. નમસ્કાર કરીને ફાધર જેલની બહાર નીકળ્યા, તેના મનમાં આજે પ્રથમ વખત ગડભાંજ થઇ રહી હતી. પોતાના ઉપદેશ ઉપર આજે તેના મનમાં અશ્રદ્ધા ઉપજી હતી. બહાર ઉભેલી પોતાની મોટરમાં બેસીને ડ્રાઇવરને ચર્ચ તરફ જવાનું કહેવાને બદલે 'ઘર તરફ' આટલા શબ્દો કહીને ઊંડા વિચારમાં ગરકાવ થઇ ગયા.

★

—૯—

બતાવો, કયાં છે મુરતિયો? કયાં છે વર?

ઉષાએ અવની ઉપર પગલાં માંડયાં ત્યારે ખુલ્લા આસમાન નીચે અનેક નરનાર મરીન ડ્રાઇવ ઉપર ફરી રહ્યાં હતાં.

હંમેશાં 'નરીમાન પોઇન્ટ' ઉપર દેખાતી જાણીતી વ્યક્તિઓ આજે પણ એક પછી એક 'પોઇન્ટ' પાસે આવતી જતી હતી. સૌથી પહેલાં મુલ્લાં તૈયબઅલી આવ્યા. તેમની સફેદ દાઢી અને ચાલની નિર્બળતા બતાવતાં હતા કે મુલ્લા સાઠ અને સિત્તેરની વચ્ચેના હશે. ત્યાર પછી કુમાર શેઠ આવ્યા. એક પણ વ્યક્તિને સાહેબજી કર્યા સિવાય જેમને ફરવાનું સાર્થક થયું ન લાગે, તેવા કુમાર શેઠ લાલચોળ ચહેરાવાળા આધેડ ઉંમરના હસમુખા પારસી હતા. શરમાતો શરમાતો જુવાન શેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દલાલ ચંપકલાલ પણ થોડીવારે ગુપચુપ ભળી ગયો. બધી વાત પ્રભુમય જ છે, અને પ્રભુના હલાવ્યા સિવાય એક પાંદડું પણ ફરકી શકતું નથી. એવું દરેક પળે પ્રતિપાદન કરતા નિવૃત્ત ભાટિયા જનાર્દન શેઠ પછી થોડી વારે આવ્યા. માત્ર એક કરમચંદ સીતલાની બાકી રહ્યા.

ગઈ કાલે પણ કરમચંદ આવ્યા નહોતા. 'શું થયું છે, સીતલાની કેમ આવતા નથી ?' બધાંના મનમાં જે પ્રશ્ન પૂછવાનો વિચાર હતો તે વાતોડિયા કુમા શેઠે પૂછયો.

'ખબર નથી.' બધાય લગભગ એક સાથે બોલી ઊઠયા,

'માંદા પડયા છે ?' તૈયબજીએ બીજો સવાલ કર્યો. 'જો આ લાલુ આવે તે તેનો પડોસી છે, તેને પુછીએ એટલે ખબર પડશે.' સામેથી પાયજામા અને પહેરણમાં સજ્જ થયેલ એક જુવાન આવી રહ્યો હતો.

'સાહેબજી' લાલુ બધાની સાથે ભળી ગયો.

'સાહેબજી સીતલાની કેમ જણાતા નથી ?' કુમાશેઠે બધાની વતી સાહેબજી ઝીલ્યા પ્રશ્ન કર્યો.

'સીતલાની' લાલુના મોઢ ઉપર એક પ્રકારની ગ્લાનિ છવાઇ ગઇ 'સીતલાની !' તેણે ફરી શબ્દ ઉચ્ચાર્યો અને કહ્યું. 'ખબર નથી, સીતલાની મુશ્કેલીમાં આવી પડયાં છે;' લાલુ જરા અટકયો. 'શ્રી નાથજી ! શું થયું ?' જનાર્દન શેઠે આતુરતા વ્યક્ત કરી, 'ફસાઇ ગયા' લાલુએ વાત આગળ ચલાવી. 'ગઇ કાલે રાત્રે સીતલાની શેઠને શું સૂઝયું કે ઓરડી બંધ કરી આપઘાત કરવાના પ્રયત્ન કરતા હતા, ત્યાં તેમનાં પત્ની જોઇ ગયા, બુમાબુમ થઇ ગઇ, અને લોકો ભેગાં થઈ ગયાં.'

વાત સાંભળીને બધાને આશ્ચર્ય થયું. સીતલાની જેવો ઠરેલ, બુદ્ધિશાળી લાગતો માણસ આપઘાત શા માટે કરે ? સર્વ કોઈનાં મોઢાં ઉપર આશ્ચર્યનો ભાવ ઉભરાઈ આવ્યો.

સં. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મને તો સાંજે ખબર પડી કે સીતલાની આપઘાત કરતાં પકડાયાં, પહેલાં તો હું પણ ન સમજ્યો, પરંતુ મને થયું, કે મારે વાત જાણવી પડશે, કારણ કે સીતલાની ગમે તેવા તો પણ આપણાં પ્રભાતના સાથીદાર, એટલે હું ગયો તેમનાં પાડોશીને ત્યાં. અને વાતની કડીઓ મેળવવા પ્રયત્ન કર્યો.

સીતલાનીને એક જુવાન દીકરી છે. ભણેલી ગણેલી ને રૂપાળી; આખા માળામાં સર્વ કોઇ તેના તરફ માનની લાગણીથી જુએ છે. છેલ્લા દસ પંદર દિવસથી સીતલાની મૂંઝાયેલા લાગતા હતા. તેમનાં પત્ની અને પુત્રી તેમને તેમની મૂંઝવણ માટે પૂછતાં હતાં પરંતુ સીતલાની ખાસ જવાબ આપતાં ન હતાં. તેમને સાધારણ રીતે ખ્યાલ આવ્યો કે હમણાં ધંધા ધાપા ચાલતા નથી, એટલે સીતલાની મૂંઝાયેલા હશે તેઓ પોતપોતાની રીતે સીતલાનીને આશ્વાસન આપતાં હતાં. છેલ્લા ત્રણ ચાર દિવસથી સીતલાની બહુ બોલતા ન હતા, હંમેશના કાર્યક્રમમાં પણ તેમને રસ રહ્યો નહિ. ખાવા બેસતાં તોય જાણે તેમનું ધ્યાન બીજે જ હોય. કોઈની જોડે ખાસ વાત કરતા નહિ, થોડી થોડી વારે જોરથી બૂમ મારી ઊઠતા, 'ક્યાં છે? ક્યાં છે?'

તેમના પત્ની અને પુત્રીને થયું : સીતલાની ગાંડા થઈ ગયા કે શું? પરન્તુ તેઓ ગાંડા પણ લાગતા ન હતા. કારણ કે, બૂમ માર્યા પછી તદ્દન શાંત બની જઇને પાછા જાણે કશું બન્યું ન હોય તેમ વર્તન કરતા હતા. ગઈ કાલે સાંજથી તેઓ તેના પત્ની અને પુત્રીને બહાર મોકલવા પ્રયત્ન કરી રહ્યા હતા. પત્નીએ ઘણી આનાકાની કરી, પરંતુ તેમણે બન્નેને પરાણે બહાર મોકલ્યાં:

પત્નીને સીતલાનીની આ વાત સમજાણી નહિ. તેઓ બહાર જવાનો દેખાવ કરી, બાજુના પાડોશીના ઘરમાં ગયાં. થોડીક ક્ષણો વીતી અને જોરથી બુમો સંભળાણી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ક્યાં છે?' 'ક્યાં છે?'

સીતલાનીના પત્નીએ એ બૂમો સાંભળી જોરથી પોતાના ઘર તરફ દોડયા, ઓરડીનું બારણું બંધ હતું, બૂમો મારી તેમણે આખો માળો ગજાવ્યો અને બધાં ભેગાં થઈ ગયાં, કોઇએ લાત મારીને બારણું તોડી નાખ્યું. બધાં અંદર દાખલ થઈ ગયાં.

સીતલાની ગળામાં દોરડું ભરાવીને ખીલી ઉપર બીજો છેડો બાંધવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. તેમના પત્ની દોડી ગયા, અને દોરડું ફગાવીને દૂર કર્યું 'આ શું કરો છો?' વધુ બોલી શકયા નહિ. સીતલાનીને વળગી પડયા.

દશ્ય જોનાર બધા અવાચક જેવા થઈ ગયાં, 'શું થયું છે?' વર્ષથી ચાલીમાં રહેવા આવીને આખી ચાલીનો પ્રેમ જીતી જનાર, આ સિંધી કુટુંબ ઉપર આપત્તિ ક્યાંથી આવી પડી? સીતલાની જેવા સીધા સાદા માણસને આ શું સૂઝયું? બધાનાં હોટાં ઉપર આવા પ્રશ્નો આવીને અટકી ગયાં.

પરન્તુ કોઇ કશું બોલ્યું નહિ. બધાં ય જેવા ઓરડીમાં દાખલ થયાં હતા તેવાજ બહાર નીકળી ગયાં. ત્યાં ફરીથી બૂમ પડી.

'ક્યાં છે? ક્યાં છે? વર ક્યાં છે' સીતલાની જોરથી બોલવા લાગ્યા.

તેના પત્ની વાત સમજી ગયા. સીતલાની છેલ્લાં બે વર્ષથી વારંવાર પુત્રીના લગ્ન માટે ચિંતા વ્યક્ત કરતા હતા. સિંધમાં રાજકીય ફેરફાર થયા પછી, પોતાની મૂડી ગુમાવ્યા પછી મુંબઇમાં માત્ર નસીબના આધારે સ્થિર થયા પછી તેમને કોઈપણ વાત વધુ મૂંઝવતી હોય તો, તે પુત્રીનાં લગ્નની ચિન્તા! સારી સ્થિતિ હોય, ત્યારે પણ પૈસા આપીને પુત્રીને પરણાવવાળી રિવાજવાળી એ પ્રજામાં વગર પૈસે પુત્રીના લગ્ન થઇ જ કેમ શકે? આ ચિંતા ધીરે ધીરે તેમના મનમાં ઘર કરી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ વિવશ થઇ ગયાં દીવાના જેવા થઇ ગયા. તેમને દરેક જગ્યાએ એક જ વાત સામી મળવા લાગી: 'વર કયાં છે ?'

'શહેરમાં થોડા દિવસથી લગ્નનાં વાજાં વાગ્યાં, ગીતના સૂરો લત્તે લત્તે સંભળાવા લાગ્યાં, અને સીતલાનીનાં મનમાં ગડમથલ વધુ જોરથી ઊભી થઇ. જયાં હોય ત્યાં બ્હાવરાની માફક, એક જ વાત કરવા લાગ્યા: જયાં લગ્ન હોય ત્યાં, ઊભા રહીને વરને જોવા લાગ્યા. પોતાના એકના એક સંતાન માટે તેમને જગતમાં કોઇ મૂરતિયો જ નહિ મળે ? છેવટે તેમણે હિંમત ખોઇ નાખી અને આપઘાતને માર્ગે વળ્યા.' લાલુએ વાત પૂરી કરી, અને શ્વાસ ખાવા થંભ્યા.

'માણસને માથે દુઃખ પડે છે ત્યારે જીવન જીવવા જેવું રહેતું નથી,' ભાટિયા શેઠ જનાર્દને દિલસોજી બતાવી.

'હા. બા. હા' કુમા શેઠે ઘડિયાળ ઉપર નજર કરી.

પરંતુ હજુ વાત આટલેથી જ અટકી નથી, પુત્રીનો ગઇ કાલ રાતથી પત્તો જ નથી. પિતાને આપઘાત કરતાં જોઇને તે ધ્રુજી ઊઠી, અને તે પણ પોતાને માટે, પોતાનાં લગ્ન માટે એક પણ શબ્દ બોલ્યા સિવાય ઘરમાંથી રવાના થઇ ગઇ. અમે ગઇ કાલે આખી રાત શોધ કરી કયાંઇ પત્તો લાગ્યો નહિં. સીતલાનીનાં નહિ, સગાવ્હાલાં બધાંને ત્યાં ફરી વળ્યાં, પુત્રી બીજી જે જે જગ્યાએ જતી તે બધાં ઠેકાણાં તપાસી લીધા પરંતુ કયાંઈ પણ તે ગઇ હોય તેમ કોઈ કહેતું નથી.'

'શું થયું હશે ?' તૈયબજીએ દુઃખ અનુભવ્યું.

'સમજુ માણસોને જગતમાં ઘણી ઉપાધિ હોય છે અણસમજુની માફક જેઓ માત્ર પોતા પૂરતી જ વાત કરે છે તેમને મન કોઇ વાતની વધુ કિંમત નથી પુત્રી ઘણી સમજુ અને ડાહી લાગે છે. કારણ કે મા-બાપની ચિંતા સમજી દુઃખી થવું તે સંતાનની ફરજ છે' અનુભવી જનાર્દન શેઠે ફરી ઊંડો નિસાસો નાખ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દોડો, દોડો' છેક સામેને છેડેથી બુમ પડી. અમે બધાં ચર્ચા બંધ કરી, જે જગ્યાએથી બૂમ આવતી હતી તે તરફ દોડયાં, એ એક માછીમારો હાથમાં કાંઇક ઉપાડીને કાંઠા તરફ આવતા હતા. સમુદ્રનાં પાણી ઉપર કંઈક તરતું હતું તેને જોઇને કોઇએ .કંઈક બૂમ મારી. કાંઠા ઉપર માછલી પકડી રહેલાં માછીઓ બૂમ સાંભળીને પાણીમાં પડયાં, અને થોડી વારે, સાગરનાં જળમાંથી મરેલાં માનવીના શબને ઉપાડીને કાંઠા તરફ આવ્યા :

અમે પહોંચ્યાં, લાલુની નજર શબ તરફ પડી. મોઢું બરોબર દેખાતું ન હતું; મોઢા ઉપર કપડાંનો છેડો ઢાંકેલો હતો. તેણે પાસે જઇ શબનાં મોંઢાં ઉપરથી છેડો ખસેડયો. 'બિન્દુ' તેની રાડ ફાટી ગઇ...એ ડગલાં પાછળ હઠી ગયો.

'કોણ છે લાલુ ?' બધાં એકસામટાં બોલી ઉઠયાં.

'સીતલાનીની પુત્રીએ આપઘાત કર્યો' બોલીને લાલુ નીચે બેસી ગયો. બધાનાં મોંઢા ઉપર દુઃખ તરી આવ્યું. બધાં શાન્ત થઇ ગયાં.

અનેકને પ્રકાશ અર્પનારા સૂર્યદેવ કયારના આથમી ગયાં હતાં. એક વાદળીએ આવીને તેમને ઢાંકી દીધા. માનવ જાતની આ શરમ–કથા તેમને બતાવવી નહિ હોય !

*

—૧૦—

દુઃખનાં ઝાડ

'બિચારા જમનાદાસ ભાઇજીને માથે તો દુઃખનાં ઝાડ ઊગવાં બાકી રહ્યાં છે,' ૪૫ અને ૫૦ વર્ષની વચ્ચેના ગંગાસ્વરૂપ નર્મદા વહુ ઉપરનું વાકય દિવસમાં લગભગ ૫૦ વખત બોલતાં. તેમનાં આ વિધવા જીવનને શરૂ થયાને લગભગ ૩૦ વર્ષ થયાં હશે. ત્રીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષના આ પતિ-વિહોણાં જીવનમાં નર્મદા વહુ દુનિયામાં ઊંચા મસ્તકે જીવતાં માનવીની જેમ જીવન વીતાવતાં હતાં. તેમણે થોડી વસ્તુઓ જીવનમાં નક્કી કરી રાખી હતી: એક તો મુંબઈ છોડવું નહિ અને બીજું ચાલીમાં રહ્યાં રહ્યાં આખી ચાલીને ઉપયોગી થવું. પોતાની જરૂરિયાતો માટે, પતિ મૂકીને ગયેલાં તે મૂડી ઉપરાંત ઘરમાં બેઠાં બેઠાં થોડી ઘણી પ્રવૃત્તિ કરી જીવન નિર્વાહ ચલાવવો. કોઇની પાસે લાંબો હાથ કરવો નહિ કે પોતાનું દુઃખ ગાવું નહિ. આખી ચાલી તેમને નર્મદા વહુ કહીને સંબોધતી. આ સંબોધન તેઓ જ્યારે પરણીને પતિને છેડે બંધાઈને ચાલીમાં આવ્યાં ત્યારથી તેમને મળ્યું હતું. આ સંબોધન હજુ તેમણે જાળવી રાખ્યું હતું. ચાલીમાં ઘણાં માણસો આવ્યાં, ઘણાં ગયાં પરન્તુ 'નર્મદા વહુ'નું તેમનું સંબોધન હજુ જેમનું તેમ અવિચળ હતું.

છેલ્લા મહિનાથી ચાલીમાં એક પ્રસંગ બની ગયો હતો. ચાલના જૂનામાં જૂના ભાડૂત જમનાદાસ દિવાળીને દિવસે જ બેકાર બનીને ઘેર આવ્યા હતા. ૩૫ વર્ષથી રૂની એક પેઢીમાં તેઓ નોકરી કરતા હતા. શેઠના સુખદુઃખના અનેક તબક્કામાં તેઓ સાથીદાર હતા. શેઠનાં ધંધા મંદા થઇ ગયા, માણસોને કમી કર્યા સિવાય ચાલે તેમ ન હતું એટલે તેમણે બીજા માણસોની સાથે જમનાદાસને પણ રજા આપી. જમનાદાસે શેઠને સમજાવ્યા, પોતાની વૃદ્ધાવસ્થામાં હવે તેને કોણ રાખે વગેરે ઘણી વિનંતિ કરી, પરંતુ શેઠનાં પાસા મળતા ન હતા. તેઓ નિરાશ પગલે શેઠની પાંત્રીસ વરસના સરપાવને છોડીને પગથિયાં ઉતર્યા.

સાઠ વર્ષની ઉંમરનાં જમનાદાસ ઘરમાં દાખલ થયા, ત્યારે તેમને માથે આભ તૂટી પડયું હોય તેટલું લાગી આવ્યું. આ ઉંમરે હવે તેને કોણ સંઘરે? પત્નીવિહોણો સંસાર અને મોટી ઉંમરે લગ્ન કરેલાં એટલે એકનાં બે થયાં નહિ અને પાછળ નાની પ્રજા, મોટામાં મોટું છોકરૂં તેર વરસનું અને તે પણ પુત્રી. જમનાદાસ શું કરે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દિવસ તો જમનાદાસ કશું બોલ્યો નહિ, બાળકો તેમને દિવાળીમાં જુદી જુદી રીતે કંઇક માંગીને પજવતાં. દિવાળીને દિવસે મોડી રાતે જમનાદાસ લક્ષ્મીનું પૂજન કરીને આવતા ત્યારે શેઠ તેમને રોકડા રૂપિયા, અને મીઠાઈનું પડીકું આપતાં. તેની વાટ જોઈને બાળકો જાગતા, બાપા આવીને બધાને ભેગાં કરી, મીઠાઇ વહેંચતા અને ગૌરવથી શેઠે શું બોણી આપી તેની વાત કરતા. પરંતુ, આ દિવાળીમાં બાપા પૂજન કરવા જ ગયા નહિ, પછી મીઠાઇ બોણીની વાત કરવી જ કયાંથી ? આખા કુટુમ્બ ઉપર એક જાતની કાલિમાં છવાઈ ગઇ. પડોશીઓ થોડી ઘણી ઝીણી ઝીણી વાત કરવા લાગ્યાં 'જમનાદાસ કેમ ઢીલો થઈ ગયો છે ? દિવાળીનાં દિવસોમાં તેનાં બાળકો કેમ સાવ લેવાઇ ગયાં છે ?' બધાંને જાણવું હતું; પરંતુ કોઇ કેમ પૂછી શકે ?

છેવટે નર્મદા વહુ થોડીક ઊંચી લાજ કાઢીને જમનાદાસની ઓરડીમાં દાખલ થયાં.

'કાં જમનાદાસ ભાઇજી ? એ ત્રણ દિવસથી ઢીલા લાગો છો ? શરીર તો સારું છે ને ?' જમનાદાસના સંસાર ઉપર નજર કરતાં કરતાં તેમણે વાત પુછવી શરૂ કરી 'નર્મદા વહુ હું ખલાસ થઇ ગયો. મારી નોકરી તૂટી, શેઠે મને રજા આપી દીધી. હું કયાં જાઉં ?' દુઃખને વખતે પોતામાં રસ લેનારું કોઈ મળે તેની રાહ જોતાં હોય તેમ જમનાદાસ ઢગલો થઇ ગયા, માણસ ભાંગી જાય તેમ રડી પડયા.

'હશે, તેમાં આટલા બધા નરમ બની ગયે કેમ પરવડે ? શેઠે રજા આપી તો ભલે આપી, દુનિયામાં બીજા ઘણા શેઠ મળી રહેશે. હિંમત રાખો, નકામા સપરમે શેરિયું મોઢું લઈને ફરવાથી શું ફાયદો ? છોકરાં પણ બિચારાં સાવ ઢીલાં થઇ ગયાં છે, ઊઠો, બીજે કયાંક તપાસ કરો, તમારા જેવા અનુભવી, પ્રામાણિક માણસ દુનિયામાં મળે કયાંથી ?' નર્મદા વહુ કડકડાટ બોલી ગયાં જમનાદાસ જવાબ આપી શકયો નહિ. પરંતુ આશ્વાસનના શબ્દો સાંભળી તે જોરથી રડી પડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હિંમત રાખો જમનાદાસ ભાઇજી આવો ઊઠો રૂઓ તો તમને મારા સમ છે. અને આ ત્રણે દિવસે મારે ત્યાં જમવાનું છે.' આટલું કહીને, છોકરાને પોતાની આંગળીએ વળગાડીને નર્મદા વહુ પોતાની ઓરડીમાં લઈ ગયાં. જમનાદાસને રડતો સાંભળીને ચાલીનાં બીજાં બધાં ઘણાં ભેગાં થયાં હતાં, તેમને સર્વને ખબર પડી ગઇ કે જમનાદાસની નોકરી તૂટી છે.

નર્મદા વહુએ બીજા જ દિવસ બેત્રણ કામ એક સાથે શરૂ કરી દીધા. જ્યારે જ્યારે વખત મળે ત્યારે જમનાદાસની વાત ચાલીમાં ગમે ત્યાં બેસીને કહેતી 'બિચારા જમનાદાસ બિચારા ભાઇજી! સાથે દુ:ખનાં ઝાડ ઊગવા બાકી રહ્યાં છે. નશીબ જ ગરીબ છે. હજી કાલની વાત, જુવાન જમનાદાસ અહીં પહેલી વખત ઓરડી લેવા આવ્યો તે પ્રસંગ મને યાદ છે. દાદર ઉપર મને મળ્યો, 'બહેન અહીં ઓરડી ખાલી છે ને?'

મેં તેને ઓરડી બતાવીઃ માનશો? વાંઢાને ઓરડી મળે નહિ એટલે ખોટું બોલીને ઓરડી લીધી કહ્યું કે પરણેલો છું પત્ની દેશમાં સુવાવડે ગઇ છે. બસ લીધીને લીધી ને ઘણાં વખતે ખબર પડી કે જમનાદાસ વાંઢો છે. છતાં કોઇએ વાંધો લીધો નહિ. રહ્યા તે રહ્યા આજની ઘડી સુધી. પછી તો જમનાદાસ બે પાંદડે થયો. પરણ્યો, લગ્ન વખતે સમ દઈને મને જાનમાં તેડી ગયો ઘર ખાધાળુ છોકરાં થયાં થોડાં વરસ થયાં ત્યાં વહુ મરી ગઇ માંડ માંડ કરીને, છોકરાં મોટા થયાં ત્યાં વળી આજ આ નવી ઉપાધિ, આમ જમનાદાસની આત્મકથા કહેતા, જમનાદાસને પાનો ચડાવી ચડાવી નોકરી શોધવા મોકલતા અને બને તેટલી મદદ કરતાં.

'કાં ભાઇજી?' આજ કયાંય ગયા 'તા, બાબુલનાથ પાસે કોક તમારા સગા રહે છે ને તેમને તો ભગવાને ઘણું આપ્યું છે. ને ઘરે બે મોટરો છે તેમને મળોને' નર્મદા વહુ રાતના ઘણી વખત માહિતી લેતાં.

'તેમણે મદદ કરવાની ના પાડી.' જમનાદાસ નત મસ્તકે જવાબ આપતા. 'કાં? આવડા બધા પૈસાવાળા માણસે ના પાડી.' નર્મદા વહુ આશ્ચર્ય અનુભવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હાં, કહે છે કે તેમનું પૂરું થતું નથી, ઘરે ત્રણ હજારનો ખર્ચ છે, કમાણી ઘટી ગઈ છે, મહિને હજાર તૂટે છે, મૂડીમાંથી ખાવું પડે છે. ત્યાં બીજાને મદદ ક્યાંથી! એમાંથી એક મોટર ઓછી કરી નાંખવાની વાત કરે છે.' જમનાદાસ ખુલાસો કરતો.

'શેરબજારવાળા દલાલ તમારા મિત્ર છે તમે ઘણી વખત તેનું નામ લો છો, બાળપણાના મિત્ર. વાલકેશ્વરમાં ઘરનો માળો છે' નર્મદા વહુ યાદશક્તિને ઘસીને બીજી વાત કાઢતાં!

'હા, તેઓ પણ તકલીફમાં છે, મેં તેમને પૂછી જોયું, નોકરી ન હોય તો છેવટે તેમને ત્યાં દલાલી કરવાની વાત કરી, પણ તેમણે ના કહી' કહ્યું: 'દલાલી હમણાં ક્યાં કોઈની આવે છે? વળી દલાલીમાં જોખમ રહ્યું. ઘરાક પૈસા ન આપે તો હું ક્યાંથી લાવું?'

'તમારા સાળાના દીકરા કોઇ મોટી મિલમાં મેનેજર છે તેને મળોને? તેમને તો ઘણાં માણસોની જરૂર પડતી હશે.' નર્મદા વહુ ખોળી ખોળીને જમનાદાસનાં સગાંવહાલાનાં નામ યાદ કરીને આંગળી ચીંધતાં. 'ત્રણ વખત તેમને મળવા ગયો. બે વખત ઘેર અને એક વખત તો છેક પરેલ સુધી, મિલમાં ગયો, પરન્તુ મળ્યા જ નહિ, ઘેર તેમનાં પત્ની મારફત કહેવરાવી દીધું કે હવે તમારાથી કામ થઇ શકે નહિ, ક્યાંક ભલામણ કરી હોય અને કામ ન કરી શકો તો નકામી અમારી આબરૂ જાય. દેશમાં જાઓ હવે તો 'નિવૃત્તિનો' વખત છે; ૨૫-૫૦, રૂપિયાની જરૂર હોય તો આપશું.' દીકરો માને જવાબ આપે તેમ જમનાદાસ જવાબ આપતો.

'હમણાં નંદલાલ તમને મળવા આવ્યો હતો. એણે કાંઇ શોધી કાઢ્યું?' નર્મદા વહુ થાકતાં નહિ.

'ના. એ બીજા કામે આવ્યો હતો, મને કાંઈ કામ ધંધો મળે નહિ તો પછી મુંબઇમાં રહીને ખર્ચને ક્યાંથી પહોંચી વળું? એટલે દેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાઉં તો તેને મારી ઓરડી તેના સાળા માટે જોઇએ છે. થોડાક રૂપિયા પણ પાઘડીનાં આપવાનું કહેતો હતો.' જમનાદાસને ઘણું દુઃખ થતું હોય તેમ તેના આ જવાબ ઉપરથી લાગ્યા સિવાય રહ્યું નહી.

આમને માત્ર મહિનો થઈ ગયો જમનાદાસ અને નર્મદા વહુના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. વૃદ્ધ જમનાદાસને કોણ કામ આપે? બચ્યું હતું તે બધું ખલાસ થવાની તૈયારીમાં હતું ઓરડીનું ભાડું રેશનના પૈસા, છોકરાની ફી અને આવા બીજા અનેક ખર્ચને માટે પૈસા જોઇએ. પૈસા વગર મુંબઈમાં એક દિવસ પણ કાઢવો મુશ્કેલ પડે. છેવટે એક દિવસ જમનાદાસ પોતાની ૩૫ વર્ષની કમાણીનું સરવૈયું કાઢતો હોય તેમ, બધું ભેગું કરવા માંડયો. ઠામ, વાસણ, ગાદલાં, ગોદડાં ફરનિચરનાં નામે ઘરમાં રાખેલી થોડીક ખુરશીયો, લાકડાનું કબાટ આ બધું ભેગું કરીને, જરીપુરાણાવાળાને બોલાવી વેચી નાખ્યું.

'શું કરો છો? જમનાદાસ ભાઇજી!' નર્મદા વહુને જમનાદાસની આ કાર્યવહી સમજાઇ નહિ.

'બધું વેચી નાખું છું. વહુ કાલે સાંજની ગાડીએ મેં દેશમાં જવાનો નિર-ધાર કર્યો છે' શાન્તિથી જમનાદાસે સામાન બાંધતાં બાંધતા જવાબ આપ્યો.

'કેમ?' નર્મદા વહુએ પૂછ્યું. પરંતુ જવાબની અપેક્ષા રાખી નહિ; કારણ કે જવાબ તે જાણતી હતી. સાંજના નર્મદા વહુની ઓરડીમાં નંદલાલ દાખલ થયો. 'સાંભળ્યું છે કે જમનાદાસ દેશમાં જાય છે?' તેણે નર્મદા વહુને અજાણ્યા થઈને પૂછતો હોય તેમ પૂછ્યું.

'હા' નર્મદાએ ટૂંકો જવાબ આપ્યો.

'મને તેની ઓરડી અપાવશો?' નંદલાલ જલદીથી બોલી ગયો.

'તમારે એક ને બદલે બે ઓરડી જોતી હશે તો પણ મળશે. હું પણ મુંબઇ છોડી જાઉં છું.' નર્મદાએ સીધો જવાબ આપવાને બદલે નવી વાત કહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમે કેમ ? ક્યાં ?' નંદલાલ સમજી શક્યો નહિ.

'ક્યાં તે તો ખબર નથી. પરન્તુ કોઇક એવી જગ્યાએ જ્યાં લાજ, શરમ આવું બધું હોય. મુંબઇ હવે રહેવા જેવું રહ્યું નથી.' નર્મદા વહુનો ઠપકો નંદલાલ સમજ્યો હોય તેમ વધુ બોલ્યા સિવાય ચાલ્યો ગયો.

બીજે દિવસે સાંજે અઢી અઢી રૂપિયાની બે ઘોડા ગાડી ભાડે કરી જમનાદાસ સેંટ્રલ સ્ટેશન તરફ છોકરાંઓને લઇને ચાલી નીકળ્યો.

થોડીવારે એક ત્રીજી ઘોડાગાડીમાં નર્મદા વહુ તેનો જરાક જેટલો સામાન, અને તેનાં ઠાકોરજીના સિંહાસનને લઇને સેન્ટ્રલ સ્ટેશન તરફ જઇ રહી હતી.

ચાલીમાં બન્ને ઓરડીઓ ધોળે દિવસે ઉઘાડી પડી હતી.

★

—૧૧—

'કાયદો'

રળિયામણું એવું એક ગામડું છે. ગામને પાદર આંબા અને વડલાનાં વૃક્ષોનાં જૂથ છે. એ જૂથની પાસે સામસામી ઊંચી ભેખડનાં પોલાણમાં એક નદી વહી રહી છે. પાદરની આજુબાજુ પથરાયેલી ધરતી ઉપર લીલીછમ હરિયાળી પથરાણી છે. હરિયાળીને માથે મોરલા અને ઢેલડીઓ ધીંગામસ્તી કરી રહી છે. આંબા અને વડલાનાં વૃક્ષોમાં રૂપાળાં પારેવાં, મેના અને પોપટ ગુલતાન કરી રહ્યા છે. વડલાની શીળી છાયામાં બેસીને ગ યમાતા વાગોળતી વાગોળતી કનડી રહેલી માખીઓ પૂંછડાંથી ઉડાડી રહી છે. ચારે બાજુએ જાણે એક નાદ ઉઠી રહ્યો છે. 'અમે સંતુષ્ટ છીએ. અમે તૃપ્ત છીએ. ભગવાને અમારી ધા સાંભળી છે. અમને માગ્યા મેહ આપ્યા છે. નદી અને સરોવર છલકાવી દીધાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમને ધાર્યા ધાન્ય આપ્યાં છે હવે અમે સુખનો ઓડકાર ખાઇ શકશું. નીરાંતે જીવી શકશું. અમારે કોઈની પડી નથી. દીનોનાથ અમારી ભેરે છે.'

પાદરથી થોડે દૂર ગામડાની બાર મહિનાની કમાણીનું સરવૈયું કાઢી આપતી ખળાવાડ આવી રહી છે. એ ખળાવાડમાં ચાળીસ પચ્ચીસ ખળાંઓ બાજરા, જુવાર, શીંગ મગ, અડદનાં ડૂંડાઓથી લચી પડતાં ખેડુતની વર્ષભરની મહેનત અને શ્રમની સાક્ષીરૂપ ઉચ્ચ મસ્તકે પોતાની વાત કરી રહ્યાં છે.

એ ખળાંઓનાં મધ્ય ભાગમાં કણબી રત્ના ખોડાનું ખળું છે. કણબી રત્ના ખોડા ૬૦ અને ૭૦ વર્ષની ઉંમર વચ્ચેનો ખેડુત છે. સાત પેઢીથી તેનાં બાપદાદાઓ આ ગામમાં રહીને ખેતીનો ધંધો કરી રહ્યા હતા. સાત પેઢીથી ગામની આબાદી, આબરૂ અને રક્ષા માટે અનેક પ્રસંગોએ આ કણબી પુત્રોએ પોતાના તમ મન ધનથી કોઈ પણ જાતની દરકાર કર્યા સિવાય મોટો ફાળો આપ્યો છે.

પ્રભાત થયું અને ગામડું કામે લાગી ગયું. હમણાં સુરજ રાશ—વા માથે ચડ્યો છે. ખળાંવાડમાં ધૂમ મચી રહી છે. રત્નાનાં ખળાંમાં આઠ દશ માણસ જુદા જુદા કામ કરી રહ્યા છે.

'દાદા, ઘરમાં આજે કાંઇ કઠોળ નથી. દાળ કરવા થોડી અડદની શીંગો ફોડી નાખીએ તો કામ થાય' કણબી રત્નાએ હાથમાં ફરતી માળા બંધ કરી બોલનાર પોતાના પૌત્ર મેઘજી સામે જોયું.

'શું કહ્યું ગગા ?'

'કઠોળ નથી, દાદા. આજે તો લીલું શાક પણ ગામમાં કાછીયો લાવ્યો નથી. થોડી મગની શીંગ કુટી નાખીએ તો દાળ થાય.' મેઘજીએ પહેલાં કહ્યું હતું તેટલી જ ટાઢાશથી પોતાની વાત રજુ કરી.

'જે હોય તેથી રોડવી લ્યો, બેટા, આજે તો તલાટી આવી જશે. તલાટીને ત્રણ દિથી કહી મોકલ્યું છે. રજા સિવાય આપણાથી ખળામાંથી દાણા ન લેવાય, બેટા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દાદા, તમે રોજ નાજ પાડ્યા કરો છો, પછી ખાવું શું? કઢી અને લીલું શાક ખાઈ ખાઇને હવે તો ગોઠતું નથી. આટલા બધાં મગ-અડદનાં ઢગલા ખળામાં પડ્યા છે, અને રજા સિવાય કાંઈ પણ લઇ ન શકાય એ કેવો કાયદો?' મેઘજી રાતો તાતો થઇ ગયો. 'તમે નાહક ગભરાવ છો, દાદા. આપણા દાણા અને આપણે તેમાંથી પેટમાં ખાવા પણ ન લઈ જઈ શકીયે? આપણે ક્યાં વેચવા છે? આવો તે કાયદો હોય.'

'હા, બેટા. કાયદો છે. તને ખબર ન પડે, આપણાં દેશમાં અનાજનો તૂટો છે. દાણા ગેરવ્યાજબી રીતે ન વપરાય એટલા માટે સરકારે કાયદો કર્યો છે. આપણે કાયદો પાળવો જોઇએ.'

'હું હમણાં જ તલાટીને કાગળ બીડું છું. કાલે તો જરૂર આવી જશે. આજનો દિવસ જેમ ચાલે તેમ ચલાવી લ્યો. હવે ક્યાં તૂટો છે? આખું વરસ પછી તો ઘણી જ દાળ ખાવા મળશે,' બોલીને દાદાએ પાછી માળા હાથમાં લીધી.

મેઘજીને દાદાની આ અટપટી વાત સંભળાઇ નહિ.

પોતાનાં ખળામાંથી, પોતાની મહેનતથી ઉત્પન્ન થયેલ કણ શા માટે દાદા પોતાના ઉપયોગ માટે લેતા નથી! કણબીનાં આ જુવાન પુત્રને કાયદાની સાથે જરાપણ નિસ્બત ન હતી. તેને મન કણ માત્ર માણસ જાતના ઉપયોગ માટે છે. આ કણ તો પોતાનાં ખેતરમાં, પોતાની મહેનતથી ઉત્પન્ન થયેલાં છે. વસુધામાં ગમે ત્યાં કણ હોય તે માણસ જાતને માટે કામ આવવાં જ જોઇએ. તેવું તેનું સાદું જ્ઞાન હતું. તેણે તેના દાદાને છૂટે હાથે કણનાં ભંડાર વહેંચતાં જોયાં હતા, તો પછી દાદા હમણાં શા માટે આમ કરે છે?

મેઘજી ધીરે પગલે જ્યાં પોતાનું કુટુમ્બ ખળામાં કામ કરી રહ્યું હતું, ત્યાં પહોંચ્યો. બધાં મેઘજીના આવવાની રાહ જોઈ રહ્યા હતાં. બધાને હતું, હમણાં મેઘજી આવશે અને કહેશે: 'મગ અડદ જે જોઇએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પીસવા માંડો, અને મજાનાં તાજા કઠોળની દાળ બનાવો' કરીને સર્વનાં મોઢામાં પાણી આવતાં હતાં. પરંતુ મેઘજીનાં ડગલાંમાં જરા પણ જોમ કે ઉત્સાહ જેવું દેખાયું નહિ એટલે બધા સાંભળવા ઉત્સુક બની ગયાં.

'શું થયું, મેઘજીભાઇ ?' આધેડ ઉંમરની એક સ્ત્રીએ પૂછ્યું.

'દાદા ના પાડે છે. તલાટીના આવ્યા સિવાય ખળાંમાંથી એક તણખલું પણ ઉપાડી શકાય નહિ, ભાભી.' નીચું જોઇને મેઘજી બોલ્યો અને બીજા કામ કરતાં હતાં તેની સાથે બેસી ગયો.

'દાદાને હવે ગઢપણ લાગ્યું છે. વાત વાતમાં બીએ છે.' બધાંથી દૂર થોડે છેટે કામ કરી રહેલી મેઘજીની મા તડુકી ઉઠી. "આવું તે ક્યાંય હોય? કાયદો કાયદો કરીને નકામા ડરી મરે છે. ઘરના ખેતરના મગની દાળ ખાધા સિવાય કેમ રહેવાય ?" તેણે વધારામાં પૂર્તિ કરી.

'મેઘજીભાઈ તમ તમારે થોડીક મગની શીંગો કુટી નાંખો. દાદા હમણાં મંદિરે જશે એટલે ઘેર મુકી જજો. આજ તો દાળ ખાધા સિવાય નહિ ચાલે.' ભાભીએ મેઘજીને રસ્તો બતાવ્યો. પછી કોઈ કાંઈ બોલ્યું નહિ. મેઘજી મગની શીંગો લઇને કૂટવા માંડ્યો બધાં યે થોડીવાર તેની પ્રવૃત્તિ નિહાળી અને જાણે કે સર્વ કોઇ સંમત હોય તેમ મુંગા મુંગા કામ કરવા માંડયા.

દાદાએ થોડીવારે માળા બંધ કરી. માથે પાઘડી મુકી ખળાંમાં બે–ચાર આંટા માર્યા અને હાથમાં લાકડી પકડી ગામને રસ્તે પડ્યા.

થોડી વાર થઇને સ્ત્રીઓ પણ કામ પુરૂં કરી ગામ તરફ રવાના થઇ. મેઘજી એકલો મગ તૈયાર કરવા રહ્યો. ઘણી વાર થઈ પછી મેઘજી એક પછેડીને છેડે પાલી જેટલાં મગ બાંધીને ખળાંવાડનાં ઉચાણવાળા ઢોરા ઉપરથી ગામમાં જતાં મુખ્ય રસ્તા ઉપર જવા લાગ્યો. સામેથી ઘોડા ઉપર બે માણસો આવી રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેઘજી ઘોડેસ્વાર નજીક આવી પહોંચ્યો, આગળના ઘોડા ઉપર બેઠેલી વ્યક્તિએ મેઘજીને નિહાળ્યો.

'કોણ છે ? તારી પાસે પોટકીમાં શું છે ?' તેણે મેઘજીને ટપાર્યો.

'કેમ જવાબ આપતો નથી ?' શાન્ત ઉભેલા મેઘજીને જોઇને ઘોડા ઉપર બેસનારે આગળ આવી પડકાર કર્યો, 'ઓળખતો નથી તલાટી સાહેબને ?'

'દાણા છે.' મેઘજીએ જવાબ આપ્યો. તેની જવાબ આપવાની રીત ઉપરથી લાગ્યું કે મેઘજી ગભરાઇ ગયો છે.

'ક્યાંથી લાવ્યો ?' તલાટીનાં મોઢા ઉપર ઘણા અર્થસૂચક ભાવો તરવરવા લાગ્યા.

'મારા ખળામાંથી.' મેઘજી સાવ ઢીલો થઇ ગયો. તેનાં મગજની નસો ખેંચાવા લાગી. દાદાની મૂર્તિ અને તેનાં બોલ તેનાં મનમાં તાજા થવા લાગ્યા.

'હરામખોર ! ચોરી કરે છે ? ચાલ, આગળ થા. કયાંથી લાવ્યો ? બતાવ કયાં છે તારૂં ખળું ?' તલાટી વધારે જોરથી બૂમ પાડી ઉઠયો અને તેણે તેના સાથીદાર સામે જોયું.

'આગળ થા.' સાથીદાર છેક મેઘજી પાસે ઘોડો લઈ ગયો. ધીરે ડગલે મેઘજી ઘોડાની આગળ ચાલવા લાગ્યો. થોડીવારમાં ત્રણે જણા ખળાવાડનો ઉંચો ટેરો ચડી કણબી રત્ના પુંજાના ખળામાં આવ્યા.

'ત્યાં ઉભો રહે...કોનું ખળું છે ?' આજુબાજુતાં ખળામાંથી અનેક માણસો આવી પહોંચ્યાં હતાં તેમને સંબોધીને તલાટીએ સવાલ કર્યો, અને ઘોડેથી ઉતરી સત્તાધીશની અદાથી આંટા મારવા શરૂ કર્યા.

'પટેલનું. સાહેબ.' એક કણબીએ જવાબ આપ્યો.

'કોણ પટેલ ? તલાટી સમજ્યો નહિ. 'ગામના પટેલ રત્ના પુંજાનું ?' વધુ સ્ફોટ કરીને તલાટીએ કહ્યું. 'હરામખોર! પટેલ થઇને ચોરીઓ કરે છે ? બોલાવો પંચને કાગળીયાં કરવાં પડશે. સાલાને ટીપી નાખ્યા સિવાય આ કુત્તા સમજશે નહિ.' તલાટીને મુખેથી એક પછી એક સરસ્વતિ ટપકવા માંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વા વાત લઈ જાય તેમ થોડી વારમાં નાના ગામમાં બધાને ખબર પડી ગઇ- દાદાને ખળે માણસની ભીડ જામવા માંડી. ઠાકર મંદિરમાં પ્રભુ પાસે બેસીને માળા ફેરવી રહેલા દાદાએ વાત સાંભળી અને મૂકી શકાય તેટલા જોરથી દોટ મૂકી. 'પટેલ થઇને આવા ધંધા કરો છો ?' તલાટીએ દાદાને ઉધડા લીધા.

'સાહેબ, બાળક છે. ભૂલ કરી લાગે છે.' બે હાથ જોડીને પટેલ બોલ્યા 'આટલો ગુન્હો માફ કરો. મારા સામું જુઓ.'

'કાયદો બધાં માટે સરખો. આવો ગુન્હો માફ કરીએ તો કોઇ કાયદો પાળેજ નહિ.' તલાટી કાગળ ઉપર અક્ષર પાડવા માંડ્યો.

થોડીવાર પછી તલાટીએ કાગળ તૈયાર કરી પંચોની સહી લીધી. મુદ્દામાલ કબજે કરી, મેઘજીને લઇ જવા તૈયાર થયો.

દાદાએ તલાટીનાં પગ પકડી લીધા. 'બાપા મારો આટલો ગુન્હો માફ કરો. છેવટે મારો કેસ માંડવો હોય તો માંડો, પણ મેઘજીને પકડો નહિ. હું તમે કહેશો ત્યાં લઇને આવીશ. મારા ઉપર આટલો ભરોસો રાખો.'

'નહિ, તમારે જામીન થવું હોય તો તાલુકે આવજો. મારે તો કાયદા પ્રમાણે બધું કરવું પડશે. તમારી શરમ રાખું છું. મેઘજીને દોરડે બાંધીને લઇ જતો નથી. બસ, બીજું મારાથી કાંઇ થઇ શકશે નહિ.'

'મારૂં ઘડપણ બગડે છે, બાપા,' પટેલે ફરીથી હાથ જોડ્યા.

'પટેલ, તમારૂં કંઇ ચાલશે નહિં. નાહક વખત બગાડોમાં. શરમાતાં નથી. તમે ઉઠીને કાયદો તોડો છો.' તલાટીએ ધર્મ સમજાવ્યો.

છેવટે મેઘજીને લઇને તલાટી, ગામનાં એ રળિયામણાં પાદર ઉપરથી ચાલી નીકળ્યો. બન્ને ઘોડેસ્વારની વચ્ચે ચાલતો મેઘજી વડલાનાં ઝૂંડમાં નાચતાં મયૂરો અને ટહુકતી કોયલની સામે જોતો જતો હતો.

જામીન ઉપર છૂટીને ઘેર આવેલા મેઘજીનો મહિના પછી કેસ ચાલ્યો. ન્યાયાધીશે તલાટીની વાત માની અને પટેલ જેવા જવાબદારી ભર્યા માણસના દીકરાને સારો બોધપાઠ આપવો જોઇએ, જેથી બીજાને પણ દાખલો બેસે, એમ ધારી દંડ ઉપરાંત એક મહિનાની સાદી કેદની સજા પણ કરી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂન

જગત શાન્ત હતું, પૂનમની રાત પૂર્ણ કળાએ પ્રકાશ પાથરી રહી હતી, હું મારા મકાનની અગાસીમાં આંટા મારી રહ્યો હતો, મારા ઘરની આજુબાજુ અનેક મકાનોની અગાસીઓમાં આવી જ રીતે ચંદ્રમાના તેજને ઝીલતાં અનેક રસલ્હાણ માણી રહ્યાં હતાં. આ બધું જોઇને ઘડીભર આપણને એમ થયા વગર ન રહે કે જગત કેવું છે? રસ, આનંદ અને સુખથી ભરેલું.

અડધી રાત થઈ ગઈ હશે: અગાસીમાં હું એકલો જ હતો. ઘણા આંટા મારીને થાકયો એટલે આરામખુરસી ઉપર પગ લાંબા કરીને પડયો. અનેક વિચારો મારા મનને ઘેરી વળ્યા. આજુબાજુની અગાસીઓ ધીરે ધીરે ખાલી થવા માંડી હતી. મુંબઇગરાઓમાં જાણે કે એક રિવાજ જેવું થઈ ગયું છે. ઘણી વાતમાં આપણને એમ લાગે કે મુંબઇગરાઓ મોટાભાગની વસ્તુઓ માત્ર દેખાદેખી ખાતર કરતા હોય! એક માણસ અગાસીમાં આવ્યો એટલે બીજો પણ આવશે. એક માણસ ચાલી જશે એટલે બીજો પણ બહુ વખત લગાડશે નહિ; હવે માત્ર કયાંકથીજ રડયોખડયો અવાજ આવતો હતો. મને ઉંઘ આવતી નહોતી એટલે હું પડયો હતો; આમ એકાદ કલાક બીજી વીતી ગઈ હશે.

'હું તારૂં ખૂન કરીશ' શાન્ત વાતાવરણમાં સનસનાટી ભરી મૂકે એવા શબ્દો એકાએક મારે કાને પડયા. ઘડીભર તો હું શબ્દો સાંભળી સજ્જડ જેવો થઇ ગયો. નાટકી અદાથી બોલાયેલાં આવા શબ્દો... અત્યારે મધરાતે! કોણ બોલે? મને થયું: મારો ટીખળી પાડોશી જમનાદાસ, કદાચ મને અહીં બેઠેલો જોઇને આજુબાજુમાં કયાંક છુપાઇને ટીખળ કરતો હશે. હું જરા સ્વસ્થ થયો અને ફરીથી અવાજ આવે છે કે નહિ તે સાંભળવા કાન માંડયાં.

સં. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આજે તારો છેલ્લો દિવસ છે. હું તારૂં ખૂન કરીશ!' ચોખ્ખા કોઇ પણ જાતના ભય કે થડકાર વગરના શબ્દો ફરીથી મને સંભળાયા. માણસ લગ્નની વાત, સુખની કે રોગથી પીડાતી વખતની વેદનાની ચીસ આવી રીતે પાડી શકે. પરન્તુ ખૂન કરવાની વાત માણસ આટલી શાન્તિથી, વીણી વીણીને કેમ બોલી શકે?

હું ઊઠીને અગાસીની પાળ ઉપર ગયો, આજુબાજુ જોવા લાગ્યો. ફરીથી અવાજ આવે તો પકડી શકું. થોડીવાર શાન્તિમાં પસાર થઇ.

વળી પાછો અવાજ આવ્યો: 'આજે મારા જીવનમાં આ સાતમું ખૂન કર્યા સિવાય મને ઝંપ નહિ વળે. તારૂં લોહી પીશ એટલે મારા જીવને ટાઢક વળશે.'

અવાજ મારા મકાનની સામેના ઘરમાંથી જ આવતો હતો. ધીરજલાલ દલાલ જેવા શાન્ત, 'નીરાડંબરી' સીધા માણસના ઘરમાંથી આવી મધરાતે ખૂનની વાત કોણ કરતું હશે! ધીરજલાલને મેં દિવસે ઊંચે અવાજે બોલતાં પણ સાંભળ્યાં ન હતા, તેનાં પત્ની શારદાએ પણ અમારા પાડોશમાં સંસ્કારી ભણેલી સ્ત્રી તરીકે ઘણી જ નામના મેળવી હતી. ગૂંચ વધુ ઊંડી થઇ ગઇ. વધુ વિચાર કર્યા સિવાય કે તર્ક લડાવ્યા સિવાય જિજ્ઞાસાને સંતોષવા અને કંઇ વિપરીત વાત હોય તો શક્ય તેટલી મદદ કરવા હું નીચે ઊતરવા લાગ્યો. નીચે પહોંચ્યો ત્યારે હું પરસેવાથી નીતરી રહ્યો હતો.

ધીરજલાલ દલાલના ઘરમાં પાંચ સાત માણસો ઊભાં હતાં, દલાલ પોતે અને તેના પત્ની બન્નેએ લાચાર થઇને એક અલમસ્ત જેવા માણસને પાછળથી પકડી રાખ્યો હતો; પેલા અલમસ્ત માણસના હાથ, એક સ્રીની ગરદનની આજુબાજુ વિંટળાયેલા હતા. દૃશ્ય જોઈને હું ઘડીભર કમકમી ઊઠ્યો. આ શું માણસ આવી રીતે ખૂન કરી શકે? આટલા બધા માણસોની હાજરીમાં? અને તે પણ એક સ્ત્રીનું. હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકદમ આગળ ધસી ગયો અને પેલાં માણસને ડરાવતો હોઉં તેમ જોરથી બૂમ પાડી ઊઠયો.

'કોણ છે? આ શું કરો છો? પોલીસ પોલીસ!'

'અરે ગગન, આ શું કરો છો? બૂમાબૂમ શા માટે કરો છો? શાન્ત થા.' ધીરજલાલે મને બૂમ પાડતો અટકાવ્યો:

હું સમજ્યો નહિં. દલાલ શા માટે મને રોકે છે: મારી બૂમ સાંભળીને પેલા અલમસ્ત માણસે સ્ત્રીનું ગળું છોડી દીધું અને એક ઝપાટાથી મારા તરફ ફર્યો. હું ચમકયો. ક્યાંક મારૂં ગળું તો પકડશે નહિં?

'આ આવ્યા મિસ્ટર, તમે કોનું ખૂન કરીને આવ્યા છો? તેણે મારા તરફ એક ઉગ્ર નજર ફેંકી. હું ચમકયો: આ માણસ શું બોલે છે. 'ના પાડો છો? આજે તમે ત્રણ ખૂન કર્યાં છે. બધાની મને ખબર છે.' તેણે આગળ ચલાવ્યું 'ચારે તરફ ખૂન જ થઇ રહ્યાં છે, તમે શું આ ધીરૂભાઈએ, શારદાબહેને, આ મારી સ્ત્રી (જેનું તેણે ગળું પકડયું હતું, તેના તરફ આંગળી ચીંધી) તેણે પણ ખૂન જ કર્યું છે. ઘડીએ ઘડીએ, ડગલે ડગલે, ચારે તરફ ખૂન થયાં જ કરે છે. 'ખૂન, ખૂન' આવેગથી બોલીને તેણે જોરથી રડી દીધું અને લમણે હાથ મૂકીને નીચે બેસી ગયો.

'મેં તમને કહ્યું હતું ને અમારા આવવાથી તમે વગર કારણે ઉપાધિમાં આવી પડશો,' પેલા ગૃહસ્થ જે નીચે બેસીને રડી રહ્યા હતા તેના પત્ની જે અત્યાર સુધી શરમનાં માર્યાં નીચે બેસી રહ્યાં હતાં, તે ઉઠયાં અને તેની પાસે આવી તેને રડતા બંધ કરવા માટે માથે હાથ ફેરવવા માંડયાં, જેમ જેમ સ્ત્રીનો હાથ માથે ફરવા લાગ્યો તેમ તેમ પેલા ભાઇ જોરથી રડવા માંડયા!

'હું ક્યારે છુટીશ?' 'મેં ઘોર કૃત્યો કર્યાં છે' રડતાં રડતાં તેઓ વચ્ચે વચ્ચે આવું બોલતાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભાઇ તમે બહાર જાવ' હમણાં શાન્ત થઇ જશે: સ્ત્રીએ અમારી સામે કહ્યું:

દલાલે મારી સામે જોયું. અમે બધાં રૂમની બહાર નીકળી ગયાં: શારદા પણ સાથે જ નીકળી. ચાલીમાં ગયાં પછી ધીરજલાલે મને થોડીક વાત કરી.

'મારા સાઢુ છે, ગઇ કાલે હું તેમને મારે ઘેર તેડી લાવ્યો છું; બિચારાનું મગજ ખસી ગયું છે. હેરાન હેરાન છે.' તેની સ્ત્રીએ આવવા માટે ઘણી આનાકાની કરી તેને કદાચ ખબર હશે કે આવું ધાંધલ થશે. દુઃખને વખતે આપણે ફરજ બજાવવી જોઇએ ને?

'ક્યારે ગાંડા થઈ ગયા છે? ઉપાયો કેમ કરતા નથી,' મેં દિલસોજી બતાવવા પ્રશ્ન કર્યો.

'ત્રણ ચાર મહિના થયા હશે. અમને એટલું બધું આશ્ચર્ય થાય છે કે આવો માણસ ગાંડો કેમ બની જાય.' દલાલને ઉદ્દેશીને પૂછાયેલા પ્રશ્નનો જવાબ શારદાએ વાળ્યો. હું જોઇ શકયો કે તેના મોઢા ઉપરથી રસકસ ઉડી ગયો હતો. બહેન અને બનેવી ઉપર તેને ઘણો જ પ્રેમ હતો. તેની ઇચ્છાથી જ બહેન અને બનેવી અહીં આવ્યાં હતાં.

'ત્રણ મહિના પહેલાં તો સાજાતાજા હતા. પોતાનો ધંધો પણ ધીકતો ચાલતો હતો; પતિ અને પત્ની વચ્ચે ખૂબ જ મેળ હતો. એવો કે ઘણા એમના જીવનની અદેખાઇ કરે!' દલાલે વાત આગળ ચલાવી.

'શેર બજારમાં દલાલી કરવાનો એમનો ધંધો હતો, દલાલીમાં એમણે સારી નામના મેળવી હતી. કમાણી પણ ઠીક હતી. ખરચ કાઢતા, થોડું ઘણું બચાવ્યું હતું.

એક દિવસ એમણે એક સિપાઇને રૂ. ૧૦૦૦૦ દસ હજાર રોકડા ભરવા બેન્કમાં મોકલ્યો, કોઇ મવાલીને ખબર પડી ગઇ, તે સિપાઇની પાછળ પડયો. એ ચાર કલાક સુધી સિપાઇ પાછો ન આવ્યો, બીજે કામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો હશે એમ ધારી થોડી વાર બધાએ શાન્તિ રાખી, સાંજના સાત વાગ્યા સુધી તેનો પત્તો લાગ્યો નહિં. આખરે મારા સાહુભાઇ મુંઝાયા, દસ હજાર જેવી રકમ? આવતી કાલે તેમને વલણ ચૂકવવાનું હતું. તેમનાં દિલમાં ભયંકર તુફાન ઉઠ્યું. તેમણે સિપાઈની તપાસ શરૂ કરી સિપાઇનો કોઇ જગ્યાએ તેમને પત્તો લાગ્યો નહિ. તે સવારથી નીકળ્યો પછી હજુ સુધી ઘેર પોછો પહોંચ્યો ન હતો.

શું થયું હશે? ઑફિસનાં માણસોએ અનેક તર્ક કર્યાં અને બધા મારા સાઢુભાઈની સાથે સિપાઈની શોધમાં લાગી ગયા. પોલીસને ખબર આપી, પોલીસ પણ તપાસ કરવા લાગી. બીજે દિવસે સવારે એક વરલી પાસેથી સિપાઈની લાશ મળી આવી. પોલીસે મારા સાઢુભાઇ અને ઑફિસનાં માણસોને ખબર આપી. 'સિપાઇનું ખૂન થયું છે, તેના શરીર ઉપરથી દસ હજાર રૂપિયા તો શું પણ એક પાઇ પણ મળી નથી.'

મારા સાઢુભાઇ પોલીસની વાત સાંભળી એક શબ્દ પણ બોલ્યા નહિ; જડ માણસની માફક થોડો સમય બેસી રહ્યા, ગાંડો માણસ દોટ મુકે તેમ દોડ્યા અને સરિયામ રસ્તા ઉપર બૂમ મારતા ગયા: 'ખૂન' 'ખૂન' 'ખૂન'...

સર્વે કોઇ ધીરજલાલની વાત સાંભળી મૂઢ જેવા બની ગયા. મેં રૂમની અંદર નજર કરી, પહેલા ગૃહસ્થ બીલકુલ શાન્ત થઇ ગયા હતા અને પથારીમાં લાંબા થઇને પડ્યા હતા. તેના પત્ની ઓસીકા પાસે બેસીને હજુ પણ તેને માથે હાથ ફેરવી રહ્યાં હતાં.

'બસ તે દિવસથી એમને સારા જગતમાં ખૂન જ દેખાય છે. દિવસમાં બેચાર વખત 'ખૂન' 'ખૂન' કરીને બૂમ મારે છે. કોઇ પણ આવે છે તો તે ખૂન કરવા જ આવ્યા હશે એમ માને છે.' હલાસે વાત આગળ વધારી.

'કોઇને મારે છે?' મેં જીજ્ઞાસા બતાવી. 'ના, કોઇને પણ નહિ, માત્ર કોઇ વખત મારાં સાળી તેના પતિનું ગળું પકડે છે, અને આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું તેમ છોડી દીધા પછી ખુબ રડે છે.' દલાલના શબ્દોથી અમારી અજાયબી પરિસીમાએ પહોંચી.

જગત વિચિત્ર છે. શું શું નહિ બને! માણસના દિલને કોઈ કારમી પળે ચોટ લાગી જાય છે. જેને લાગી હોય તે જ માત્ર જાણી શકે. આવી સ્થિતિ મને આમની લાગી.

'વરલીની પાળ ઉપર થયેલાં ત્રણ ખૂન' સ્હવારના છાપાના ફેરીયાએ બૂમ મારી: અમે બધાં ચોંકી ઉઠયાં, રાત પુરી થઈ હતી તેનો ખ્યાલ આવ્યો. અને અમે સર્વ ઘરે જવા સજ્જ થયા.

છાપાના ફેરીયાના 'ખૂન' શબ્દની બૂમ સાંભળીને ધીરજલાલનાં સાઢુભાઇ પથારીમાંથી સફાળા ઊભા થયા અને 'ખૂન' 'ખૂન' સારૂં 'ખૂન' કોણ કરે છે?' બૂમ પાડીને શોરબકોર કરી મૂકયો.

જતાં જતાં અમારા મગજ અને વિચારોમાં પણ આજ પડછંદા હતા. 'ખૂન' 'ખૂન.'

★

—૧૩—

રૂમ નંબર ૬૪

મુંબઇમાં એક દિવસ ઉગ્યો. રોજ બને છે તેમ ઉષાએ રવિરાજનાં રથને કુમકુમના વધામણાં કર્યા, માન મરતબા સાથે સૂર્ય-નારાયણ પધાર્યા, એમણે એમની ખાનદાની પ્રમાણે પ્રકાશ પાથરવો શરૂ કરી દીધો, અને સમજીને કે બધાયને સરખો લાભ મળે. પરંતુ અમથા પુંજાની ચાલી આ લાભ લેવા હંમેશની માફક આજે પણ જડ થઇને બેઠી હતી. સૂર્યનાં પ્રકાશની સામે જાણે કે યુદ્ધ માંડ્યું હોય તેવી એની બાંધણી ભાગ્યે જ પ્રકાશને ચાલીનાં વસનારાઓને લાભ લેવા દેતી. છતાં આ અંધારી ચાલીમાં સમયની કીંમત બધા સમજતાં. છેક ચાર વાગ્યાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટી નિશાળમાં નિશાળીયા કોલાહલ કરી મુકે, તેવી ગરબડ શરૂ થઇ જતી. ચાર વાગ્યાથી, પાણીના નળ ઉપર ધમાલ શરૂ થતી. મુંબઇની મ્યુનીસિપાલીટીનો ઉદારતાથી અપાતો, પાણીનો પ્રવાહ પાંચ વાગ્યા સુધી ભાગ્યે જ ચાલતો. આ કલાકના ગાળાંમાં લગભગ ૪૦૦/૫૦૦, કુટુમ્બોની સ્ત્રીઓ, નળ ઉપર કતાર લગાવી, પાણીનો જથ્થો એકઠો કરી લેતી. સમરાંગણે ચડેલા યોદ્ધાઓના જેવી તે લાગતી. ચાલીના દુર્ગંધભર્યા જાજરૂની પાસે માણસાઇના દરેક ધર્મને વિસરી ને નાના મોટાનો ખ્યાલ છોડીને એ અનોખા પ્રકારની રમત મંડાતી. સર્વને જાજરૂનો લાભ એક સાથે જ લેવો હતો !

યાતના, દુઃખ અને દારિદ્રયનાં સંપૂર્ણ સાધનોથી વિભૂષિત, અમથા પૂજાની ચાલમાં રોજની જેમ આ બધું શરૂ થઇ ગયું હતું. પરન્તુ કોણ જાણે કેમ ત્રીજા માળની રૂમ નં. ૬૪ હજુ ખુલ્લી ન હતી. સાત થયાં, છેવટે નવ વાગ્યા, છતાં રૂમ નં. ૬૪નું બારણુ હજુ બંધ હતું. ઘણો પગરવ રૂમ પાસેથી થઇ ગયો. કોઇકની નજર પણ રૂમનાં બારણાં ઉપર પડી પરન્તુ કોઇને હજુ રૂમ કેમ બંધ છે તેનો વિચાર કરવાનો વખત મળ્યો ન હતો. સવારની પ્રવૃત્તિમાંથી પરવાર્યા પછી રૂમ નં. ૬૭ નાં ભાડુત રૂમ પાસેથી નીકળ્યાં. એમણે બારણું બંધ જોયું. પ્રથમ વાર તે બારણા પાસે સહજ અટક્યાં, તેમના કપાળ ઉપર થોડીક કરચલીઓ વળી. સહજ વિચાર પણ કર્યો, પરંતુ એ સિવાય એમણે કશો પ્રયત્ન કર્યો નહિ.

ધીરે ધીરે લગભગ ત્રીજા માળની બધી જ ઓરડીઓમાં ખબર પડી ગઇ કે રૂમ નં. ૬૪ નું બારણું હજુ ઉઘડ્યું નથી, બધાયના મુખમાં એક પ્રશ્ન આવીને બહાર નીકળવાની તૈયારી કરતો હતો, બારણું કેમ ઉઘડ્યું નથી. છતાં હજુ કોઇએ પહેલ કરી ન હતી. સર્વના મનમાં એમ હતું કે જાણે કંઇક વિપરીત બની ગયું છે છતાં હજુ કોઈ બોલ્યું ન હતું. બધાં પોતપોતાના કાર્યોમાં મશગુલ હતાં. જાણે તેમને જોઈને આપણને એમ થાય કે કશું બન્યું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂમ નં. ૬૪ નો ભાડુત આણંદજી મોહનલાલ અને તેમનાં પત્ની ગૌરીબાઇ, ગઇ કાલે રાત્રે મોડેથી બહારથી આવ્યાં હતાં એવી માહિતિ રૂમ નં. ૬૫, ૬૬ માં હતી, પરંતુ બહારથી આવ્યાં ત્યારે બન્ને સાજાતાજા લાગતાં હતાં. ખાસ કોઇ જાતની અણધારી કે વેગળી વાત તેમનાં ઉપરથી લાગી નહતી, તો પછી અત્યાર સુધી ઉઠયાં કેમ નહિ હોય? મુખ્યત્વે ચાલીના વહેલાં ઉઠનારાઓમાં તેમનું નામ ગણાવી શકાય તેમ હતું. નિયમિત જીવન ગાળવામાં ચાલીમાં તેમનો મુકાબલો કરવો મુશ્કેલ ગણાય.

અનેક અનુમાનો થવાં લાગ્યાં, કોઈકે કહ્યું, 'કદાચ સવારમાં વહેલાં બહાર નીકળી ગયાં હશે.'

'ના—ના' બીજાયે જવાબ આપ્યો, 'તાળુ માર્યા સિવાય બહાર જાય નહિ.'

'મોડે સુધી જાગ્યાં હશે, એટલે ઉંઘના ઘારણ ચઢી ગયા હશે.' કોઇકે નમ્ર મત આપ્યો.

'કોઇકે વળી, માંદગીની વાત કરી, કોઈકે કહ્યું, ખરાબ ખોરાક ખવાઈ જવાથી કયાંક ઝેર ચડયું હોય નહિં.'

'રાત્રે કોઈ હરામ હલાલીએ આવી ખૂન તો નહિં કર્યું હોયને?' થોડીવાર શાન્તિ ફેલાયા પછી, વાતમાં ભળનાર એક નવા પાડોશીએ તુક્કો લડાવ્યો.

'ખૂન' શબ્દ ભડકામણો છે. બધાં વાત સાંભળીને થોડીવાર અવાચક બની ગયા. સર્વ કોઇને થયું, જરૂર ખૂન જ થયું હશે. જો ખૂન થયું હોય તો સ્થિતિ ખરેખર વિપરિત ગણાય.

થોડા ઘણાં હિંમત એકઠી કરતાં હતાં. નરમાશથી એમ કહેવાની વૃત્તિ દાખવવાની તૈયારી કરતાં હતાં કે આ બધી ચર્ચા અહિં એઠાં કરવાથી શું ફાયદો? ચાલો, રૂમ ઉઘાડી તપાસ કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમણાં જ બધી વાતની ચોખવટ થઇ જશે પરંતુ ખૂત શબ્દ સાંભળીને આવા લોકો મનમાં આવેલા વિચારને દબાવી ગયા.

'શું થયું હશે વળી?' વાત ઉપડી.

'ચાલો, આપણે બારણું ખોલીને જોઈ લઈએ, હમણાં ખબર પડશે. સૌથી નાની ઉંમરના લાગતા એક માણસે બધાંનાં મનમાં જે વાત ઘુંટાતી હતી, તે કહી !'

'હાં:' બરાબર છે. તે સિવાય હવે બીજો રસ્તો નથી.' બીજાએ ટાપસી પૂરી.

'આપણે એકલા શા માટે જોખમ ખેડીએ?' બોલાવો બધાને ચાલીનાં દરેકને, એક આધેડ વર્ષનાં માણસે ચોક્કસાઇ બતાવી.

જોતજોતામાં ચાલીનાં લગભગ દરેક માણસને બોલાવવામાં આવ્યો અને આ મંડળમાં વધુ વાત કરતાં, મોવડી જેવા એક માણસે શાન્તિથી કહ્યું.

'ભાઇઓ,' રૂમ નં. '૬૪' આણંદજી મોહનલાલની રૂમનું બારણું હજુ સુધી ઉઘડ્યું નથી, અમે પરિસ્થિતિનો બધી રીતે વિચાર કરી જોયો છેવટે અમારો મત એવો થયો છે કે 'આપણે બારણું ખોલીને જોવું જ પડશે.'

'કોની રૂમ છે?' મલમલની કફની પહેરેલા એક ગૃહસ્થે પૂરૂં સાંભળ્યું ન હોય તેમ પૃછ્યું.

'આણંદજી મોહનલાલ'ની.

'આણંદજી મોહનલાલ' બે ચાર જણા સાથે બોલી ઊઠ્યાં.

'ઓળખી શકવા કઠણ છે. તેઓ કોઇ દિવસ ખાસ ચાલીમાં ભળતાં નહિ; સ્થિતિ સારી નહિં હોય એમ તેના દેખાવ, ઓરડીના સ્થિતિ વગેરે ઉપરથી લાગતું. બિચારાં લાચાર જેવાં લાગતાં હતાં.' મોવડી જેવા માણસે પુરતી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઠીક. હશે.' કોઈને આણંદજી મોહનલાલમાં ખાસ રસ પડયો નહિ. આણંદજી મોહનલાલ કદાચ આ ચાલીમાં સૌથી વધુ ગરીબ હશે, એમ લાગ્યા સિવાય રહે નહિં.

'છેવટે બધાં સંમત થયાં, અને રૂમની પાસે જ બારણું ખોલવા માટે જવા પહેલાં યોજનાપૂર્વક આગળ વધ્યાં. બે જણાં દાદરનાં છેલ્લે પગથિયે ઊભાં રહ્યાં. રખે કોઇ આવી જાય તો તૂર્ત જ ખબર આપી શકાય. બીજાની તો ઠીક પણ પોલિસની આવા કામમાં ખાસ દહેશત રહે. જો કે પોલિસ આ ચાલીમાં આવવી શક્ય ન હતી. છતાં ચેતવણીરૂપે પેલા મોવડીએ બધી ગોઠવણ નિયમસર કરી હતી.

છેવટે બધાં બારણાં પાસે ગયાં. એક જણાએ ધક્કો માર્યો. ધક્કો મારનારના મનમાં હતું કે બારણું જરૂર અંદરથી બંધ જ હોવું જોઇએ એટલે ધક્કો મારતી વખતે તેનાથી જરા વધારે જોર કરાઈ ગયું. અંદરથી બંધ નહિ કરવામાં આવેલું બારણું ધક્કો લાગતાં ખુલી ગયું. અંદર ડોકું કરી, શું છે તે જોઈ લેવાની વૃત્તિ બધાની સરખી જ હતી. એટલે જેવું બારણું ખુલ્યું કે તૂર્ત જ એકસામટા બારણાની બહાર ઝળુંબી રહ્યાં. પરંતુ કોઈ અંદર ગયું નહિ.

ચાલીનાં ઝાંખા પ્રકાશમાં ખોલીમાં બે વ્યક્તિ એકબીજાને વળગીને સૂતી હોય તેમ પડી હતી.

'શું છે? દેખાય છે?' કોઇ એક અવાજ આવ્યો.

'હા છે,' આગળ ઉભેલા એકે આપ્યો: 'સૂતા છે.'

'બૂમ મારો' બીજાએ ઉપાય સૂચવ્યો.

'આણંદજી, એ આણંદજી, 'ગૌરીબાઈ ઊઠો–ઊઠો' એ ત્રણ જણ સામટાં બોલી ઊઠયાં

પ્રતિકાર સાંપડયો નહિ કે કોઇ સળવળ્યું નહિ.

'ઢંઢોળો' એક ઉતાવળિયો જુવાન આગળ વધીને અંદર ગયો. તેની પાછળ સર્વે જણાં ઘૂસી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આણંદજી મોહનલાલ અને તેનાં પત્ની ગૌરીબાઇ ઊંઘતા હતા. પરન્તુ તે નિંદ્રા કદાપી ઉડી શકે તેવી ન હતી. મૃત્યુએ તેમને આ જગતની આળપંપાળથી મૂક્ત કર્યા હતાં.

લોકોએ તેમને ઢંઢોળ્યા; હલાવી જોયા; પરંતુ મૃત્યુ જેમને ઊંઘાડે છે તેમને કોણ જગાડી શકે?

'મરી ગયાં છે' છેવટે એક માણસે મોટા દબાણ નીચે વાત કરતો હોય તેમ જાહેર કર્યું

'હેં! કેમ?' અનેક મુખો બોલી ઉઠ્યાં.

એક માણસે બત્તી શોધી કાઢી, પ્રકાશ થયો; એટલે સ્થિતિ સ્પષ્ટ થઇ.

'બધાં બહાર નીકળી જાવ.' એક ડાહ્યા માણસે સલાહ આપી. 'નકામું લફરૂં થઇ પડશે.'

પગ નીચે સાપ આવે અને માણસ ભાગી છુટે તેમ બધાં બહાર નીકળી ગયા. આખા માળામાં વાત ફરી વળી.

થોડીક ધમાલ થઇ ન થઈ ત્યાં પોલીસ આવી પહોંચી અને રૂમનો કબજો લીધો. ચાલીમાં દરેકનો જીવ, ઊંચે ચડી ગયો હતો.

પોલીસે ઓરડીનો કબજો લીધો; મડદા તપાસી જોયાં, મૃત્યુ માટે કાંઇ પણ કલ્પના કરે તે પહેલાં મરનારની પથારીમાંથી એક ચિઠ્ઠી મળી. ગુજરાતી ભાષામાં લખાયેલી ચિઠ્ઠી વાંચવા પારસી પોલીસ અમલદારે ચાલીના એક ગૃહસ્થની મદદ લીધી.

'હે પરમ કૃપાળુ! અમે બન્ને આપઘાત કરીએ છીએ, અમને ખબર છે આપઘાત કરવો તે પાપ છે પરન્તુ આ જગતમાં જીવવું એ તેથીએ મોટું પાપ છે. ત્રણ દિવસથી અમારી પાસે જીવવાનું સાધન ગણાય તેવું કાંઇ નથી રહ્યું. અન્નનો દાણો કે અન્ન જેનાથી લાવી શકાય તેવી એક પણ વસ્તુ, પૈસા, ઘરેણું કે વેચી શકાય તેવી એક પણ ચીજ નથી. જીવવા માટે અમે ઘણાં તરફડિયા માર્યાં. અમારે જીવવું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરન્તુ આપને આ ગમતું નહિં હોય કારણ કે જગતમાં કોઈને દયા નથી. પણ આપના દરબારમાંથી પણ દયા પરવારી ગઈ છે, નહિતર આવા મોટા જગતમાં અમને જ કામ ન મળે? જીવવા માટે જેટલા પ્રમાણિક રસ્તાઓ લઈ શકાય તેટલાં લીધા પરંતું એકેયે ફળ્યો નહિં. છેવટે કાં તો ભીખ માગીને જીવવું કે મરવું, એમાંથી એકજ રસ્તો રહ્યો. છેવટે અમને લાગ્યું મૃત્યુજ અમને શાંતિ આપશે. પ્રભુ સર્વને સદ્બુદ્ધિ આપે અમને તારે ખોળે લઈ લે.'

કાગળ વંચાઈ ગયો વાંચનારે બહાર નીકળી ખબર કર્યા. 'આપઘાત કર્યો છે' બધાનો જીવ હેઠો બેઠો. હાશ! તેમને માથે કાંઇ આવે તેમ નથી.

એક પણ જીભમાંથી અરેરાટી નીકળી નહીં. નિર્ધનની જગતમાં કોને પડી છે?

થોડોક સમય થયો; આણંદજી મોહનલાલ અને ગૌરીબાઇનાં શબને મ્યુનિસિપાલિટીની ગાડીમાં નાંખી મુંબઈના સરિયામ રસ્તે હોસ્પીટલને રસ્તે પોષ્ટમોર્ટમ કરવા રવાના કરવામાં આવ્યાં.

અમથા પુંજાની ચાલી અણીખમ બચી ગઇ. કયાંયથી એક ડુસકું એક નિસાસો, એક પણ હૈયાવરાળ સંભળાણી નહીં.

★

—૧૪—

પરમ પૂજ્ય પિતાશ્રીની પવિત્ર સેવામાં...

પ્રભાતમાં કુકડા બોલ્યાં, પરન્તુ આજે રામશંકર આચાર્યના પ્રભાતિયાના સૂરો સંભળાયા નહીં. પાડોશમાં રહેતા સર્વ કોઇને મનથી આ ખરેખર આશ્ચર્યનો વિષય હતો. નિત્ય પ્રભાતના વાતાવરણને મહેકતું કરતાં રામશંકર આચાર્યના સૂરો આજ કેમ સંભળાયા નહીં? બીજૂં તો કોઈ બોલ્યું નહિ પરંતુ રામશંકર આચાર્યના પાડોશી જીણી ડોશીથી રહેવાયું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમ, રામજીભાઇ, આજ ડરી ગયા છો ? તમારો કૃષ્ણમુરારી આજે કેમ ઊંઘે છે ? જગાડો, જગાડો, મોડું થઇ ગયું. ઘણું મોડું થયું.'

ડોશીનો પડકાર પણ વ્યર્થ ગયો ન મળ્યો ઉત્તર કે ન આવ્યો પ્રભાતિયાનો સૂર. જીણી ડોશી વધુ રાહ જોઈ શક્યાં નહિ. ઊઠયાં અને રામશંકર આચાર્યની ખડકી ઉઘાડી ફળીમાં દાખલ થયાં.

રામશંકર આચાર્ય ઓશરીની કોર પર બેઠા હતા. એમના ચહેરા પરથી દેખાતું હતું કે આચાર્ય વ્યગ્ર છે, કોઇ જાતની ગહરી ચિંતા તેમને ઘેરી વળી છે.

'કાં રામજીભાઇ શરીર બગડ્યું કે શું?' ડોશી ઓશરીનાં પગથિયાં ચડીને કોર ઉપરની થાંભલી પકડીને શ્વાસ લેવા ઉભા રહ્યાં.

'ના. જીણીબહેન ઠીક છે.' આચાર્યે જવાબ આપ્યો. પરન્તુ તેમના જવાબમાં ઉત્સાહ ન હતો.

'શું થયું છે યશોધરા બહેન ?' જીણી ડોશીએ આચાર્યનાં પત્નીને બૂમ મારી. 'કેમ દેખાતાં નથી ?'

'આવો જીણી બહેન.' યશોધરા બૂમ સાંભળીને ઘરમાંથી બહાર નીકળ્યાં. 'શું થયું છે; આજે બંને જણા કેમ વેરણછેરણ જેવાં છો.' યશોધરાને જોઇને પણ ડોશીને ઉત્સાહ આવ્યો નહિ. તેમને થયું નક્કી ઘર પર કાંઈક ચિંતા ફરી વળી છે. જીણી ડોશીનો શ્વાસ ઊંચો ચડી ગયો. નક્કી કાંઇક એવું બન્યું છે; નહિતર આખા ગામમાં સ્થિર બુદ્ધિ ગણાતા શાંત, વિનમ્ર, ડાહ્યા રામશંકર આચાર્ય અને સુશિલ યશોધરાબહેન જેવાં માણસ એકાએક રડમસ ચહેરે પ્રભાતનાં પહોરમાં કેમ વિલોપાય જાય.

ડોસીએ ગૂંચ ઉકેલવા પ્રયત્ન કર્યો. 'યશોધરા બહેન શું બન્યું છે કાગળ આવ્યો છે.' યશોધરા ધીમેથી બોલી તેને ખાતરી હતી કે આચાર્યને આ વાત ગમશે નહીં. પરંતુ જીણીડોશીનાં પ્રેમ આગળ, તેને હવે કહ્યા સિવાય છૂટકો ન હતો.

'ક્યાંથી, મુંબઈથી !' ડોશી વિહવળ બની ગયા, માત્ર કાગળ આવ્યો છે આટલા શબ્દોથી ડોશી આખી પરિસ્થિતિ સમજી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચાર્યનું આખું કુટુમ્બ, બે દીકરા–બન્નેની વહુ, છોકરાઓ બધાં મુંબઇમાં જ રહેતાં હતાં.

ડોશીને થયું નક્કી કાંઇક માઠા સમાચાર આવ્યા હશે.

'છે તો બધાં સારાં નરવ્યાને?' ડોશીની આતુરતા વધતી જતી હતી.

'હા! ખાસ કાંઇ નથી. પરન્તુ કાગળથી એક મોટો સવાલ ઊભો થયો છે.' યશોધરાને બદલે આચાર્યે જ જવાબ આપ્યો. 'હાશ, પ્રભુ; નંદકિશોર, ડોશીએ મોટેથી બેત્રણ વખત પ્રભુને સંભારી લીધા. બધાનાં શરીર સારાં છે એટલે મોટી નીરાંત. બાકી તો બધું, સમજ્યા. શું લખ્યું છે કાગળમાં?' ડોસી આચાર્યની પાસે બેસી ગયાં.

ગઇ કાલ બપોરથી જે કાગળે રામશંકર આચાર્યનાં મનમાં ઉદ્વેગ ભરી દીધો હતો તે કાગળ છેવટે આચાર્યે કાઢયો. પોતાનો થંથુંબતો, હાથ આજુબાજુ ફેરવ્યો અને જૂનું થઇ ગયેલું ચસ્માનું ઘરૂં ગોતી કાઢયું. આંખે ચશ્મા ચઢાવી પુત્રનાં લખાણથી લખાયેલ કાગળ પર નજર કરી.

'હં, વાંચો,' ડોશીની ધીરજ ખૂટતી જતી હતી.

ગળું ખોંખારી બે ત્રણ વખત ઉંડેથી શ્વાસ લેતા હોય તેમ આચાર્યે નિસાસો મૂકયો અને વાંચવો શરૂ કર્યો.

જુની ચાલી ગ્રાંટરોડ
મુંબઈ, તા૦ ૨૧–૯–૪૯

પરમ પૂજ્ય પિતાશ્રીની પવિત્ર સેવામાં

વિ. સાથ લખવાનું કે, આપના છેલ્લા મહિનામાં ત્રણચાર પત્રો મળ્યા હકિકત જાણી. અહીંથી જવાબ નથી લખાયો તેથી આપને ખોટું લાગે એ સ્વભાવીક છે. છેલ્લાં આઠ દિવસથી મારા મનમાં અનેક મંથનો થયાં છે. આપના પત્રનો જવાબ લખવામાં મોડું થાય તેથી બહુ જ લાગી આવ્યું છે પરંતુ નિરૂપાય. આજ પણ જ્યારે આ પત્ર લખું છું ત્યારે મારા મનની સ્થિતિ હું જાણું છું છતાં પત્ર ન લખું તેથી આપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ શું થાય તે લાગણી પણ મારે સમજવી જોઈએ. છેવટે આજે મારૂં હૃદય આપની પાસે ઠાલવું છું.

છેલ્લાં ત્રણચાર મહિનાથી આપને અમે કશું જ મોકલી શક્યા નથી. ખરચી વગર આપની શું સ્થિતિ થતી હશે તે કલ્પવું ખરેખર કઠણ છે; છતાં, આમ બન્યું છે, અને હજુ શું નહી બને તે સમજાતું નથી.

છેલ્લાં બે વરસથી, અમે કપરા દિવસો વેઠીએ છીએ, મને બધું મળીને રૂ. ૩૧૦) મળે છે. અને ગગનને બધું મળીને રૂ. ૧૬૦) મળે છે. રૂ. ૪૭૦)ની અંદર ચાર મોટા અને સાત છોકરાનું ખર્ચ ચલાવવું મુશ્કેલ છે. ખરૂં કહું તો; મહિને ઓછામાં ઓછું રૂ. ૬૦૦નું ખર્ચ થાય છે અને તેમાંયે છોકરાઓ ટીપું દુધ ભાગ્યેજ પામે છે. આ ઉપરાંત ગમે તેમ કરીને આપને મહિને ૩૦–૩૫ મોકલીએ છીએ તેમાં આપનું પણ ભાગ્યે જ ચાલે.

છતાં, ખરી હકિકત આવી જ છે. દર મહિને રૂપિયા બસો તૂટે છે. આ તૂટ દેવું કરીને આજ સુધી પૂરી કરી. હવે કોઇ પાસેથી વધુ પૈસા મળી શકે તેમ નથી. છેલ્લા ત્રણ મહિનાથી ઘણાં પ્રયત્ન કર્યા. કોઈ જગ્યાએથી પૈસા મળી શક્યા નહી, અધુરામાં પૂરૂં થયું. સૌ. મનોરમાને કસુવાવડ થઇ ગઇ અને વધુ પૈસાની જરૂર પડી. પરન્તુ સગવડ થઇ શકી નહિ. અને બહુ જ હેરાન થયા.

આ વાત કેટલી બધી આશ્ચર્યજનક છે કે જે બાપને બે કેળવાયેલા દિકરા હોય; બન્ને સશક્ત જુવાન હોય, તેને દીકરા એમ લખે કે 'મા–બાપ'ને મોકલવાના અમારી પાસે પૈસા નથી; અને તે પણ મા–બાપના અન્નવસ્ત્ર માટે! જગત ઉપર આથી મોટું કોઇ દુઃખ નથી. છતાં આ સાચું છે; નકર સત્ય છે.

આપે અમને સંસ્કાર આપ્યા. પેટે પાટા બાંધીને, ગોર–પદું કરીને ભણાવ્યા. લાંબી આશા રાખીને મોટા કર્યા. આજે અમે સંસારની પ્રથમ ફરજમાંથી જ આપનો દ્રોહ કરીએ છીએ બીજું તો શું બની શકે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા વખતની પ્રતીક્ષા કોણે કરી હોય? છતાં જગતમાં અત્યારે શું બનશે તે કહેવું જ કઠીન છે. પ્રભુ સર્વની લાજ રાખે.

લી. છોરૂ
શંકરના પાયલાગણ!

કાગળ પૂરો થયો. અને વાંચનારની સાંભળનારની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં.

'આનું નામ કળજુગ' જીણી ડોસી બોલ્યાં. આવું કોઇ દિવસ સાંભળ્યું હતું? કે જેને બે જુવાનજોધ દિકરા હોય તેને રોટલાના વાંધા પડે. 'પ્રભુ નંદકિશોર' એમના ઉંડા નિસાસાએ વાતાવરણને ભરી દીધું.

'હશે. કાલે પ્રભુ સારો વખત લાવશે' યશોધરાએ ઘેરા વાતાવરણમાં નવો રંગ પૂરવા શ્રદ્ધા વ્યક્ત કરી: 'હજુ મારા હાથપગ કયાં ભાંગી ગયા છે. લખી નાંખો કે અમારી ચિંતા ન કરો–મુંઝાવું નહિ. પ્રયત્ન કરવો જોઇએ; જેટલો પ્રયત્ન વધારે એટલું ફળ વધારે મળે.'

'ખરૂં છે' આચાર્ય ઊભા થયા; 'બધું બરોબર ખરૂં છે. અક્ષર સહ' તેમણે ટોડલા ઊપર પડેલી દોત અને કલમ ધુળ ખંખેરી હાથમાં લીધાં. પેટી ઉઘાડી ઘડી કરીને મૂકી રાખેલી પાઘડી ઉખેળી, માથે બાંધી. ખુણામાં પડેલી લાકડી હાથમાં લઇ ટેકે ટેકે પગથિયાં ઉતરવાં શરૂ કર્યાં. યશોધરા અને જીણી ડોશી બન્ને આચાર્યની સામે તાકી રહ્યાં. બંનેમાંથી કોઇને પૂછવાની જરૂર જણાઈ નહિ આચાર્ય ધીમે પગલે ખડકીની બહાર નીકળી ગયા.

અને તે દિવસથી નિયમિત ગામડાનાં લોકો રામશંકર આચાર્યને કચેરીને ઓટલે બેસતા: અને અરજી લખી આપવાનો પોતાનો પૂરાણો ધંધો સંભાળતા જોવા લાગ્યા.

દુનિયાદારીનાં વેણ સાંભળતાં 'ડોસા વૃદ્ધ થયા, બબ્બે દીકરા કમાય છે પણ લોભ હજુ ટળતો નથી.'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિના કફન માટે મારી પાસે કાંઈ જ નથી !

ધોબી તળાવની છેક પાસે, મુખ્ય રસ્તેથી ઉતરીને અભિમન્યુને કોઠા વિંધતા વિંધતા જેટલા ચકાવા લેવા પડયા હતા એવા ચકાવા જેવી અનેક ગલીઓ પથરાયલી પડી છેઃ આ ગલીઓમાં મુખ્યત્વે મધ્યમ વર્ગનાં માણસો કીડિયારાની જેમ ઠાંસી ઠાંસીને ભરાણા છે.

આ ગલીઓની એકમાં બરોબર મધ્ય ભાગમાં, આવેલા એક માળનાં મકાનમાં, ભોંયતળિયાની એક ઓરડીમાં સવારનાં ૯–૧૦ વાગે વિકટર ફેરેરા આ ફાની દુનિયાનો ત્યાગ કરી ચાલી નીકળ્યો અને તેની પત્નિ મેરી ફેરેરાએ આંખમાંથી આંસુનું એક ટીપું વહેવા દીધા સિવાય પોતાની મોટી દિકરી જુલિયાનાને બોલાવી. પતિનાં શબ પાસે બે મીણબત્તી સળગાવી, બેસવા કહ્યું.

મા, દિકરીને ભલામણ કરી દરવાજા તરફ વળી, 'અંદર બેસજે ! દિકરી, હું હમણાં આવું છું.' દિકરીને કાંઇ કહેવું હતું, 'શું બેટા ! 'મા'એ મોઢા ઉપર પથરાઇ ગયેલાં વાળ ઉંચા કરી દિકરી સામે જોયુંઃ 'મા' તું બહાર જાય છે ?'

'હાં બેટા.'

'કયાં ?' દિકરીની નજર બાપાના મૃતદેહ ઉપર હતી. 'બહાર.' માએ ફરીથી ટુંકો જવાબ આપ્યો. તેનાં આખા શરીર ઉપર પરસેવાના બિન્દુ દેખાતાં હતાં. 'મા'–દિકરી વધુ બોલી શકી નહિ. તે રડી પડી, તેનાં ધ્રુસકા સાંભળી ઓરડીની બહાર પગ મૂકવા તૈયારી કરી રહેલી 'મા' પાછી ફરી દિકરીને ગોદમાં લીધી. 'દિકરી, રડીશ નહિ. હિંમત રાખ. તું રડીશ તો બીજા નાના છોકરાને સાચવશે કોણ ? જો મેં બધાને રમવા મોકલી આપ્યા છે. આવે તો બધાને સમજાવીને બહાર મોકલી આપજે. જોજે કોઈને ખબર ન પડે તારા પિતા મૃત્યુ પામ્યા છે. હું આવું ત્યાં સુધી બધું ખાનગી રાખવાનું છે !' બોલીને માએ પોતાનાં ફ્રોકની સાળથી દિકરીનાં આંસુ લુછ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિકરી કંઈ બોલી નહિ, તેના મનમાં એક સવાલ ઊઠયો.

'મરેલા બાપને મૂકીને મા કેમ બહાર જતી હશે?' તેને કાંઇ સમજાયું નહિ, પરંતુ 'મા'ને વધુ પૂછવાનું પણ મન થયું નહિ. માની મૂક વાણીમાં કાંઇક એવું હતું. 'મા'ની આંખના બે ખુણાની પછવાડે કાંઈક એવી કહાણી હતી. દિકરી જો કે ઉકેલી શકી નહિ, છતાં તેને થયું; 'વાત કંઈક ભેદભરેલી છે, 'મા' કદાચ તેને કહી શકતી નહિ હોય !'

ઘરની બહાર નીકળીને માએ ગલીઓ વટાવી કોટનો રસ્તો પકડયો. રસ્તા ઉપર બની રહેલા અનેક બનાવો અનેક પ્રવૃત્તિઓ સાથે મેરીને કશું લાગતું વળગતું ન હતું, તે ઝપાટાબંધ રસ્તો કાપીને ચાલી રહી હતી. ફિરોઝશાહ મહેતા રોડ પર પડતી એક ગલીમાં તે વળી; તેણે હાથમાં પકડી રાખેલાં એક કાર્ડમાં સરનામું જોયું, ખાતરી કરી લીધી, મકાન ઉપર નામ જોઈ લીધું અને અંધારિયા મકાનનાં પગથિયાં ચડવા માંડી.

ચોથે માળે અટકીને તેણે એક લટકતાં પાટિયામાં નામ વાંચ્યું. અને કાર્ડની સાથે મેળવી જોયું. ઓફિસના નાના દ્વારને જોતાં એમ લાગે કે કદાચ અંદર જગ્યા નાની હશે. પરંતુ અંદર એક વિશાળ ઓરડો હતો: એ ઓરડામાં લગભગ ૧૦૦–૧૫૦ માણસો બેસીને કામ કરી શકે તેટલાં ટેબલો પડયાં હતાં. મેરીએ દાખલ થઇ, વિશાળ ખંડમાં નજર કરી. બે ચાર સિપાઇઓ સિવાય કોઈ દેખાતું ન હતું.

ટેબલો સાફ કરી રહેલા સિપાઇઓએ મેરીને ઓફિસમાં દાખલ થતી જોઇ. એક સિપાઇ કામ પડતું મૂકીને આવ્યો.

'કેમ કોનું કામ છે?'

'સાહેબ'નું, મેરીએ ખંડને છેક છેડે આવેલી કેબીન સામે જોઇને કહ્યું.

'સાહેબ હજુ આવ્યા નથી, વાર લાગશે.' 'મારે બહુ જ જરૂરનું કામ છે: જરા જલ્દી બોલાવી આપશો ?'

સિપાઇ બાઇની ઉતાવળ સમજી શક્યો નહિ. સાહેબને જલ્દી બોલાવી આપશો, સાહેબને કેમ બોલાવી શકાય. વાત સાંભળવા બાજુમાં આવીને ઊભેલા બીજા સિપાઇ સામે જોઇને તેણે મોઢું મલકાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાહેબ તો દૂર રહે છે; તમે બેસો હમણાં આવશે.' કહીને બાઈને તેણે એક ખુરસી બતાવી.

નત મસ્તકે મેરી ખુરસી લઇ એક એકાંત જેવા લાગતા ખુણામાં બેસી ગઇ. થોડીવાર થઇને ઓફિસ ભરાવા લાગી. આવી આવીને માણસો પોતપોતાની જગ્યાએ બેસતાં ગયાં. સર્વની નજર મેરી ઉપર પડતી હતી. મેરી નવા આવનારને જરાક જોતી હતી અને તેના પગલાં કઇ તરફ વળે છે તે નિહાળી દૂરની કેબીન તરફ નજર માંડતી હતી. રખેને કેબીનમાં બેસનાર આવ્યો હશે એમ માની નજર કરી લેતી. કેબીનનું બારણું ઉઘડતું નહિ અને મેરી નિરાશ થઇને પાછી નજર સંકેલી લેતી હતી.

છેવટે તેની આતુરતાનો અંત આવ્યો. મધ્યમ કદનો બેઠી દડીનો એક માણસ ઓફિસમાં દાખલ થયો અને આખી ઓફિસમાં જાણે એક જાતની શાન્તિ અને વ્યવસ્થા સ્થપાઇ ગયાં. સર્વની સલામ ઝીલતો ઝીલતો તે માણસ કેબિનમાં દાખલ થયો અને 'મેરી' પોતાની જગ્યાએથી ઊઠી.

'બાઇ બેસો જરા વાર લાગશે,' મેરીને ઊઠતી જોઇ એક સિપાઇએ કહ્યું 'સાહેબને વરધી મોકલવી પડશે!'

'જલદી કરો ભાઈ મારે મોડું થાય છે !'

'નામ લખો' કાગળની એક કરચલી ઉપર મેરીએ નામ લખીને સિપાઈના હાથમાં મૂકી. 'આવો'. સિપાઇ દોરીને મેરીને સાહેબની કેબિનમાં લઈ ગયો.

'બેસો' સાહેબે ઈશારતથી મેરીને ખુરસી બતાવી. 'કેમ આવ્યા છો ?' કાગળીયું વાંચતા, વાંચતા, સાહેબે મેરીની સામે જોયું !

'સાહેબ' મારા પતિ ગુજરી ગયા !'

'અરેરે ! બહુ જ દિલગીર છું. પ્રભુની મરજી ? સાહેબના હાથમાં બીજું કાગળીયું હતું. 'તમારે માટે શું કરી શકું ?' સાહેબે રોજની ટેવ મુજબ પૂછ્યું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મને પૈસાની જરૂર છે?' મેરીએ ઉતાવળથી વાત કહી નાખી!

'તમારા પતિનાં પૈસા બાકી છે?' કુતૂહલથી સાહેબે બાઇની સામે જોયું.

'મને ખબર નથી મારે પૈસાની જરૂર છે. એટલી મને ખબર છે.'

'જરા થોભો' સાહેબનો હાથ ટેબલ ઉપર પડેલી ટોકરી ઉપર ગયો! રણકાર કરતી ઘંટડી ઓફિસમાં ગાજી ઊઠી.

'કેશિયરને બોલાવો.'

'મિસ્ટર ચોકસી, મી. ફરેરાતું ખાતું જરા તપાસીને મને કહો!'

'ફરેરાને ખાતે રૂા. ૭૦૦, બાકી નીકળે છે;' ચોકસીને બધાં ખાતાં મોઢે જ રહેતાં.

'જુઓ બાઈ તમારા પતિનાં પૈસા તો કાંઇ નીકળતાં નથી? હું દીલગીર છું:' સાહેબે બોલીને બીજા કામમાં પરોવાયાનો દેખાવ કર્યો.
'હું ક્યાં, જાઉં? મારે પૈસાની સખત જરૂર છે, મારા પતિનું શબ ઘરમાં પડ્યું છે, મારે તેની ક્રિયા કરવી છે.'

'તમારા પતિ ક્યારે મરી ગયા?'

'હમણાં આજે સવારે! તેનાં શબને લપેટીને હું સીધી અહીં આવી છું. મારી પાસે આજે એક પણ પાઇ નથી, ગમે તેમ કરો મને થોડા પૈસા આપો.'

'તમારા દુ:ખમાં મારી સહાનુભૂતિ છે, પણ હું પૈસા કેમ આપી શકું?' સાહેબના મુખની એક પણ રેખામાં ફરક પડયો નહિ.

'સાહેબ' મારૂં કોઈ નથી. મારા પતિનાં શબનું શું થાય?'

'બીજે ક્યાંક જાવ કોઈ સગાવ્હાલા પાસે!'

'બીજું કોણ આપે! મારા પતિ તમારા જૂના નોકર આટલું તમે નહિ કરો?' બાઇની ધીરજ ડગવા લાગી.

'નિયમ વિરૂદ્ધ કેમ થઇ શકે?'

'સાહેબ મારૂં કોઈ નથી, આજ છેલ્લી વખત, મારી આબરૂ રાખો: મારા પતિ તમારા ખાતાના બહુ વખાણ કરતા: ખાતા માટે કાયા ઘસી નાખતા. સાહેબ તેની સામે જોઇને આટલું કરો:'

'માફ કરો બાઇ; કાયદાએ મારા હાથ બાંધી લીધાં છે.' તેણે પેન્ટનાં ખીસ્સામાં હાથ નાંખી પાંચ રૂપિયાની નોટ કાઢી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'લ્યો બાઇ આટલું હું પોતે આપી શકું તેમ છું:' પાંચ રૂપીયાની નોટ સામે મેરી થોડીવાર જોઇ રહી. સાહેબની ઉપર તેણે એક કરડી નજર કરી અને સમસ્ત જગતને શ્રાપ આપતી હોય તેમ ઉંડા નિઃસાસો નાખી કેબિનની બહાર નીકળી ગઈ.

તેનાં શરીરમાંથી ચેતન હણાઇ ગયું. તેને થયું તે ક્યાંક આ મોટી ઓફિસનાં ઓરડાને વળોટી શકશે તે પહેલાં પડી જશે. મહાનુશીબતે તે દરવાજાની બહાર નીકળી.

'માઇ' ઓરીસનો હિંદુસ્તાની ભૈયો વાટ જોઇને બહાર ઉભો હતો.

મેરીની બધી શક્તિઓ કામ કરતી અટકી પડી હતી. તેણે ભૈયાનો અવાજ સાંભળ્યો નહિં. અંધારે તરી તરીને પગથિયા ઉતરે તેમ મેરી પગથિયા ઉતરી રહી હતી.

'માઈ જરા ઠહરો' દરવાન છેક મેરીની લગોલગ પહોંચી ગયો. 'માઇ' 'માઈ' તે મોટેથી બોલી ઉઠયો મેરી અટકી. તેણે જવાબ આપ્યો નહિ. 'માઈ મે 'સાબકુ' જાનતા–મેરા સાબને બહોત ખ્યાલ કિયા !'

ચોકસીએ ફરેરાનાં મૃત્યુની અને મેરીનાં ઓફિસમાં આવવાની વાત બધાંને કરી હતી. દરવાન સાહેબને ઓળખતો હતો, તેને ખાત્રી હતીઃ મેરીને પૈસા મળવાના ન હતા. તેના મનમાં એક વિચાર આવ્યો. ફરેરા જેવા માણસને મરણ ટાણે કફન ન મળે? તેનો હાથ પેરણના ખીસ્સામાં ગયો. રૂપીયા ત્રીસની કડકડતી નોટો તેનાં હાથમાં આવી તેણે નિશ્ચય કરી લીધો 'માઇ લ્યો.' તેણે નોટો મેરીનાં હાથમાં મૂકી દીધી. મેરી કશું બોલી નહિં, તેણે દરવાન તરફ એક કૃતકૃત્યતાભરી નજર કરી, અને પગથીયાં ઉતરવા માંડી.

રસ્તો પુરો કરીને તે જ્યારે ઘર પાસે પહોંચી ત્યારે આખી ગલીનાં માણસો તેના ઘરને ઘેરીને ઉભાં હતાં અને ફરેરાનાં બાળકોનું રૂદન ગલીનાં ઘરેઘરમાં પહોંચી ગયું હતું. ગુનેગાર જેમ કોર્ટમાં દાખલ થાય તેમ મેરી આ બધાની વચ્ચેથી ઘરમાં દાખલ થઇ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૧૯—

હું ગુલામ બનવા તૈયાર છું !

સુસડસડાટ કરતી મોટરો ચાલી જતી હતી. રસ્તા ઓળંગવા માટે રાહ જોઈને હું પાંચ મિનિટથી ઉભો હતો. મન તરંગે ચઢતું હતું. લોકો કહે છે અમને દુઃખ છે? દારિદ્ર્ય છે. અમારે માથે વિપત્તનાં વાદળો એક પછી એક ખડકાયે જાય છે? દુઃખ કયાં છે? દારિદ્રય કયાં છે? વિપત્તનાં વાદળો હશે કયાંક? અહીં આ મરિન ડ્રાઇવ પર કશું નથી. રસ્તો ઓળંગવા માટે જે રસ્તે ૧૦–૧૫ મીનીટ બગાડવી પડે એટલી મોટરોની કતાર હોય–ઘડીભર પણ લાગી આવે એવું નથી કે મુંબઇમાં કયાંઇ પણ દુઃખ હશે.

જગ્યા મળી. રસ્તો ઓળંગીને હું દરિયાની પાળે પહોંચ્યો. કુદરતે વહેતાં કરેલાં પાણીના પ્રવાહને રોકવા માણસે ઊભી કરેલી અકુદરતી દિવાલોની કીલ્લેબંધી ઘણી વખત આપણને ગમતી નથી. દરિયાનાં પાણી નર્તન કરી કરીને ઘણી વખત આવી જ વાત કહે છે, અમને કેમ રોકો છો? જવા દો–અમારા માર્ગને રોકો માઃ ઘણી વખત ડરામણી થપાટો મારીમારીને એમ પણ સૂચવે છેઃ રોકો છો? ઠીક છે. જો જો કોક વખત અમારો એક સપાટો જ તમને બધાને ઉડાડી દેશે; પણ આવું સાંભળવાની વિચારવાની નાદાનીમાંથી ઊભા થતાં તરંગો ઝીલીને તે મય થવાની કોને ફુરસદ હોય છે? કોઈ રડયો ખડયો કવિ કોઇ દુનિયામાંથી ત્રાસી ઉઠેલો વિચારક આવું કોઇ વખત સાંભળે છે, તે મય થવા પ્રયત્ન કરે છે. ધુનમાં પડે છે અને સ્વપ્નની જેમ કાં તો ભુલી જાય છે કાં તો નિસાસો નાખી રસ્તો પકડે છે.

આ કિલ્લેબંધી પાસે આવી હું અટકયો અને પાણીની ઝીણી ઝીણી ફરચો ઝીલતો પાળે પાળે આગળ વધવા માંડયો. થોડેક દુર ગયો હઇશ એક જુવાને મને નમસ્કાર કર્યાં. મેં નમસ્કાર ઝીલ્યા અને આગળ વધવા ગયો.

'સાહેબ મારે આપનું કામ છે,' મારી પાસે આવીને મને તેણે રોકયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને આશ્ચર્ય થયું, મેં યુવકની સામે જોયું; તેનાં શ્યામવર્ણા ચહેરામાંથી તેની ફીક્કી આંખની કિકિમાંથી, તેના કપાળની કરચીલીઓમાંથી કાંઈક ટપકતું હતું. 'મને ઓળખ્યો નહિ. હું નવલ' નવલ? મેં તેની સામે જોયું બેચાર વખત આંખ પટપટાવી જોઇ વિચાર કર્યો ઓળખાણ તાજી થઇ નહિ; 'કોણ નવલ' મને થયું આ માણસ મને બનાવતો તો નથી ને?

'નવલ દોશી! આપણે બન્ને બે વરસ સુધી ૪૨–૪૩ માં નાસિક જેલમાં સાથે હતા! જેલમાં આપનાં મેં ઘણાં કામ કરી આપ્યાં છે.' કહીને તેણે મારી સામે એક આતુર નજર કરી. ત્રણ ચાર વર્ષનો પડદો પાછળ હટી ગયો. મારી સામે એક ૨૪–૨૫ વર્ષનો રતુંબડા ચહેરાવાળો યુવાન ખડો થયો. તેના વાળનો જુલ્ફો તેની ચાલની ખુમારી અને સ્વાશ્રયથી ઓપતી તેની વાત મને યાદ આવી.

'નવલ? ભાઇ તું ઘણા વર્ષે મળ્યો. ક્યાં હતો? શું કરે છે? જેલમાંથી છુટયા પછી કોઈ વાર તારી ભાળ જ ન મળી. બીજાં સાથીઓ મળતાં ત્યારે હું તારી વાત પુછતો પણ કોઇએ કશા ખબર જ આપ્યાં નહિં;'

'ભાઇ હું દટાઈ ગયો?' તેણે જવાબ આપ્યો તેના મુખ ઉપરથી અનેક વિચારો પસાર થઈ જતા મને લાગ્યાં.

'શેમાં?' તેનો આનંદી સ્વભાવ યાદ આવ્યો મને લાગ્યું કંઇક મજાકમાં તે બોલ્યો છે.

'દુનિયાદારીમાં? ગળાબુડ થઇ ગયો' તેણે જવાબ આપ્યો તેમાં ઉંડું દુઃખ હતું, બોલીને મને તે પાળ પાસે ખેંચી ગયો.

'મારાં સ્વપ્નાં, મનોરથો, તરંગો બધાં ભરાવાઇ ગયાં, સામાજીક નાગચુડ મારે ગળે ભરડો લઇને બેઠી છે,' તેણે શ્વાસ ખાધો.

'નવલ તું દુઃખી છે?' જેલમાં નવલ ઘણી વખત તેનાં કુટુંબની વાતો કરતો તેનું મને સ્મરણ થયું. બધાં શરિરે સારાં છે ને'? પછી જે તે બોલ્યો તે તેના શબ્દોમાં જ હું ઉતારૂં છું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બધાં સારાં છે; માત્ર હું નથી. દુ:ખનાં ઝાડ ઊગ્યાં છે. જેલમાંથી છૂટયો. ફાળ ભરતો કુદતો દેશ પ્રેમ, કુટુમ્બ પ્રેમ આવાં આવાં સુત્રો મારા મનને રોજ ભરી દેતાં. મારા મનમાં અભિલાષા હતી. મારી આજુબાજુ ઉભેલાં બધાંને માટે એક અનોખી સુખી; નવી દુનિયા મારે ઉભી કરવી હતી.

ઘરે ગયો, સમાચાર મળ્યાં પિતાશ્રી જગત છોડી ચાલી નીકળ્યાં છે. ઘરમાં જે કાંઈ હતું, તે તેમની માંદગીમાં ખર્ચાઇ ગયું છે. બહોળા કુટુંમ્બની બધી જવાબદારી મારી રાહ જોઇને બેઠી હતી; જેલમાંથી ત્રણ વરસ પછી છૂટેલાં દીકરાને વાંસે હાથ ફેરવવાને બદલે માની આંખમાં ઠપકો હતો. જાણે દીકરો કાંઇક ફરજ ચૂકયો છે, કિલ્લોલ કરીને ગુંજી ઉઠતી બહેનો ભાઇનાં વારણા લઇને જેલની વાતો પૂછી પૂછીને થકવી નાખશે તેને બદલે તેમની લાગણીમાં કાંઈજ ભાવ નહોતો. માત્ર એક દૃષ્ટિ દેખાતી હતી, ભાઈએ કાંઈક ભૂલ કરી છે, ભાઇને લીધે બધાં દુ:ખી છે, પત્નિ મળવા માટે તલપાપડ થઇ રહેશે. જઇશ એટલે લાજને ખૂણેથી તેનું હાસ્ય મારા જેલજીવનનાં દુ:ખને ભૂતકાળની વાત જેવું કરી દેશે પત્નીનું હાસ્ય તો સાંપડ્યું નહીં. પરંતુ જમતી વખતે જે શબ્દો તે બોલી તે આ પ્રમાણે હતાં.

'તમને કાંઇ વિચાર ન થયો?' થાળીમાં પીરસાયેલી ખીચડીમાં મારી આંગળી થંભી ગઈ.

'શાનો ?' મેં પૂછ્યું :

'બાપાને માંદા છોડીને જેલમાં ચાલ્યા ગયા તેનો.' શબ્દોમાં ઠપકો હતો.

મેં જવાબ આપ્યો નહિ.

'ઘરમાં બધું વેરણછેરણ થઇ ગયું; છેલ્લો દાગીનો વેચીને અમારૂં ચલાવીયે છીએ' છેલ્લા શબ્દોએ મારા બધા તરંગો અને સ્વપ્નોને ઉડાડી મૂકયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચું મોઢું કરીને મેં ખાઈ લીધું. કોઇની સાથે કશું બોલ્યો નહિ. બીજે દિવસે બિસ્તરો ઉપાડીને મુંબઇનો રસ્તો પકડ્યો.

આ બધાને નિભાવવા માટે મારે પૈસાની જરૂર હતી. પૈસાની શોધમાં મેં યાત્રા શરૂ કરી. નોકરી, ધંધો, જે કાંઈ મને પૈસા આપે તેની પાછળ મેં દોટ મૂકી. એક જ ધ્યેયઃ પૈસાને પકડી પાડી આ બધાંની ભૂખ પૂરી કરૂં. નોકરી મળી પૈસા આવવા શરૂ થયાઃ અને મને લાગ્યું આટલા પૈસામાં શું થાય ? હું ખાઉં, દેશમાં બધાને ખવરાવું, કપડાં લઉં, ભણાવું, વ્યવહાર કરૂં, શું કરૂં ? પૈસા પૈસાની મારી માંગ વધતી જ ગઇ એક સાંધુ ત્યાં તેર તૂટે. વધુ પ્રયત્ન કરતો ગયો. વધુ મહેનત શરૂ કરી સાથે બેત્રણ કામ શરૂ કર્યાં. વધુ પૈસા મળવા માંડ્યા ત્યાં બહેનનાં લગ્ન આવ્યાં. થોડીઘણી બચત, અને શાખ વટાવી થોડુંઘણું દેવું કરી બહેનને પરણાવી. વરસ દિવસ વધૂ જોતરાં તાણી, બધું સરખું કર્યું ત્યાં બીજી બહેનનાં લગ્ન આવ્યાં. એક પછી એક અનેક વ્યવહારો આવ્યે ગયા. કરજ કરીને લડીને ચલાવ્યું; છેલ્લી બહેનને પરણાવીને—જે કરજ થયું છે, તે રહી ગયું; વખત બદલાઈ ગયો; કમાણી ઘટી ગઈ; પાછી ખર્ચ કરવાની ઉપાધી શરૂ થઈ ગઇ છે. ત્યાં કરજ ક્યાંથી ભરૂં; આટલું લાંબુ નિવેદન કરીને તે અટક્યો; શ્વાસ ખાધો; અને મારી સામે જોયું. મારી લાગણી ઉકરી આવીઃ 'કેટલું દેવું છે નવલ ?'

'ચાર હજાર.' તેણે કપાળ ઉપરથી પરસેવો લુંછ્યો. ને આગળ બોલ્યો.

ના. મેં પ્રયત્ન કરી જોયા, ધીરે તો હવે ભરાય તેમ પણ નથી. કમાણી હતી ત્યાં સુધી હિંમત હતી. છેક જ કંટાળી ગયો છું. લેણદાર તકાદો કરીને ઘડીવાર જંપવા દેતાં નથી, જીવને ક્યાંય ચેન નથી. ગાંડા માણસની જેમ ફર્યા કરૂં છું, કામમાંથી મન ઊંઠડું જાય છે. ક્યાંક નોકરી પણ છુટી જાય. ભાઇ સાચું કહું છું. આપઘાત કરવાના વિચારો પણ આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે.' તેણે ધીરેથી ઉમેર્યું અને થોડીવાર શાન્ત થઇ ગયો. 'ભાઇ મારૂં એક કામ કરશો? ડૂબતો માણસ તરણાને પકડે તેમ તેણે મારી સામે જોયું:

મેં તેની સામે જોયું.

'તમારી ઓળખાણવાળા કોઈ શેઠીયાને ત્યાં મને વેચી આવશો!' તે વધુ બોલવા પણ વચ્ચે હું બોલી ઊઠયો.

'એટલે?'

'એટલે ગુલામીની પ્રથાની વાત તમારાથી અજાણી નથી. હું ગુલામ તરીકે વેચાવા તૈયાર છું.'

'જુવાન માણસે આવા વિચાર ન કરવા 'જોઈએ.'

બીજો રસ્તો નથી પૈસા ભર્યા સિવાય કોઇ ઉપાય નથી. પૈસા મેળવવાનું એક પણ સાધન નથી હું વેચાઇ જાઉં બદલામાં મને: તે પૈસા આપે. મારૂં દેવું ભરૂં; જીન્દગીભર ગુલામ થઇને તેની સેવાઓ કરૂં.'

નવલની વાત સાંભળી મારા મનમાં અનેક વિચારો આવ્યા; નીતિથી જીવવાવાળા માણસને માટે જગતમાં શું રસ્તો છે? નવલ સાચો છે. તેને દેવું ભરવું છે તે વિવશ બની ગયો છે. પૈસા વડે ચાલતાં આ જીવનમાં પૈસા જેવી ચીજ કોણ છોડી શકે? કોણ તેને મદદ કરે. પૈસાનું ચલણ બંધ થઇ જાય તો? જીન્દગી ખલાસ કરી નાખે તેવી કારમી કિકિયારીઓ શાન્ત ન થઈ જાય? સંગ્રહખોરી માણસ ન છોડી શકે; સાગરનાં ઉછળી રહેલાં મોજાં મારા મનની વાતની જાણે ઠેકડી કરતાં હોય તેમ એક મોજું ઊછળીને મારા પર ધસી આવ્યું. મારા તરંગમાંથી હું જાગ્યો નવલ સુમસામ બેઠો હતો.

'ધીરજ રાખ. ક્યાંક રસ્તો નીકળી આવશે?'

'મારૂં કોઇ નથી.' તે રડી પડયો. મેં તેને પાસે ખેંચ્યો. અમારી સામાનાં મહાલયોમાં જગમગાટ રોશની જળકી ઉઠી. નવલનાં ડૂસકાંને જાણે કે તે કહેતી હતી, કોણે કહ્યું કે દુનિયામાં અંધકાર છે? દુ:ખ છે?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા ગભરૂડાના ગાભા કોઈ ચૂંથશો મા!

મુંબઇને માથે મધરાત જામી હતી. મધરાતે પણ અવગતિયાનાં કારખાનાંમાં શાન્તિ મળવી કઠણ છે. કાનને કર્કશ લાગે તેવા વિક્ટોરિયાનાં ઘોડાનાં ડાબલાના અવાજ મોટરનાં ભુંગળાના ઘોંઘાટ શાન્તિમાં વિક્ષેપ સમા સતત ચાલુ જ હોય છે. ધોમધમતો મધ્યાહ્ન હોય કે હેલી નીગળતી વર્ષા હોય; બારે માસ રાત કે દિવસ.

આવી એક મધરાત હતી. એક જાણીતા લત્તામાં જ્યાં ચાર પાંચ રસ્તાઓનો સંગમ થાયછે, તેવા એક સંગમને કાંઠે એક પાંચ માળનાં મકાનમાં ૨૦૦ કોટડીઓના દીવા ઓલવાઈ ગયા હતા. માત્ર ભોંય-તળિયાની પાયખાના પાસેની એક ઓરડીમાં એક ટગમગીઓ દીવો બળી રહ્યો હતો.

દીવાને અજવાળે એક સ્ત્રી દેખાતી હતી. લમણે હાથ દઇને ઓરડાની મધ્યમાં બેઠી હતી. તેના મુખ ઉપર ઊંડો વિષાદ હતો. સ્વજનના મૃત્યુ પછી માણસના મુખ ઉપર દેખાય છે તેવો. સ્ત્રીની પાસે એનાં બાળકો ઊંઘતાં હતાં.

સ્ત્રીના જીવને ચેન ન હતું. ઘડીમાં ભાનભૂલ્યા માણસની જેમ ઉઠતી હતી; ઓરડીનું બારણું ઉઘાડતી હતી; ઘડીકમાં બંધ કરતી હતી, ઘડીમાં બાળકો સામે જોઇ સ્થિર ઊભી રહેતી હતી, ઘડીમાં નિર્દોષ બાળકોના મુખ ઉપર ઉંઘમાં પસરતાં હાસ્યની સામે ટીકીટીકીને જોતી હતી, ઘડીમાં તેનાં મનમાં ઉઠતા અનેક તરંગોમાં સાન્ત્વન મેળવવા બાળકોનાં શરીર પર હાથ ફેરવતી હતી.

એક છોકરૂં ઊંઘમાં જોરથી ખડખડાટ હસી પડ્યું. હાથ ફેરવતી માને વહેમ પડયો, બાળક જાગી ઉઠ્યું, પરન્તુ બાળક સળવળ્યું નહિ અને સ્ત્રીનો વહેમ ખોટો પડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કાંઇ ભાન ? હસે છે; માને માથે દુઃખના ડુંગરા ઉગવા તૈયારીઓ થઇ રહી છે. બાપ મૂકીને ચાલી નિકળ્યો અને પછવાડે સાત છોકરાની લંગાર મૂકી ગયો, ખાવાનું અને લુગડા તો બાથોડિયાં ભરીને ગમે ત્યાંથી લઇ આવું છું પણ ભગવાન જ રૂઠયો છે ત્યાં હું બાઇ માણસ કયાંથી પહોંચી વળું ? તેને ગળે ડૂમો ભરાઇ આવ્યો. ભાપાને ગળામાંથી બહાર કાઢવા તેણે પ્રયત્ન કર્યો પરન્તુ તે ગળામાં જાણે અટકી ગઇ. આંખમાંથી આંસુના ધોધ વહેવા માંડયા : ધ્રુસકા આવવા શરુ થયા તેનાથી રહેવાયું નહિ જોરથી રડી પડી. અવાજે છેક જ મર્યાદા મૂકી અને રૂદન ચારે તરફ ફળી વળ્યું. ઊંઘતા બાળકો જાગી ઉઠયા. રડતી માને જોઇને તેમને કાંઈ સમજાયું નહિ, મા રડે છે શા માટે. સમજણાં હતાં તેણે ઓરડીમાં ચારે તરફ નજર કરી બીજું કોઇ હતું નહિ મા શા માટે રડે છે? માને કોઇએ સતાવી. 'મા' શું થયું ?' એક બાળકે રડતી માને ઢંઢોળી મકાનની બારીઓ અને બારણાં ફડોફડ ઉઘડવા માંડયા. સ્ત્રીનું રૂદન ચારે તરફ પહોંચી ચૂકયું હતું. થોડા ઘણાં માણસો ઓરડીઓની બહાર નીકળ્યા. શું થયું છે? કોણ રડે છે? સર્વ કોઈના મુખ ઉપર પ્રશ્ન હતો.

'આ માળા ઉપર કાંઈ લાગતું નથી' આંખ ચોળતાં ચોળતાં એક માણસે કહ્યું 'નીચે તપાસ કરો,' બીજાએ સુર પુરાવ્યો, 'ચોર આવ્યા હશે ? કોઈનું ખૂન કર્યું હશે ?' એકે શંકા વ્યકત કરી.

રૂદન તો અવિરત ચાલુ જ હતું. ભોંયતળિયાવાળાઓ સર્વ સ્ત્રીની કોટડી સુધી પહોંચી ગયા. ઝીણો ઝીણો સળવળાટ આખા મકાનમાં પહોંચી ગયો. બધાને ખબર પડી 'રામોશીની વહુ રડે છે.' મોટી ઉપાધી નથી. એમ જાણી ઘણાને નિરાંત વળી.

'કેમ રડે છે ?' એકે સવાલ કર્યો ! કોઇએ જવાબ આપ્યો નહિ, ખબર વગર જવાબ કયાંથી આપે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાળા હલક વરણ ! હશે કાંઈ નજીવી વાત. રાત પડયે પણ શાંતિ નહિ. સુખે ઊંઘવા પણ દેતાં નથી.' બબડતા બબડતા એક ગૃહસ્થ દાદર ઊતરવા લાગ્યા.

'સ્ત્રીની ખબર લઇ નાંખો.' બીજા ભાઈ બોલ્યા અને પહેલા ગૃહસ્થની પાછળ દાદર ઊતરવા લાગ્યા.

સ્ત્રીની ઓરડીની પાસે અનેક માણસો ભરાઇ ગયાં હતાં. અનેક જાતજાતના અવાજો આવતા હતા: 'શું થયું ? કોણે મારી ? ચોર આવીને લૂટી ગયા, કોઇએ સતાવી ?'

એક–બે વ્યક્તિ આવીને ટોળું ઊભું હતું તેમાંથી રસ્તો કરી મોખરે આવીને પરિસ્થિતિ હાથમાં લેતા હોય તેમ તેમણે બાઇની ઉલટ–તપાસ શરૂ કરી દીધી: 'શું થયું છે બાઇ ? અડધી રાતે પણ જંપતી નથી. મકાનમાં તું એકલી નથી રહેતી, બીજાને તો ઊંઘવા દે !' તેમનાં અણુ અણુમાંથી ગુસ્તો ઊતરતો હતો.

ચાલતા ગાડે બેસી જાય તેમ, બીજા આવીને શાન્ત ઊભેલાં માણસોની પણ જીભ સળવળી: 'ક્યારનાં પુછીએ છીએ કંઇ જવાબ આપતી નથી.'

'છે શું ?' એક ભાઇએ ઓરડીમાં પગ મુક્યો.

'મારી ભુલ થઈ ગઇ ભાઇ ! હું નહિ રોઉં. તમને તકલીફ પડી. હું મારૂં હૈયું રોકી શકી નહિ.'

સ્ત્રીને પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો, તેણે ધાર્યું હતું તેનું રૂદન માત્ર તેને માટેજ હતું આટલા બધાં માણસોના પાસે તે ઉઘાડી પડી જશે તેવો તેને ખ્યાલ પણ ન હતો.

'તારૂં હૈયું ?' એક જણ તતડી ઉઠયો. 'તેમને મન આવીને હૈયું કેવું ?'

બાઇને રડતી બંધ થયેલી જોઇને માણસો ધીરે ધીરે ખસવા મંડ્યાં. બધાંય ચાલ્યાં ગયાં. કોઇએ કારણ જાણવા તકલીફ લીધી નહિ. માત્ર એક યુવાન–ટોળાંથી થોડે દુર ઊભો હતો. તે બાઇની ઓરડીમાં આવ્યો.

'શું થયું કૃષ્ણામાં' તેણે એક નાના બાળકની પાસે બેઠક લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભાઇ મારાથી રડી જવાયું. મનને ઘણું વાર્યું પણ પીટયું ઢીલું નીકળ્યું. અરેરે મેં માળાવાળાને ઊંઘમાંથી ઉઠાડયાં !' બોલીને બાઇ નીચું જોઈ ગઇ.

કાંઇ નહિ થઈ જાય વખત છેઃ મને વાત કરો 'મા' હું તમને મદદ કરૂં.

'મદદ' કોણ કરે ! ત્રણ દિવસથી કરગરૂં છું. ઓરડીએ ઓરડીએ ફરી વળી—મકાનવાળાએ નોટીસ આપી છે. આવતી કાલે સવારે મારે ઓરડી ખાલી કરવી પડશે. હું કયાં જાઉં ? વીસ વરસનો આશરો છોડીને કયાં પડુ ? હું મકાનવાળાનાં પગમાં પડી. બે હાથ જોડીને પ્રાર્થના કરી. મારા ગભરૂડાના ગાભા ચુંથશો મા 'વીશ વરસથી તમારે આશરે પડી છું, હવે કયાં જઈશ ? ધણી વગરની સાત છોકરા લઇને શેરીએ શેરીએ કયાં રખડીશ. પણ એકનો બે થતો નથી. આજે ઓરડી ખાલી કરવાનો છેલ્લો દિવસ હતો. ઘણાં પાસે કરગરી કોઇએ મારો હાથ પકડયો નહિ—કાલ સવારે હું રસ્તાની રખડતી બની જઇશ. 'રામોશી' મરતાં મારૂં કોઈ રહ્યું નહિ. મેં કોનું નથી કર્યું ?' બાઇ આવેશમાં ઘણું બોલી ગઇ.

'શા માટે ખાલી કરાવે છે ? ભાડું નથી આપ્યું ?' યુવકે શાંતિથી બીજો સવાલ કર્યો.

'ભાડું કયાં ભરવાનું છે ? 'રામોશી' માળામાં નોકરી કરતો માળાની સાફસુફી રાખતો તેનાં બદલામાં શેઠે ઓરડી આપી હતી, તેનું કામ હું કરૂં એમ કહું છું પણ શેઠ માનતા નથી. મને ધમકી આપી છે. આજે ખાલી નહિં કરૂં તો કાલે મને અને મારાં છોકરાંને બહાર કાઢશે ભાઇ, હું બાઇ માણસ કયાં જાઉં ?'

'તમે ખાલી નહિ કરશો.' ઓરડી ખાલી ન કરવાનો સરકારનો કાયદો છે.' યુવક ઉભો થયો 'હું કાયદો કેમ સમજાવું અભણ માણસ' 'હું તમને મદદ કરીશ કોઇ તમારી કોટડી લઇ શકે નહિ.'

યુવક મક્કમતાથી બોલ્યો અને શાંતિ આપી ચાલ્યો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવાર પડી. ત્રણ જોનપુરી ભૈયાઓ બાઈની કોટડીનાં ગાભા ચૂંથવા આવી પહોંચ્યા.

'નીકલો !' બાઈને ઉદ્દેશી એકે કહ્યું. કામધંધે જતા અનેક ગૃહસ્થો ઓરડીને અડીને ઉભેલા દાદર ઉપરથી જઈ રહ્યા હતા તેમની નજર આ દૃષ્ય પર પડતી હતી. કોઈ અટક્યું ન હતું. 'નીકલતી હૈ યા નહી.' બીજા ભાઈએ તકાદો કર્યો અને એક બે ચીજ બહાર ફેંકી.

બાઈ આડી પડી પડીને વિનવતી હતી. 'મારા ગાભા ચૂંથશો મા. મારા ગભરૂડાને રઝળાવશો નહિ.'

પરન્તુ કોણ સાંભળે ? થોડી વાર થઈને બાઈનો આસરો આ ત્રણ અલમસ્ત ભયાએ ઝુંટવી લીધો. ઓરડીએ તાળું મારી ચાલવા માંડ્યા.

ચોધાર આંસુએ રડતી બાઈ નીચે પડી ગઈ. 'ભૈયા ઓરડી ખોલી નાખો.' પહેલો યુવક આવી પહોંચ્યો. સરકારી મદદ મેળવવા જતાં તેને મોડું થયું. મદદ તો ન મળી પણ ઓરડી ગઈ.

મરતાં માણસનાં જીવવા માટેના કાલાવાલા જોઈને કાળ હસે તેમ ભૈયા હસ્યા. અને ફુલને ખસેડે તેમ આડા ઉભેલા યુવકને માર્ગમાંથી ખસેડી ચાલ્યા ગયા.

★

—૧૮—

નાથાલાલ

ઝરમરિયો વરસાદ રસ્તાનાં કાદવમાં વધારો કરતો, પગે ચાલનારાઓને ત્રાસ પોકરાવી રહ્યો હતો, ઝવેરી બજારને સાંકડે રસ્તે, માનવીઓની હારની હાર વચ્ચે, છત્રીઓના સળિયા ખાતો, ધક્કા ખાતો, ભિંજાતો, ચંપલથી ઊડેલા પાણીનાં ચિત્રામણોથી કપડાં બગાડતો, સંભવિત તેટલી ઉતાવળથી માર્ગ કાપી રહ્યો હતો.

ઝવેરી બજારનો રસ્તો જ્યાં ખારા-કૂવા પાસે વળાંક લે છે, ત્યાં હું જરા શ્વાસ ખાવા અટક્યો, ઊંચી નજર ફરી, વળાંકને એક ખુણે નાથાલાલ ઊભો હતો. મેં તેને જોયો, સહેજે મળવાનું મન થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નાથાલાલ...નાથા.' મેં બૂમ મારી. મારી બૂમ નાથા સુધી પહોંચી. તેણે મને જોયો. બીકથી મોરલો પોતાની સોળે કળા ખેંચી લે, સંકટ સમયે માનવીનું નૂરતેજ ઊડી જાય તેવું એનું મોઢું થઇ ગયું. જલ્દીથી તેણે કંઈક છત્રીમાં નાખી છત્રી બંધ કરી દીધી.

નાથાના ગભરાટનું કારણ મને સમજાયું નહિ. હું પાસે ગયો. પૂછ્યું: 'કાં નાથા, અહીં શું કરે છે?'

જવાબ આપવાને બદલે નાથો લાચારી અનુભવવા લાગ્યો.

ફરીથી મેં નાથાને પુછ્યું: 'કેમ છો નાથા? કેમ કાંઇ બોલતો નથી?'

નાથાના ચહેરા ઉપર અનેક કરચલીઓ વળી ગઈ. દુઃખનું, ચિંતાનું એક તોફાન તેની ઉપર મને સ્પષ્ટ દેખાયું.

જવાબ આપવાને બદલે તેની આંખ ભીની થતી મને લાગી.

મને આશ્ચર્ય થયું. નાથાને ખોટું લાગ્યું, નાથો જોરથી રડી પડ્યો. મારી સ્થિતિ વિકટ થઇ પડી. રસ્તાની વચ્ચે નાથાને રડતો જોઇ, આજુબાજુ જતાં બધાં અમને જોઇ રહ્યાં. હકીકત સિવાય નાથાને આશ્વાસન પણ શું આપવું.

નાથાની સાથેનો મારો સબંધ છેક બાલ્યકાળથી હતો. મેં નાથાને કદી આવી રીતે ભાંગી ગયેલો જોયો ન હતો; ફડાકી નાથો જ્યારે મળે ત્યારે હોંશથી મળે. મારૂં ધ્યાન ન હોય તો ગમે તે જગ્યાએ મોટેથી બૂમ મારી બોલાવે. આખા જગતની વાત કરે—મહાત્મા ગાંધીથી માંડીને અમારા ગામના આંબાવાડિયા સુધીની. નાથો સદાય હસતો ખેલદિલ મહેનતુ.

'ચાલ નાથા, ચા પીએ.' મને બીજો માર્ગ સૂઝયો નહીં. રડતા નાથાને લઇને હું બાજુની નાનકડી હોટેલમાં ખેંચી ગયો. હોટેલમાં જઇ મેં તેને શાંત કર્યો.

'શું થયું છે, નાથા?'

'હું બરબાદ થઇ ગયો, ભાઇ.' બોલતાં તેણે મારો હાથ પકડી લીધો.

'સટ્ટામાં ખોટ ગઇ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સટ્ટામાં? અરે ભાઇ,' અપમાન લાગ્યું હોય તેમ તે ઉકળી ઊઠયો. 'સટ્ટામાં ખોઇને હું આંખમાં આંસુ લાવું?' મને તમે ઓળખતા નથી.

'ત્યારે શું થયું?' મને લાગ્યું નાથાને બીજો કંઇક ઉંડો 'ઘા' પડયો લાગે છે.

શરમથી તૂટી પડતો હોય તેમ ધ્રુજતા હાથે તેણે છત્રીમાંથી થોડા રૂમાલ કાઢયા. 'મારી આ દશા છે, ભાઇ. હું રૂમાલની ફેરી કરું છું,' તેની આંખમાં ફરીથી આંસુ ભરાઇ આવ્યાં.

'દોન સ્પેશ્યલ' એમ બોલી ઘાટીનો ગંદો છોકરો બે પ્યાલા ચા લાવીને અમારી પાસે મૂકી ગયો.

'નાથા ચા પી.' મેં તેનો પ્યાલો તેની પાસે મૂકયો.

તેણે મારી સામે જોયા વિના નીચે મોંએ પોતાની કથની કહેવા માંડી 'સરકારે અમને પાયમાલ કરી નાખ્યા. રૂ બજાર બંધ છે, વીસ વર્ષથી તારવણી કરી કરીને મોજ કરતો. બે ભાઇઓને પરણાવ્યા, બે બહેનોને કન્યાદાન દીધાં, માબાપનાં કારજ કર્યાં. એ બધુ તારવણીમાંથી.' નાથાની જીભ એક વખત છૂટી એટલે અટકવી મુશ્કેલ. 'મહિનાઓથી રાહ જોઉં છું, બજાર આજે ખૂલશે, કાલે ખૂલશે, છેવટે બઝાર ન જ ખૂલ્યું. મારી રોજી તૂટી ગઈ ભાઇ!' નાથો જરા અટકયો.

'નાથા, સૌનો પ્રભુ છે? ધીરજ રાખ.' મેં કહ્યું.

'ધીરજ કયાં સુધી? ઘરમાં છેલ્લી પાઈ રહી ત્યાં સુધી રાહ જોઇ. ત્રણે ભાઇઓ પહેલેથી રૂબજારમાં જ છીએ બીજું કશું આવડે પણ નહિ એટલે કરવું પણ શું?'

'ભાઇઓ એ કાંઈ શરૂ કર્યું છે.!'

'મહામુસીબતે એકને રૂા. ૯૫ ની નોકરી મળી છે, બીજો હજુ ઠેકાણે પડયો નથી, ગોતે છે, સત્તર માણસનું કુટુમ્બ. મહિને રૂા. ૫૦૦/ ૭૦૦ નો ખર્ચ, શું કરવું? કોઇ માર્ગ સૂઝતો નથી. પૈસા વગર ડગલું પણ કેમ ભરાય? હું પણ નોકરી શોધી શોધીને થાકયો. મને નોકરી રાખે પણ કોણ? તારવણી સિવાય મને બીજું આવડે પણ શું?'

સં. ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગુલાબ ભાભી કયાં છે?' મેં નાથાની પત્નીનાં ખબર પુછ્યાં.

'દેશમાં. થાકીને ઓરડી બંધ કરી. આઠ દિવસ પહેલાં છેલ્લું ઘરેણું વેચીને બધાંને દેશમાં મોકલ્યાં. રાતી પાઇ પણ તેમને આપી નથી. મારાં બાળકોનું શું થતું હશે?'

'નાથા હિંમત રાખ લાચાર થયે શું વળે?' મેં તેના વાંસામાં હાથ ફેરવ્યો. નાથાની વાતોએ મારા મનમાં અનેક ગડમથલો ઊભી કરી. તારવણીવાળો નાથાલાલ રૂમાલની ફેરી કરે છે. તેનું કુટુમ્બ બરબાદીને માર્ગે પડ્યું છે. આવા અનેક છે. આવા બીજાનું શું! મારા મોઢા ઉપરના બદલાતા ભાવો નાથો થોડીવાર જોઈ રહ્યો. પાછો તે બોલવા લાગ્યો!

'આ બધા સરકારના કામ છે. અમને ભિખારી કરી મુકયા. સવાર પડે ને નવો કાયદો. આ બંધને બંધને સરકારે માણસની ઊંઘ ઉડાડી દીધી છે. જીવ ફડકે ઉડી રહ્યો છે ભાઇ.'

નાથો હજુ વધુ ઉકળાટ કાઢત, પરન્તુ મેં તેને બોલતો અટકાવ્યો. નાથો બોલે છે તેવું અત્યારે ઘણા બોલે છે ભુખનું દુઃખ માણસ પાસે શું નથી કરાવતું. મને મન થયું હું નાથાને સરકારની પરિસ્થિતિ સમજાવું. સરકારની નીતિનો બચાવ કરું. પરન્તુ અભણ નાથા પાસે આવી વાત કરવાથી શું ફાયદો! તેને માટે તે બધું પારાયણ જેવું હતું.

'સાબ દૂસરા મનુષ્ય સાકી જગા કરા' અડધી કલાકથી નાનકડી હોટેલની બે મહત્વની જગ્યા રોકી રાખી હતી તેનું અમને હોટેલના છોકરાએ ભાન કરાવ્યું.

'લે નાથા.' ખિસ્સામાંથી પચ્ચાસ રૂપિયા કાઢી મેં નાથાનાં હાથમાં મૂકયા. 'આ લઇ લે. હું તારા માટે અને ભાઇ માટે પ્રયત્ન કરીશ.'

અમે હોટેલમાંથી બહાર નીકળ્યા. વરસાદ હવે મુશળધાર પડી રહ્યો હતો. બાજુમાંથી પસાર થતી એક ખાલી ગાડીમાં હું ચડી બેઠો.

ગાડી ઉપડયા પછી મને એક વિચાર આવ્યો નિષ્ણાતો કહે છે; 'મંદી હજુ તો શરૂ થાય છે.' ★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું જાણે જીવતર છૂટી પડયું!

જીવકોર મુંબઈથી પાછી આવીને પોતાની અવાવરૂ ઓરડીમાં ભરાઇ ગઇ હતી. ચાર દિવસ થયાં પરંતુ પાડોશમાં કે સગાંવહાલાંને મળી ન હતી, એટલું જ નહિ પણ કોઈની સાથે જરા જેટલી વાત પણ કરી ન હતી કે ન તો કોઇના મુંબઇમાં રહેતાં ભાઇ-ભાંડુનાં ખર ખબર આપ્યા હતાં.

એક દિવસ થયો, બે દિવસ થયા, ત્રણ દિવસ થયા ત્યાં સુધી તો બધાં શાંતિ રાખીને બેસી રહ્યા. પછી તો વાત બધે ચર્ચાવા માંડી, ફળિયામાં રહેતી જકલ માળણથી શેરીમાં ત્રણ માળની મેડિયું બાંધીને પોળે પલાંઠો મારીને શ્રીજી બાવા, શ્રીજી બાવા કરતાં કુંવર શેઠાણી સુધી.

'થયું છે શું? જીવકોર બહાર કેમ નથી નીકળતી.' આ સવાલ લગભગ સર્વને મુખે હતો. હતો છતાં કોઇ જઇને જીવકોરને પૂછતું ન હતું. કોઇકને એમ હતું કે છેવટે કોઇક પૂછશેને એટલે જવાબ મળી જશે અને ખબર પડશે નકામી માથાકુટ કોણ કરે? થાય આળસમાં ને આળસમાં વાત રહી ગઇ હશે-પરંતુ આજે વાતની ચટપટી વધી હતી.

'મેં તો ના પાડી હતી કે, બાઇ જઇશમાં મુંબઇમાં તારા જેવી જૂના જમાનાનું કામ નથી, આઠ ફૂટની ઓરડીમાં પક્ષીઓને પૂરે તેવા પિંજરામાં પૂરાઇને તરફડીશ, પણ માન્યું નહિં અને ગઈ. કોડ પૂરા થઈ ગયા હશે. આ વખત જ એવો છે માણસ હાર્યાં રહે નહિં પણ માર્યાં રહે.' ફાજલ સમયમાં બપોરનાં બધાં કુંવર શેઠાણીને ત્યાં ભેગા થતાં. કુંવર શેઠાણી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરતાં. આજે પણ બધાં ભેગાં મળ્યાં ત્યારે કુંવર શેઠાણીએ હજી તો કથા ઉઘાડી પણ ન હતી ત્યાં બટક બોલી અવલ વહુએ શરૂઆત કરી.

'સાચું છે.' જતાં પહેલાં મને મળવા આવી હતી. અને કહેતી હતી કે, કુંવર શેઠાણી, હું મુંબઇ જાઉં છું, મનુના કાગળ ઉપર કાગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે, ન જાઉં તો ખોટું લાગે. મેં સલાહ આપી હતી જવું હોય તો જા, પણ બધું પાકું કરીને જજે. આ જમાનાના છોકરા સમજવા બહુ કઠણ છે. તેમાં મનુ તો તારો દીકરો છે, પણ પારકા ઘરની લ.વ્યો છે. નથી આપણે ઓળખતા નથી પાળખતા, નકામી કયાંક લાખનાં બાર હજાર કરવા ન જતી ! શ્રીજી બાવા, શ્રીજી બાવા આપણે તો ફરજ બજાવી.' બોલીને તેમણે ભાગવતની પોથી છોડી, બે હાથ જોડીને પ્રણામ કર્યા અને દુઃખણાં લઈ પોથીને હાથ અડકાડી આંખે મૂકયા.

'પણ બોલતી કેમ નથી, થયું છે શું ?' કોઇએ પૂછ્યું. અવલ વહુને ચેન પડતું ન હતું, કોઈ સ્પષ્ટ વાત કેમ કરતું નથી, કોઇ એમ કેમ નથી કહેતું કે હું જીવકોરને મળી અને જીવકોર મારી પાસે પેટ ભરીને રડી અને મનુડા અને તેની વહુએ આપેલા દુ:ખની હૃદયવેધક વાત કરી.

'હશે આપણે શું કામ ? બિચારી બહુ દુઃખી છે, દુનિયામાં એવી કહેવત છે કે સુખ પછી દુઃખ આવે છે અને જાય છે, દુ:ખને વખતે ધીરજ રાખવી અને સુખને વખતે છકી જવું નહિ, પરંતુ જીવકોરે આ કહેવત પણ ખોટી પાડી. માથે તો તેને પડી છે ત્યારથી કોઇ દિવસ પારકા ઘરનું પાણીનું બેડું તેને માથેથી ઉતર્યું નથી, મનુડાને બે વર્ષનો મૂકીને તેના વરને મરી ગયાંને આજ બાવીશ ત્રેવીશ વર્ષ થઇ ગયા, મૂઈ ઘડી ઝંપીને બેઠી નથી. મનુડાને ભણાવ્યો, પેટમાં ખાધું નહિં અને દિકરાને મોટો કર્યો. આજે હવે બિચારી ને કયાંક બેસવા વેળા આવી છે તેમ લાગ્યું ત્યાં વળી શું થયું ? દુઃખ જ તેનાં ભાગ્યમાં લખાયેલું હશે ! પણ આમ ઘરમાં ભરાઈ રહે શું વળે! હસે બહાર નીકળે, કોઇકને વાત કરે તે કો'ક બે મીઠા શબ્દો તો કહે' કુંવર શેઠાણીએ બોલતાં બોલતાં આંખ ઉપર ચશ્મા ઠીક કર્યા.

ખડીકાનાં તોતીંગ કમાડ ઉઘાડવા બહારથી કોઇ પ્રયત્ન કરી રહ્યું હતું, બેત્રણ વખત અવાજ આવ્યો. બધાની વાત અટકી પડી, પણ બારણાં ઉઘડતાં ન હતાં. બ્હારથી કોઇ પ્રયત્ન કરતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કોણ છે ?' કુંવર શેઠાણીએ સત્તાવાચક ધાંટો કાઢયો, અવલે ઉઠીને બારણું ઉઘાડયું. કમાડની વચ્ચોવચ્ચ કપાળ ઢાંકી લાજ કાઢીને જીવકોર ઉભી હતી. તેની સાથે હતી મોંઘી કોલણ. બધાંયને આશ્ચર્ય થયું. જીવકોર આવી રીતે આવશે તેની કલ્પના કોઇને પણ આવી નહોતી. 'કેમ જીવકોર, તું ક્યારે આવી ?' કુંવર શેઠાણીએ મુખ ઉપર કંઇક નવી જાતના ભાવ આણીને જાણ્યાં છતાં અજાણ્યા બનીને ઘણી વખત માણસો અસત્યનો આશ્રય લ્યે છે તેમ પૂછ્યું. ભગવત નામ સ્મરણમાં ઘડી બેઘડીમાં તરબોળ બની જવાની તૈયારી કરી રહેલાં બધાં ટટ્ટાર થઇ ગયાં. સર્વને સાંભળવાની ઇચ્છા હતી. હમણાં જાણે કે કંઇક અસાધારણ વસ્તુ તેમને સાંપડશે. દરેકે કાન સરવા કર્યા.

'હું–ભાભીજી ત્રણ ચાર દિવસ થઇ ગયા. આવીને તુર્તજ તમને મળવું હતું, પરંતુ રસ્તેથી જ તાવ લઇને આવી હતી, ગઇ કાલે માંડ ઉઠી શકી, નહિતર તમને પગે પડયા વગર રહું ?' જીવકોર છેક ઉપર પહોંચી ગઇ અને કુંવર શેઠાણીને પગે પડી.

'દુર દુર બાઇ જેને તેને અડીને મને અડકીશ નહિ' શેઠાણીએ બોલતાં બોલતા મોંઘી કોલણની સામે જોયું.

જીવકોરને આ બધું સાંભળવાની કે નાની વાતોમાં ઉતરવાની વૃત્તિ દેખાઇ નહિ. તેણે કોઇની સામે પણ જોયું નહિ

'ભાભીજી હું એક કામે આવી છું. મારૂં ઘર મ્હારે વેચી નાખવું છે, તમે મારા જેઠને વાત કરશો, ઘર વેચીને મ્હારે પાછા મુંબઇ જવું છે. તમે મને ઘણી વખત કહ્યું હતું, આજે હવે મ્હારે વેચી નાખવું છે.'

'કેમ ?' સાંભળનારા સૌને આશ્ચર્ય થયું.

'મારે પૈસાની જરૂર છે, જેટલું બને તેટલું જલદી મારૂં ઘર મારે વેચવુ છે,' જીવકોર વાત કરતાં કરતાં ધ્રુજતી હતી.

'પૈસા, રૂપિયા, એકાએક શું જરૂર પડી, મનુ ક્યાં છે? પહેલાં તને ઘણી વખત કહ્યું ત્યારે તો કહેતી હતી કે મારે અને ઘરને શું લાગે વળગે ? ઘર તો મનુનું છે.' 'હવે શું થયું ? અવલ વચ્ચે બોલવાની પોતાની ટેવને રોકી શકી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તને ના કહી કે બાઇ રહેવા દે, આજકાલનાં છોકરાંનો ભરોસો નહિ છતાં ગઈ, કામ કરવાનું છોડવા આવી ત્યારે, તેને ઘણી વારી હતી, થોડું થોડું કામ કર્યા કર. આજ કાલ કોઇનો ભરોસો નહિં છતાં માન્યું નહિં, બધું ખોયું, દિકરાએ હાડ હાડપ કરીને કાઢી અને અહિં કામ કરવાનું ઠેકાણું રહ્યું નહી. બધેયથી રખડી, હવે ઘર વેચવાનો વખત આવ્યો? ગરીબોને ઉપદેશ આપવાની અને ઠપકો આપવાની જે કળા ધનિકોને સાધ્ય થઇ છે તેનો ઉપયોગ કરતાં કુંવર શેઠાણી, ચાંપી ચીપીને બોલતાં હોય તેમ બોલ્યાં અને ગૌરવથી બધાની સામે જોયું.

'કોણે કહ્યું મને મારા દીકરાએ કાઢી મૂકી?' જીવકોર પહેલી જ વખત સહજ ટટ્ટાર થઇને બોલી. 'મારા મનુએ મને કાઢી મૂકી?' ફરીથી તેણે શબ્દો ઉચ્ચાર્યા, અને એક વેધક નજર કુંવર શેઠાણી તરફ ફેંકી.

જીવકોર વધુ વખત ધીરજ રાખી શકી નહિં, 'બહેન મારા મનુને કોઈ વગોવશો નહિં, મારો મનુ તો બીજો રામ છે, એક દિવસ પણ તેણે મને દુભવી નથી, અને વહુ? વહુ તો મારા રાંક ઘરનું રતન છે. બંનેય એવાં છે. ભગવાને મારા સામે જોયું છે,' પણ તે વધુ બોલી શકી નહિ.

'ભાભીજી મનુનું શરીર સારૂં રહેતું નથી. બે ત્રણ મહિનાથી તાવ આવે છે, ઘણી દવા કરી, તાવ ઉતરતો નથી, મોટામોટા દાક્તરોને બતાવ્યાં બધા કહે છે, દરદ હઠીલું છે, તાવ ઉતરશે, મટી જશે, પણ વખત લાગશે. પૈસા કાંકરાની પેઠે ખર્ચાય છે, હવે દાકતરો કહે છે બહારગામ હવા ફેર કરવા લઇ જાવ મુંબઈમાં આટલા મહિના માંડમાંડ નીભાવ્યું, વહુએ બિચારીએ બધું ઘરેણું ઉતારી આપ્યું, પાઇએ પાઇ ખર્ચી, વધુ પૈસાની જરૂર છે, એટલે ઘર વેચવા આવી છું; જો આજ વેચાય તો મારે કાલ કરવી નથી.'

'ક્ષય થયો છે?' કુંવર શેઠાણીએ રોગના વર્ણનમાંથી સાર તારવીને ચોખ્ખો પ્રશ્ન કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, ભાભીજી, બધાં એમજ કહે છે.' જીવકોરને રોગનું નામ લેવું ગમતું ન હોય તેમ મોઢું કટાણું કર્યું

'શ્રીજી બાવા, શ્રીજી બાવા.' કુંવર શેઠાણીએ આંખ ઝીણી કરી એવો દેખાવ કર્યો કે એના દિલમાં જાણે દયા ઉભરાઈ આવી છે.

'ઠીક, હું તારા જેઠને વાત કરીશ, અમારે હવે ઘરની જરૂર નથી; છતાં તારૂં કામ કરવાની હું જરૂર ભલામણ કરીશ. શ્રીજી બાવા, શ્રીજી બાવા, શું વખત આવ્યો છે ? ઘણો વખત થઇ ગયો આજે તો વખત નકામો ગયો.' તેણે જેવી રીતે કથા છોડી હતી તેવી રીતે પાછી વાંચવા માંડી, ફરીથી તેમણે દુઃખણા લીધાં આંખે હાથ અડાડયા.

'આજે પ્રભુનું નામ લેવાનું નશિબમાં નહિ હોય' તેણે શ્રોતાજનોને સંભળાવ્યું, અને બધાંને જવાનું મૂક સૂચન કર્યું.

'ત્યારે હું રાત્રે આવું ભાભીજી, ?' જીવકોરને જગતની બીજી કોઇ પણ વાતમાં રસ ન હતો.

'હેં ?' કુંવર શેઠાણી બધાંયને વિદાય કરીને ઉંડા વિચારમાં પડી ગયાં હતાં, તે સફાળા જાગ્યા હોય. તેમ બોલી ઉઠયાં.

'મેં કહ્યું હું રાત્રે આવું ને?' જીવકોર ફરીથી બોલી.

'હા–બાઈ હા. હું તંને કહેવરાવીશ, એમ કાંઇ ઉતાવળે આંબા પાકે ? ઘર લેવાનું કામ છે ? ગળે વાત ઉતારીશ ને તેને કહેવરાવીશ.'

'સાચું છે. પણ મારે જલદી જવું છે, જેટલો મનુ મુંબઇની બહાર નીકળે તેટલો રોગ વહેલો જાય.' પુત્રવત્સલ માનું મન એકજ વાતમાં હતું.

'ભાભી, તમારે કેટલા રૂપિયાની જરૂર છે?' રસ્તે પાછા વળતાં મોંઘીએ જીવકોરને પૂછ્યું.

'હમણાં પાંચસો હોય તો બસ થાય બહેન, પછી જોયું જશે.' જીવકોરની આંખમાંથી આશા ટપકતી હતી.

'હું તમને આપીશ. હમણાં ઘર વેચશો નહિ ભાભી, આ લોકોને તમે ઓળખતાં નથી. ના પાડશે, ડોળ કરશે અને ઘર પાણીના મુલે પડાવી લીશે.' મોંઘીએ પૂરવણી કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બ્હેન તારી જેવાં પ્રભુ નહિં, મારૂં આ દુનિયામાં કોઈ નથી. મારા મનુને સારૂં થઇ જાય એટલે બસ.' તેના દિલનાં તારેતારમાંથી આશીર્વાદ વરસીને કામવાળી મોંઘીને ભીંજવી રહ્યા.

જીવકોરના ગયા પછી કુંવર શેઠાણી ઘણીવાર સુધી બેઠાં હતાં, ત્યાંજ બેસી રહ્યા, તેમણે મનમાં ઘણી ગણત્રીઓ ગણી લીધી, પોતાના વિશાળ મહાલયમાં ઘરને કેવી રીતે ભેળવી શકાય તેની પણ માત્ર ગણત્રીઓ હોય. પરન્તુ રાતના દસ વાગ્યા સુધી તેમણે કોઇને વાત કરી નહિં કે ન જીવકોરને બોલાવી, કદાચ જીવકોરને કેમ પૈસા ઓછા અપાય તેની યોજનામાં પણ તેમને વખત મળ્યો ન હોય.

અડધી રાતે, જીવકોરે રોકડા રૂપિયા પાંચસો, પોટલીમાં બાંધી મોંઘીને ઘર સાચવવાની ભલામણ કરી, સવારની ગાડી પકડવાની તૈયારી કરી હમણાંજ આડે પડખે થઇ હતી.

છેક વહેલી સવારે કોઇક ફળિયાની ડેલીનાં કમાડ ખખડાવતું હતું.

'કોણ છે ?' જીવકોર સફાળી જાગી અને કમાડ ઉઘાડયાં, તારવાળો ઊઘાડી ખડકીમાં અંદર આવ્યો.

'જીવકોરબાઇ કયાં રહે છે ?'

'હું જીવકોર ?' જીવકોર ધ્રુજી ઊઠી.

'તમારો તાર છે ?'

'મારો ?' ધ્રુજતે હાથે તેણે તાર લીધો અને પાછો તારવાળાનાં હાથમાં મૂકયો. 'વાંચો ભાઇ.'

'તમારો દીકરો ગુજરી ગયો,' કાળ થપાટ મારીને કોઈના પ્રાણ હરી લે તેવા શબ્દો તારવાળાનાં મુખમાંથી નીકળ્યાં. અને એક ભયંકર આક્રંદે આખી શેરીની સવારની ગુલામી ઊંઘમાં વિક્ષેપ કર્યો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૨૦—

ધરતી અને આભ

સંધ્યા વાણોદ ગામની વાત્રક નદીને માથે લાલ રંગનાં દરીયા વેરી રહી હતી. નદીને સામે કાંઠે, ચારે તરફ સુકાયેલી ધરતી પથરાયેલી પડી હતી, થોડેક દુર ધરતી અને આભ ભેગા બેસીને દીલની વાત કરતાં હોય તેમ એક બીજાના અંકમાં લદબદ થઇને બેઠાં હતાં. ચારે તરફ શાંતિ હતી, મનને ઠારે તેવી નહિ, માણસને નાસી છૂટવાનું મન થાય તેવી.

નદીની બે ભેખડની વચ્ચે પાણીના નાના વહનની પાસે રેતીમાં બે માનવી ઉભડક પગે બેઠા હતા, તેઓ ઘડી ઘડી પાછળ નજર કરતા હતા, વાટ જોઇને માણસમાં જે આકુળતા દેખાય તેવી આકુળતા બન્નેના મુખ ઉપરથી સ્પષ્ટ દેખાતી હતી.

'બળદ ઠેકાણે પાડી દીધા ?' બન્નેમાં મોટા લાગતા અમરાએ નાના જુવાન ચપળ દાનાને પુછ્યું.

'હા.' જેવો તરવરાટ શરીરમાં દેખાતો હતો, તેનાથી વિરૂદ્ધ જુવાને જવાબ આપ્યો દુઃખ અને જાત તરફનાં તિરસ્કારની એક ઉંડી આહ જાણે કે તેમાં ટપકતી હતી.

'કેટલા રૂપિયા આવ્યા.' અમરો દાનાની લાગણી સમજી શકયો નહિ, તેણે પ્રશ્ન શરૂ રાખ્યો :

'સાત વીસુ અને આઠ' બોલીને જુવાન દાનો બેઠો હતો ત્યાંથી ઉઠી ગયો. બન્ને તરફ એક ખાલી નજર નાખી અમરાથી થોડેક દુર જઈ વાંકા વળી રેતીમાંથી કાંકરા વીણવા લાગ્યો.

'ભા' હજુ કોઇ આવ્યું નહિ ? જુવાને દુર રહ્યા રહ્યા જ પુછ્યું. તેને બળદવાળી વાત ફરીથી ઉખળે નહિં તેવી ઇચ્છા હતી.

'હા હમણાં આવશે' અમરાએ જવાબ આપ્યો. પણ તેના શબ્દોમાં પણ જરા થડકાટ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હમણાં અંધારા ઉતરી આવશે. વાયદો તો રાશવાદિ' રહે ત્યારનો હતો. હજુ કોઇ કળાતું નથી?' દાનાએ જાણે અમરાની વાત સાંભળી ન હોય તેમ પોતાની વાત જ કરી.

'આવશે, હમણાં આવશે, સૌ પોતપોતાના માટે આવશે, આમાં કયાં કોઈના દિકરાનાં લગ્ન માંડ્યા છે? સૌ કોઇનું કામ છે.' અમરો છેલ્લા શબ્દો દાંત ભીસીને બોલ્યો.

'ટાણું વીતતું જાય છે. આજે શુકન કરવા છે. અમારા રોટલા ઝુંટવનારનાં રોટલા આજ ધૂળમાં રગદોળવા છે. હમણાં આવશે. અમારા ચાંદુડીયા કાઢતી હોય તેમ ભુક ભુક કરતી કાળકા માતા ધુમાડાનાં ગોટા ઉડાડતી સરસરાટ કરતી અમારી છાતી ચીરીને આવી પહોંચશે. પાંચસો માણસના રોટલાના ભૂકેભૂકા ઉડાડતી ચાલી જશે.' અમરો મનમાં રટતો હતો. તેના મુખ પર કરચલીઓના દોરના દોર ઉઠયે જતા હતા.

'આવી ગયાને ભા?' થોડાંક માણસનાં પગલાં સંભળાયા. આવનારમાંથી એકે અમરાને પડકાર્યો.

'આટલું મોડું?' જવાબ આપવાને બદલે અમરાએ આવનારને તતડાવ્યા.

. 'શું કરવું ભા' ગામતરે જવું હોય તો જેમ તેમ નીકળી જવાય આતો આખરનું ગામતરૂં! જીવ્યા મુવાના જુવાર, આમાં કયાંથી જલદી અવાય? બધાંને મનાવવા પડે ને! માંડ માંડ સમજાવ્યાં. આખા વાસમાં રોકકળ થઇ રહી છે. માવા ભગત તો હજુય સમજ્યા નથી.'

'એ હાલ્યા આવે છે. વાંસે ટાંટીયાં ઘસડતા, હમણાં પુગી જશે.' પ્રથમ બોલનારે જ અમરાને જવાબ આપ્યો.

'પણ કહ્યું શું કરવા? અમારી જેમ છાના માનાજ નિકળી જવું હતું ને?' અમરાને વાત સમજાણી નહિ. આટલું બધું મોડું કર્યું અને નાહક વાત બહાર પાડી. તે ઉકળી ઉઠયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'છેલ્લીવાર ભાઈ ભાંડુને મળવું તે જોઈએને! ભગવાને અમારી કાયા એવી વજ્જરની ક્યાં કરી છે?' બોલનાર બોલીને ઉંચે આભમાં તાકી રહ્યો.

'ક્યાં છે અમરા, ક્યાં છે દાનો? ક્યાં છે પાપના કરનારા? ભુંડાં આમ હોય!' માવા ભગતે નદીની રેતીમાં પગ મુકયા અને તાડુકી ઉઠયા.

'શું છે ભગત?' અમરો આગળ વધ્યો.

'શું છે? રાવણીયાનો દિકરો છેલ્લે પાટલે બેઠો! હેઠ ભુંડા કાયા એટલી બધી વાલી થઈ ગઇ કે કાયાને માટે મલકના લોહી પીવા નીકળ્યા છો!' ભગત બોલતા બોલતા છેક પાસે આવી ગયા.

'અમારો ઉપાય નથી રહ્યો ભગત નકર અમે છેલ્લે પાટલે બેસીએ?' અમરો બોલતા બોલતા બધાંની પાસે ગયો.

'સાચું કહેજો ભાઇઓ? આપણો હવે ઉપાય શું છે?' અમરાએ બીજાને વાતમાં ભેળવવા પ્રયત્ન કર્યો.

'એવડું બધું શું થઈ ગયું છે?' બીજું તો કોઇ બોલ્યું નહિ પણ ભગત જ ત્રાડુકી ઉઠયા.

'શું થઇ ગયું છે, ભગત તમે જાણે કંઈ જાણતા નથી.' ટોળામાંથી એક બીજા જુવાને વાત ઉપાડી.

'હવે આપણે જીવવા જેવું રહ્યું છે શું? આપણો રોટલો ઝુંટવી લીધો. રાવણીઆના છોકરા કાલ હાથમાં ચલાણું લઇ બાવા સાધુની જેમ ભીખ માગશે? અમારાથી આ સહન ન થયું એટલે અમે અમારો ન્યાય ખોળવા નિકળ્યા છીયે!'

'ન્યાય માણસનો કોઇને મળ્યો છે? ન્યાય આપવાવાળો તો ઉપર બેઠો છે. હઝાર હાથવાળો! ઈ કોઈને ભૂખ્યા સુવરાવતો નથી. ધીરજ રાખો, બધું ઘીના ઠામમાં ઘી પડી જશે.' ભગત શ્વાસ ખાવા જરા અટકયા.

'તમે અમને શું કામ વારો છો? ભગત ત્યાં જઇને કેમ કેતા નથી? આજે ૧૫૦ વર્ષ થયાં રાવણીઆનાં દિકરા ગાડાં ભાડે ફેરવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડાં ફેરવીને એક ગામ અને બીજા ગામની વચ્ચે હટાણું કરી સાંજ પડયે બળદનું અને પોતાના પેટનું કાઢે છે. આજે હવે રહીરહીને આ કાળમુખી મોટરો લાવીને અમારા ભાડાં બંધ કાં કરી દીધા? અમે વીનવ્યા, હાથે પગે લાગ્યા. બાપા અમારા ગાડાં બંધ કરો મા, અમારો રોટલો ઝુંટવો મા, પણ સાંભળે કોણ? અમારી એકેય વાત સાંભળવી જોઇએ કે નહિ, અને અમારી છાતી ઉપર આ મોટરૂં હડીયું કાઢવા માંડી. અમારા ભાડા બંધ થઇ ગયા, અમારા બળદ નવરા પડયા. અમારા છોકરા ચાર ચાર દિથી લાંઘણું ખેંચે છે. હજી તમે અમને વારો છો. અમારે તમારો બોધ સાંભળવો નથી, અમારે અમારા છોકરાના છાશ રોટલા જુવે છે. તમારી પાસે છે?' બોલીને અમરાએ ભગતની આંખમાં આંખ પરોવી.

'આકળા થાવમાં, બાપા! ભગવાનમાં ભરૂસો રાખો. છાશ રોટલો આપવો એના હાથમાં છે.'

'તમે ચાલ્યા જાવ. નહિતર બાંધીને ઝાડે ભેરવી દઇશું.' અમરાએ ભગતનો હાથ ઝાલ્યો.

'દાના. તુંયે આ પાપ કામમાં ભળ્યો છે?' નીચું મોઢું રાખીને સાંભળી રહેલા દાનાને ભગતે ઠપકો આપ્યો.

'દાદા' દાનાનો અવાજ ગળામાંથી નીકળ્યો નહીં.

'દાદા કહેતા શરમાતો નથી. મારૂં પેટ આવું હોય; ભુખના દુઃખથી થરથરી ઉઠે અને મલકમાં ખૂન અને લૂંટ કરવા નીકળે! ફટ છે ભૂંડા.' ભગત, બોલીને નીચે બેસી ગયા.

'ભગત તમે જાવ છો કે નહિ હવે બહુ થયું.' અમરાને લાગ્યું ભગત કયાંય વાત બગાડશે!

'તમે નહિ માનો! કરો કરમ–પણ યાદ રાખજો કોઇના છોકરાના રોટલા ઝુંટવાથી કોઈને રોટલા મળતા નથી. દાના મરી જાતો ઠીક પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવતો હો તે મોઢું દેખાડતો નહિ.' બોલીને ભગત નદીની સામે પારની ભેખડ ઉપર ચઢી ગયા.

ભોં–ભોં–ભોં મોટરનો અવાજ દૂરથી સંભળાયો.

'ફરી વળો આડા. હાંકનારને તો પુરો જ કરજો અને મોટરમાં જે કોઈ હોય તેને લુંટી લ્યો એક પાઈએ પાઈ!' અમરો કાયા ખંખેરીને જનાવર ઉભું થાય તેમ ઉઠયો.

'દાના તારે હાંકનારને પૂરો કરવાનો છે. જોજે હાથ ઢીલો પડે નહિ.'

બધાંયે લાકડી પકડી અને તન મનને દ્રઢ કર્યા.

'ચાર ચાર જણા વહેંચાઇ જાવ, જેવી મોટર નદીમાં ઉતરે ને ધીમે પડે કે તુરતજ પડખેના પંખા ઉપર ચડી જજો એક સાથેજ હુમલો કરજો, એટલે બધુ સપાટા બંધ ધરબાઇ જાય.'

ભોં–ભોં–ભોં મોટરના અવાજ વધવા માંડયો.

'એ આવી, સાબદા થઇ જાવ, હમણાં પુગી સમજો.' અમરાએ ભેટ તસાવીને દાંત ભીસ્યા.

ભોં–ભોં–ભોં ના અવાજ વધવા માંડયા.

'આજ કેમ બહુ અવાજ થાય છે, દાના?' છુપાઇને ભેગા ઊભેલા જુવાનમાંથી એકે દાનાને કાનમાં પૂછયું.

'કેમ ખબર પડે? ભોં–ભોં–ભોંનો અવાજ તો બહુ દૂર નથી લાગતો.'

'ઓયઓય રામ–રામ' કીચૂડ કીચૂડ થતી મોટરની બ્રેકોનો અવાજ આવ્યો અને મોટર અટકી. ને ઉભી રહી ગઈ, અને કોઇની વેદનાની ચીસ સંભળાણી.

'કોણ હડફેટમાં આવી ગયું.' શાંત વાતાવરણમાં અમરાને કાને શબ્દો પડયા!

'રામ! રામ! રામ! ભગતનો અવાજ!' દાનો માર્ગ પાસેના તલબાવળામાંથી કુદકો મારીને ઉભો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હેં !' અમરાનો અવાજ ફાટી ગયો.

દોડીને બધા મોટર પાસે પહોંચી ગયા. લોહીના ખાબોચીયામાં ભગત તરફડતા હતા.

દાનો દોડીને દાદા પાસે પહોંચી ગયો. હાથમાં પકડેલું ધારીયું દૂર ફેંકી દીધું અને ભગતનું માથું ખોળામાં લીધું.

'દાદા' તેનો અવાજ ઠરડાઇ ગયો. 'મારો દિકરો કોઇના ખૂનથી...' શબ્દ પૂરો થયો નહિ. ભગતે ડોક ઢાળી દીધી. પછી એક શબ્દ સંભળાયો નહિ. ઉભાવાળની ટોપી ઓઢીને ઉભેલો ડ્રાઇવર અંધારામાં રાવણીઆની મુખમુદ્રા વાંચવા પ્રયત્ન કરી રહ્યો, પરંતુ તે કોઇની સામે આંખ માંડી શકયો નહિ. આંખમાંથી જાણે પશ્ચાતાપનાં આંસુ ટપકતાં હતાં.

થોડીવારે પછેડીની ઝોળીમાં ભગતને ઉપાડીને રાવણીઆ વાણંદ ગામનાં ઝાંપા તરફ પાછા ફર્યા ત્યારે બધું સૂમસામ હતું. પ્રકૃત્તિ, પવન અને વાત્રકના નીર, માત્ર નદીને કાંઠે ઉભેલી તલઆવળાની કાંટમાંથી કંઇક કરૂણ અવાજ આવતો હતો. નજીક અને દૂર બધે કાળું ઘોર અંધારૂં હતું. છતાં એ અવાજ એવી પ્રતિતિ કરાવતો હતો કે જાણે દૂર દૂર ધરતી અને આભ ભેગા બેસીને માણસ જાતનાં મરસીયા ગાય છે !

★

—૨૧—

'સાબ! સુનિયે....!'

પહાડ જેવી કાયા, ફરકતી ધજા જેવી મોઢા પરની ભરાવદાર દાઢી, એ દાઢીથી શોભતી નમણી મુખાકૃતિ: આ બધું જોઇને પ્રથમ દૃષ્ટિએ એમ જ લાગે કે, વીર શીખ જાતિ જેને માટે મગરૂર છે એવી વીરતાની પ્રતિમા સમો આ શીખ છે. પરંતુ સહેજ બારીકાઈથી જોઇએ, એ ભરાવદાર મુકાયલા દાઢી અને પડછંદ કાયા ઉપર ઝીણવટથી નીહાળીએ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો આપણને લાગ્યા વિના રહે નહીં કે, એ મુખ ઉપરની બે આંખને ખુણે છાંનાં છાંનાં આંસુનાં થોડાં ઝાયાં જેવું કંઇક દેખાય છે. એ પડછંદ કાયા પછવાડેથી સહજ વાંકી વળી ગઈ છે. એ જ્યારે ડગલાં માંડે છે ત્યારે એમાં મગરૂબી કરતાં ઓશીઆળાપણું વધુ દેખાય છે. અકાળે ભાંગી જતા કેટલાક મનુષ્યોની જેવાં સરદાર સુજાનસિંહ લાગે છે.

સાત દિવસથી સરદાર સુજાનસિંહ મુંબઈની શેરીઓમાં, મુંબઈનાં ધન કમાવાનાં ચૌટાઓમાં મુંબઇની આલીશાન ઇમારતોમાં મુંબઈના માર્ગ ઉપર લાંબી અને લાંબી પથરાયેલી પગથી ઉપર મુંબઇનાં ખુસ્નુમાં બગીચાઓમાં, મુંબઇના રંગરાગભર્યા મોજમજાહના સાધનોની આજુબાજુ અફઘાન દેવળથી સાન્તાક્રુઝ અને વિલેપારલે પાસેની કુંજગલીઓને પહેલે છેડેથી તે બોરીવલી અને માટુંગા ઘાટકોપર અને થાણાને માથે ઠેઠ કલ્યાણ સુધી હડીયો કાઢી રહ્યો છે. એની આ હડિયાપટ્ટીમાં તે એકલો નથી. તેની સાથે ચાર બાળકો છે. આમાંનું મોટામાં મોટું બાળક ભાગ્યે જ દસ વર્ષનું હશે. બે બાળકો તો છેક નાનાં છે. એક તો તેડીને ફેરવવા જેવું. પાંચે જીવ સાથે જ હોય છે. સહવારની ગુલાબીમાં કદીક ચોપાટીની રેતીમાં બળબળતા બપોરે કોઈ એકાદ વૃક્ષની શિતળ છાંયામાં અને રાતે એકાદ વિશાળ પગથી ઉપર બાકીનો સમય ધુળથી ખરડાયેલા મેલાં ઘેલા તેઓ શહેરમાં ફરતા હોય છે.

'સાબ સુનીયે' કોઇ તેનાં તરફ જુવે છે તો કંઇક કહેવા પ્રયત્ન કરે છે 'હું હેરાન છું. મારી વાત સાંભળો અને કંઇક રસ્તો બતાવો.' સાંભળીને કોઈક થોડીવાર થંભે છે. કોઇક પુરી વાત સાંભળ્યાં સિવાય દુર ભાગવા પ્રયત્ન કરે છે. કોઈક તો તેની સામે જ જોઇને કંઈપણ જોયાં વિચાર્યા સિવાય ધસાઈને જ રસ્તો પકડે છે. સૌના દિલમાં આ માણસ માટે કોઇ ખ્યાલ જ ઉત્પન્ન થતો નથી. પારકાના ખ્યાલો બાંધવા માટે દુનિયામાં કોને ફુરસદ પડી છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તે ચાલનારા આવા અનેકને તે વાત કહે છે, પણ કહેવા મથી મથીને કયાંય તેને સફળતા સાંપડતી નથી. તે આસમાન સામે મુખ તાકીને શહેરને એક ખૂણે બેસી રહે છે. તેના મનમાં અનેક કલ્પનાઓ ઉઠે છે, તેનું કેમ કોઈ સાંભળતું નથી? તે એટલો બધો નીંદનિય બની ગયો છે? તે કોઇને પ્રેમથી પોતાની વાત કહેવા પ્રયત્ન કરે અને લોકો વાત સાંભળ્યા સિવાય તેની સામું પણ જોયા સિવાય કદિક ક્રૂરતા–પૂર્વક તેની નફરત કરતાં હોય તેવા મુખભાવ સાથે જાણે કે તેને મૂક લાત મારીને ચાલ્યાં જતાં હોય તેમ ચાલ્યાં જાય છે.

સમાજ આમ કેમ કરે છે? તેણે સમાજનું કાંઇ બગાડયું છે? હજુ ગઇ કાલ સુધી તે આવો જ હતો. તેને પણ એક ઘર હતું. એ ઘરમાં સારો માણસ રહે તેમ તે રહેતો. સહવારથી સાંજ સુધી ટેકસી ફેરવીને મહેનતુ માણસ રોજી રળે તેમ રોજી રળતો, છેક દૂર લાહોરની પાસેનાં એક ગામડાંમાં રહેતાં તેનાં બાળબચ્ચાંને દર મહિને તે ખરચી મોકલતો. વર્ષને અંતે થાક ઉતારવા, પોતાનાં પ્યારા બચ્ચાઓને મળવા અને ઘઉં અને મેવાઓથી લદબદતી માદરે વતનની વાડીઓમાં તે પહોંચી જતો ત્યારે બીજાની માફક, બીજા પતિની માફક યાદ કરી કરીને તે પેટી અને બિસ્ત્રો દાબીદાબીને ભરી જતો. ગામમાં સરદાર સુજાનસિંહ આવતા ત્યારે તેનાં વધામણાં કરતાં ગામ ધરાતું નહિ.

તો પછી એક વર્ષ દોઢ વર્ષમાં આ બધું આમ કેમ બની ગયું? દેશનાં ભાગલા પડયા. લાહોર અને તેની આજુબાજુમાંથી હિન્દુઓ ભાગ્યા, બાળ–બચ્ચાં પણ બીજા અનેકની સાથે ચાલી નીકળ્યા. પ્રલયનો કોઇ પ્રાણઘાતક વંટોળીઓ ઉભો થાય અને માણસ બધું છોડીને માત્ર જીવ જ બચાવવાની ખેવનાં કરે તેમ બધાએ બધું છોડી દીધું. માત્ર હાથમાં જીવ લઇને ભાગ્યાં તેઓ કયાં જાય છે તેની તેમણે ખેવનાં કરી નહિ. જયાં જવાથી જીવ બચી શકે ત્યાં તેઓ ભરાઈ ગયાં. અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખો અને વિટંબણાઓ વાવાઝોડાની જેમ તેમની સામે થયાં. કેટલાક જગતની સપાટી ઉપરથી અદૃશ્ય થઈ ગયા. કેટલાક રખડતા રઝળતાં જ્યાં જ્યાં આશરો મળ્યો ત્યાં છુપાઈ ગયાં. સરદાર સુજાનસિંહે મુંબઈનાં રસ્તા ઉપર ટેક્ષિ ફેરવતાં ફેરવતાં સાંભળ્યું કે પંજાબનાં ભાગલા પડે છે, તેણે ટેક્ષિ ગેરેજમાં બંધ કરી દીધી. ખોલીએ તાળું માર્યું. જેટલા પૈસા પોતાની પાસે હતાં તે બધા ખુણેખાંચેથી ભેગાં કર્યાં અને જે પહેલી ગાડી મળે તેમાં ચડી બેઠો.

ગામડે ગામડે ફરી વળ્યો, હીજરતીઓનાં પગલાં પારખી પારખીને તેણે પગ માંડયા, સાત મહિનાના રઝળપાટને અંતે એક દિવસ નિર્વાસિતોનાં એક અડ્ડામાં તેને તેનું કુટુંબ મળ્યું. બચ્ચાઓ દોડીને બાપને ગળે વળગી પડયાં. બચ્ચાઓ તો સાજાં તાજાં હતાં: પરંતુ તેની પત્ની બિમાર હતી. છેક છેલ્લી ઘડીએ માત્ર પતિનાં દર્શન કરવા જીવતી હોય તેમ સરદાર સુજાનસિંહને જાણે કે બચ્ચાં સોંપતી હોય તેમ એકાદ બે દિવસમાં જ પતિનાં ખોળામાં માથું મુકીને તે ચાલી નીકળી.

આવાં દુઃખને પણ તેણે મરદને છાજે તેમ વધાવી લીધું આંખમાંથી આંસુનું એક પણ ટીપું પાડયા સિવાય બચ્ચાંઓને આંગળીએ વળગાડીને તે મુંબઈને માર્ગે પડયો. ખાનદાન અને લાગણીવાળા માણસને છાજે તેમ તેણે મોંઢામાંથી એક શબ્દ પણ કાઢયો નહિ ન તો સરકારને શાપ આપ્યો કે ન તો કોઈ દેશનેતાને માથે દોષારોપણ કર્યું જાણે કે તેના દિલમાં વાત તો ઉતરી ગઇ હતી કે, માતૃભૂમિની આઝાદી પાસે આ બધું બીલકુલ સામાન્ય હતું.

તે પાછો વળ્યો ત્યારે નસીબ તેની પહેલાં ચાર ડગલાં આગળ આગળ ગયું હતું. તેની ખોલી મકાનધણીએ ખાલી કરી નાંખી હતી. મોટર તબેલાની બહાર પડી હતી તે ફરીથી ચલાવી શકાય તેવી રહી ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. તેણે બધાને પુછી જોયું. કોઇએ તેની વાત સાંભળી નહિ તે બહાવરા જેવો બાળકોને લઇને ચારે તરફ ફરવા માંડયો તેને થયું તેની વાત કોઇક સાંભળશે. તેને કોઇક આશરો દેશે. બાળકોની સામે જોઇ કોઇને દયા આવશે. પણ તેની આશા ફળી નહિ. હડિયાપાટી કરી કરીને તે છેક કંઠે આવી ગયો. તેને સમજાયું નહિં કે પોતે શું ભૂલ કરી છે. સમાજ તેની અવગણના કાં કરે છે ?

'સાબ સુનિયે' બોલીને એક વેપારીની પેઢીમાં સુજાનસિંહ ઘુસી ગયો. 'કોણ છો ? શું જોઇએ છે ?' નિયમીત ચાલતી કચેરીમાં ખળભળાટ મચી ગયો.

'સાબ સુનિયે !' સુજાનસિંહ આગળ વધ્યો.

'બહાર નીકળો' સુજાનસિંહનો દેખાવ, તેની સામું રહેલું બચ્ચાઓનું 'હાલરૂં' બધું જોઇને શેઠ જેવાં લાગતાં એક માણસે, ભાષામાં વધારેમાં વધારે લાવી શકાય તેટલી તોછડાઇ લાવીને કહ્યું.

'સાલાં ભિખારાં' શેઠની બાજુમાં બેઠેલા એકે શેઠની ખુશામત કરી.

'ભિખારી !' સુજાનસિંહની આંખમાંથી અંગાર ઝર્યો તેનો હાથ કેડે લટકતાં કિરપાણ ઉપર ગયો. મહામુશ્કેલીએ ક્રોધને દાબીને શાંત કરે તેમ, કિરપાણ ઉપરથી હાથ ઉપાડીને તે ચાલી નીકળ્યો. તેનાં કાનમાં પડછંદા બોલતા હતા. 'ભિખારી' 'ભિખારી'

થોડીવાર સુધી તે રસ્તા ઉપર ચાલ્યે જ ગયો. બાપની ચાલવાની ઝડપની સાથે બાળકો તાલ મેળવી શકતાં નહોતાં. છતાં સમજુ છોકરાં જાણે કે સમજી ગયાં હતાં. બાપનું કોઇકે અપમાન કર્યું છે. ઘસડાઈ ઘસડાઇને તેઓ બાપની સાથે રહેવાનો પ્રયત્ન કરતાં હતાં. છેવટે નાનું છોકરૂં થાકી ગયું. જોરથી રડી પડયું. બાપની વિચારશ્રેણી–મગજમાં ઉભી થયેલી ભાંજગડ અટકી ગઈ, ને એકદમ એ પણ અટકી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકને ઉપાડી લીધું. મનમાં વિચાર કર્યો પોતે ક્યાં જઈ રહ્યો છે! તેણે નજર કરી. રસ્તો દુર ને દુર જઈ રહ્યો હતો.

'ક્યા હુવા, બચ્ચા થક ગયા ને? ચલો, કુછ ખાનેકો લેંગે.'

તેણે ખિસ્સામાં હાથ નાખ્યો. બાકી રહેલાં થોડાં પરચુરણમાંથી આઠ આની ઉપાડી અને થોડું ખાવાનું ખરીદી બાળકોને લઇ પગથી પાસેના એક ઝાડ પાસે બેસી ગયો.

એ દિવસ અને એ રાત સુધી તે આજ રીતે બેસી રહ્યો. અન્તે તેણે કંઈક નક્કી કર્યું હોય તેમ ઉઠયો. બાળકોને તૈયાર કર્યા. માણસે કોઇ જાતનો દઢ નિશ્ચય કર્યો હોય તેવા તેના મુખ ભાવ હતા.

મોટા રસ્તાઓ ઓળંગીને મુંબઇના એક નિર્જન ખૂણે પડેલા લત્તામાં તે આવ્યો. ચાર પાંચ મકાનો વટાવીને એક મહાલય જેવા લાગતા મકાનના દરવાજા પાસે આવીને તે અટકયો. તેણે મકાનમાં નજર કરી. મહાલય વિશાળ હતું. પરંતુ બંગલાની આગલી પરસાળમાં કે ઉદ્યાનમાં કોઇ ફરકતું ન હતું.

બાળકોને તેણે બંગલાની સામે એક વૃક્ષ નીચે બેસાડયા. પોતે થોડીવારમાં કામ પતાવીને આવશે, એમ કહી તે બંગલાના ખુલ્લા દરવાજામાં થઈને અંદર પેઠો. છેક બંગલાનાં પગથિયાં સુધી કોઈ તેને મળ્યું નહિ. કોઇએ તેને રોકયો નહિ. પગથિયાં ચડીને તે બંગલાના મુખ્ય ખંડ તરફ જવા લાગ્યો. એક સામટા બે ગુરખા જુદી જુદી દિશામાંથી આવી પહોંચ્યા.

'સબૂર! સબૂર! કહાં જાતે હો?' બંને એક સાથે બોલી ઉઠયાં. સુજાનસિંહ અજાણ્યાના ઘરમાં માણસ જેમ થડકી જાય તેમ થડકીને ઊભો રહી ગયો. ગુરખાઓ તેની પાસે આવી ગયા.

'કહાં જાતે હો?' એમાંથી એક ગુરખાએ તેને માથેથી નખ સુધી નિહાળ્યો. તેની કલ્પનામાં એવું, કે આ કોઈ મવાલી ઘરફાડુ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાબકુ મિલને કા હે' સુજાનસિંહ ડરડાતો ડરડાતો બોલ્યો 'કોન સાબ ?' કહીને ગુરખાએ તેનો ખંભો પકડયો.

'સાબ' સુજાનસિંહે ગુરખાની પકડમાંથી ખભો છોડાવવા પ્રયત્ન કર્યો.

'સાલા મવાલી' ગુરખાએ ધકકો મારીને સુજાનસિંહને ગાલીપ્રદાન શરૂ કર્યું.

'ગાલી દેતા હૈ' જાણે અજાણ્યે સુજાનસિંહનો હાથ કીરપાણ ઉપર ગયો. કીરપાણ બહાર નીકળ્યું.

'ચોર ચોર' આખા બંગલામાં કિરપાણથી ડરી ઉઠેલા ગુરખાની બુમ ફરી વળી. અને શાન્ત લાગતાં મકાનનાં ખંડેખંડમાંથી માણસો બહાર નીકળી આવ્યાં. મુખ્ય ખંડની છેક પાસેનાં ખંડમાંથી, એક આધેડ વયનાં ગૃહસ્થ જલદીથી બહાર આવ્યાં.

'કોણ છે ? ગુરખા,' તેણે સુજાનને ગુરખા ઉપર કીરપાણ ઉગામીને ઉભેલો જોયો.

'ચોર, સાબ !'

સુજાને સાબને જોયા. તેના હાથમાંથી કિરપાણ પડી ગયું. તે એકદમ શાન્ત થઇ ગયો.

'સાબ, મેં હું' તે એકદમ આગળ વધ્યો પરંતુ ગુરખાએ તેને પકડી રાખ્યો.

સાહેબે ચશ્માને ખૂણેથી નજર કરી. 'કોણ તું ? હું કોઇને ઓળખતો નથી. પોલીસને બોલાવો, ધોળે દિવસે ચોરી કરવા નીકળ્યો છે.'

'સાબ, મુઝે પહેચાના નહિ ? મેં હું સુજાન, આપકા ડ્રાઇવર. કઈ વર્ષ આપકા ગાડી ચલાયા. ભૂલ ગયા ?' તે ગળગળો થઇ ગયો.

'હરામખોર, ગળે પડે છે ? ગુરખા તેને બરોબર પકડી રાખો : હમણાં પોલીસ આવી પહોંચશે.'

સુજાનસિંહનાં કાલાવાલા નકામા ગયા. પોલીસ આવી, સાહેબે હકીકત કહી. સુજાનનો પોલીસે કબજો લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મેં ચોર નહિં હું. મેં ઇજ્જતદાર આદમી હું સા'બ' તેણે હવામાં બૂમો માર્યા કરી. પોલીસે તેને મુક ઇસારત કરી રસ્તો બતાવ્યો.

દરવાજાની બહાર નીકળ્યો. સામે વૃક્ષની નીચે તેનાં બાળકો, બાપનાં આવવાની રાહ જોતાં ડાઘાડમરાં થઇને બેઠાં હતાં. સુજાન દોડયો. બાળકોની પાસે પહોંચી વળ્યો. પોલીસને થયું: ગુનેગાર છટકયો. પરંતુ ના તે બાળકોને લઇને પાછો પોલીસ પાસે ઉભો રહ્યો.

'ચલો મેરા તકદીર. યે મેરા બચ્ચા હૈ, દુનિયામેં મેરા ઔર કોઇ નહિ; ઘર નહિ, કુચ્છ નહિ, સબકુછ યહિ હય!'

સિપાઈ પુરૂં સમજ્યો નહિ. તે શીખની સાથે ચાલી નીકળ્યો પોલીસસ્ટેશને. તરત બંગલાના દરવાજા પાસે માળી કોઇ બીજાને કહી રહ્યો હતો. 'શું વખત આવ્યો છે! ધોળે દિવસે ચોરીઓ થાય છે! ખરેખર કળજુગ ચાલે છે કળજુગ!'

★

—૨૨—

'માર કટારી મર જાના'

એક નાનુ પાંચ–છ વરસનું છોકરૂં ચાલીમાં આંટા મારતું ફરી રહ્યું હતું. તેની સામે બીજા બેત્રણ છોકરાઓ હતાં. બધાં શરીરે ઉઘાડાં હતાં. નાના છોકરાનાં મોઢામાં કાંઇક ખાદ્ય પદાર્થ હતો. બીજા છોકરા એ છોકરાની સાથે ફરી રહ્યા હતાં. ખાદ્ય પદાર્થની સોડમ તેમને આવતી હતી; પરન્તુ, તેમને તે મળી શકે તેમ નથી તેમ તેઓ સારી રીતે જાણતાં હતાં. એક છોકરો બરાડી રહ્યો હતો.

"માર કટારી મર જાના હો રસિયા"

ચાલીમાં એક જગ્યાએ ગ્રામાફોન વાગી રહ્યું હતું! આ ગ્રામાફોનમાં આવું જ કંઇક ગીત વાગી રહ્યું હતું. આ ગીતના સુરો પકડીને પેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરૂં પણ સાથે બરાડવા લાગ્યું. ચાલીમાં એક બીજી જગ્યાએ ચાર પાંચ મોટી ઉમરના યુવકો ચાલીના ચોકના કઠેડા પાસે ઉભા હતા.

એક યુવક: 'શું ચીજ છે? વાહ વાહ, શું ગળું છે!'

બીજો યુવક: 'અરે યાર, સાયગલને ટપી જાય. જયાં જુઓ ત્યાં આજ રેકર્ડ વાગે છે.'

ત્રીજો યુવક: 'વાહ વાહ, (ગાવા લાગે છે. 'માર કટારી મર જાના હો અંખીયા' કમાલ છે, દોસ્ત. એક વખત માણસને હલાવી નાખે છે. મેં ઓછામાં ઓછી ૨૦૦ વાર આ રેકર્ડ સાંભળી હશે.'

આ યુવકો પાસેથી પેલાં નાનાં છોકરાં કૂદતાં કૂદતાં નીકળે છે; એક છોકરૂં હજુ ગાવાની ધૂનમાં છે.

'માર કટારી, માર કટારી, માર કટારી.'

'એકેએક જગ્યાએ ગવાય છે. આટલાં નાનાં છોકરાં, મોટા મોટા વેપારીઓ, અરે બધી જગ્યાએ, આ એક જ ગીત ગુંજી રહ્યું છે. જૂનાં ગીતો આ ગીતની પાસે સાવ ફીક્કાં લાગે છે,' એ યુવકો માંહેથી એકે કહ્યું.

'ખરું છે,' બીજા યુવકે અનુમોદન આપ્યું. 'હવે સમય પલટયો છે. હમણાં હમણાં આવા ગીતો જ ખૂબ પ્રખ્યાત થયા છે. આબાલ વૃદ્ધ બધાને આવાં ગીતો પકડી રાખે છે. હમણાં હું એક પિકચર જોવા ગયો હતો. શું મોટા પાયા ઉપર જાહેર ખબર થઇ હતી! ગીતો બધાં મીરાંબાઇનાં ને સુરદાસનાં ભજનો. એક ને એક વાત. ઉપદેશ અને જ્ઞાન. એકેય ગીત જામ્યું જ નહિ. કોણ આવું સાંભળે? હવે તો બસ આવી જ જરૂર છે.'

'મનમાં કંઇ મસ્તી, કંઇક પ્રેમનું નવું સ્વરૂપ,' 'હું દેવ ને તું દેવી બીજા બધા છછૂંદર' પ્રેમનું નવું સ્વરૂપ સમજાવતું ગીત તેણે સમર્થનમાં આપી નાંખ્યું.

'ચાલો દોસ્ત આપણે ત્યાં જઇએ.' એક યુવકે જે ઓરડીમાં ગ્રામોફોનની રેકોર્ડ વાગી રહી હતી ત્યાં આંગળી ચીંધી. બધા તે ઓરડીમાં દાખલ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આવો. એઇ મધુરી, સાદડી બિછાવ.' ઘરનાં ધણીએ બધાનું સ્વાગત કર્યું. ૧૨×૧૦ ની નાની ઓરડીમાં ભરાય તેટલી ચીજો, તેમણે ભરી હતી. એક ખૂણામાં નાની ચોકડી અને પાણીયારૂં હતું. તેનાં ઉપર વાસણ ગોઠવ્યાં હતાં. એક બાજુએ એક જૂના ટેબલ ઉપર થોડાંક ગાદલાં ભર્યાં હતાં, ને તેની નીચે બેચાર ટ્રંકો પડી હતી. એક જગ્યાએ ત્રણ ચાર ખુરસીઓ અને એક નાની ટી-પોય પડ્યાં હતાં. નાની ઓરડીમાં જેટલું ભરી શકાય તેટલું બધું ભર્યું હતું. બાથરૂમથી માંડીને શયનને માટે જેનો ઉપયોગ થતો હતો. તેમાં અત્યારે એક નાનકડી સભા જેવો દેખાવ થઇ ગયો. થોડા ખુરસી ઉપર બેઠાં, થોડા નીચે બેઠા. અને એ બધાની વચ્ચે, ગ્રામાફોનની પાસે ઘરના ધણી, અને તેનું કુટુમ્બ મોઢા ઉપર એક પ્રકારનો માલિકીહકકનો ખ્યાલ હોય તેવા ભાવ સાથે બેઠા.

'કાકા' નવી રેકર્ડ ક્યારે લાવ્યા ?' એક યુવકે બેઠા પછી રેકર્ડ સાંભળવા માટે કાકાનો ઉપકાર માનતો હોય તેમ પુછ્યું.

'આજે એક જ નથી. બીજી પાંચ છ છે.' કાકાને બદલે એક નાનકડી પાંચ છ વર્ષની બાલિકા બોલી ઊઠી.

'બાળી આ છોકરી જુઓને ડાયલી, બહુ ડાહી: માર કટારી માર કટારીની રેકર્ડ લાવો, લાવો કહીને મારો જાન ખાઈ ગઇ હતી.' કાકાએ પોતાની નાની પુત્રીને બીરદાવી.

'એમ' કાકાના શબ્દો સાંભળી, રેકર્ડ સાંભળી રહેલાં બધાંએ આશ્ચર્ય અનુભવ્યું.

'અરે વાત ન કરો. એકે એક રેકર્ડના ગીતો મોઢે' કહીને તેમણે રેકર્ડ વાગતી બંધ કરી અને પુત્રીને પાસે ખેંચી. 'જો બેટા, તું ગીત ગા,' 'હું !' પુત્રી શરમાઇ ગઇ,'ના બાપુ.' કહીને તેણે બાજુમાં બેઠેલી મોટી બહેનના ખોળામાં માથું મૂકી દીધું.

'ગાંડી, આખો દિવસ તો ગાયા કરે છે. કહેશું ત્યારે માન ખાશે. ચાલ જોઈએ, ગા જોઇએ. મારી બહેન બહુ ડાહી છે.' બાપને લાગ્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ પુત્રી ગીત નહિ ગાય તો ક્યાંક પોતાને પોતાના કુટુમ્બની જે આવડતનું પ્રદર્શન કરવું છે તે રહી જશે.

'ના. મને શરમ લાગે છે.' પુત્રીએ બાપની મનોદશા પારખી નહિ. બાળકોને શું ખબર પડે કે આ પ્રશ્ન કેટલો બધો નાજુક છે.

'બ્હેનની સાથે ગાઈશ? ચાલ મોટી, તું શરૂ કર એટલે એ ગાશે.' બાપે નવો રસ્તો સૂચવ્યો. મોટી પુત્રીએ ઝાઝી માથાકૂટ કરી નહિ, તેણે ધીરે રહીને શરૂ કર્યું.

'મેરી જાન, મેરી જાન, સન્ડે કે મન્ડે આના,'

બસ નાની પુત્રીને આટલી જ જરૂર હતી. તરત જ તેણે ગીતમાં સૂર પૂરાવવા શરૂ કર્યાં અને એક પછી એક ગીતો ગાવા મંડી.

"ભાભી તમે થોડાં થોડાં થાવ વરણાગી"
"આ હોટલની રૂમ તણો નંબર પંદર."
"મેરી ગલી આના સાજન, મેરી ગલી આના."
"તુમીને મુજકો પ્રેમ શિખાયા"

આવાં આવાં દસપંદર ગીતો, આટલી નાનકડી છોકરી, કડકડાટ ગાઈ રહી, એટલું જ નહિ પરંતુ, "મેરી જાન મેરી જાન, સન્ડે કે મન્ડે." આ ગીત ગાતાં, ગાતાં તો ઊઠીને સાથે નાચવા પણ લાગી. તે વખતે તો ખરેખર અવધી થઇ ગઇ. ભેગાં થયેલાં બધાં આશ્ચર્યચકિત થઇ ગયાં, 'વાહ, વાહ, વાહ.' આવા શબ્દો લગભગ બધાનાં મુખમાંથી સરી પડયા. આટલાં નાનકડા ઘરમાં બેસીને, પુત્રીને બધાનું પ્રિયપાત્ર થતી નિહાળીને માબાપે પોતાના જીવનની આ પળને ધન્ય માની.

'અરે ગોપાળ. હવે કયાં સુધી તારી આ લમણાઝીક ચાલવાની છે?' બાજુની ખોલીમાં રહેતાં કૃષ્ણ શર્મા કંટાળીને બોલતા હોય તેમ તડૂકી ઉઠયા, 'મૂર્ખ, ભાવિ પ્રજાને આવાં ગીતો શીખવે છે?' તેમણે વધારામાં ઉમેર્યું અને પોતાની ઓરડીની બહાર નીકળી ગોપાળની ઓરડીમાં આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં ઘડીભર શાંત થઇ ગયાં. કૃષ્ણ શર્માએ ધડાકો બોલાવ્યો; આટલી બધી રસલહાણ લુંટાતી હતી ત્યાં આ વેદિયો અત્યારે ક્યાંથી ટપકી પડયો? આખી ચાલી જાણતી કે કૃષ્ણ શર્મા જૂના જમાનાનો રૂઢિચુસ્ત, ટીલાં-ટપકાં કરીને ફરતો ધર્મચુસ્ત માણસ છે.

'નારાયણ, નારાયણ, આ અધોગતિ!! ક્યાં પહેલાંનો વખત અને ક્યાં અત્યારનો સમય? માબાપો ઊઠીને બાળકોને આવાં ગીતો શીખવે છે. ધિક્કાર છે તને ગોપાળ.' કૃષ્ણ શર્મા લાલચોળ થઇ ગયા.

'તમારૂં કામ તમે સંભાળો. પારકાની પંચાતમાં પડો નહિ' એક યુવકે ગોપાળવતી જવાબ આપ્યો. 'શરમ નથી પારકા ઘરમાં વગર રજાએ ઘૂસીને અસંસ્કારી વાત કરો છો ને?'

'નરાધમ, મને અસંસ્કારી કહે છે? હું શુદ્ધ આર્ય વેદ શાસ્ત્ર સ્મૃતિ વગેરેનો જાણકાર તારા જેવા પામરની પાસેથી સંસ્કારનો બોધ ગ્રહણ કરું?' કૃષ્ણ શર્મા ખૂબ ગુસ્સે થઇ ગયા.

'ભદ્રંભદ્ર' એક બીજા યુવકે ધીરેથી ઉચ્ચાર કર્યો. સાંભળીને બધાં ખડખડાટ હસી પડયા.

'શું વખત આવ્યો છે? આપણી અધોગતિ ક્યાં જઇને અટકશે, મુર્ખાઓ? બાળકોને પણ કુમાર્ગે વાળી રહ્યાં છે.'

'પહેલાંના વખતમાં બાળક મોટું થાય, બોલતાં શીખે કે તુરત જ તેના મોઢામાં રામનામ મૂકવા માબાપો પ્રયત્ન કરે. 'રાધે ગોવિંદ'ના નામનો પરિચય કરાવે, તેને બદલે ઊઠીને ઊભા થાય ત્યાં પ્રેમનાં ગીત અને તે પણ મીરાંબાઈ, કે સુરદાસનાં નહિ અને આ...પ્રભુ! પ્રભુ!' કૃષ્ણ શર્માએ નિઃસાસો નાખ્યો, 'હજુ આપણે એમ માનીએ છીએ કે આપણે સંસ્કૃતિ વિકસાવી રહ્યા છીએ. જુના સમય કરતાં આગળ વધ્યાં છીએ: ॐ तत्सू पीतुरवरेण्यं भर्गो देवस्य धी महि, धीयेयोनः प्रचो दयात् અહીંથી શરૂ કરીને આપણે 'માર કટારી મર જાના' સુધી પહોંચ્યા છીએ, છતાં આપણે હજુ સંસ્કૃતિની વાત કરી શકીએ છીએ.' તેમના મુખ ઉપર વિષાદની ઘેરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાયા ફરી વળી. તે વધુ બોલ્યાં નહિ, બધાની ઉપર એક ધિક્કાર ભરી નજર નાખી ક્રોધથી ઓરડી છોડી ચાલી નીકળ્યા. બધા થોડીવાર સુધી શાન્ત થઇ ગયા. કોઈ કશું બોલ્યું નહિ. એક ટીખેળીએ છેવટે ઉમેર્યું. 'હિંદુસ્તાન જેવો કોઇ દેશ હશે. જ્યાં દરેક વાતમાં ધર્મ ધર્મ અને ધર્મ. આવાં કૃષ્ણ શર્માઓ હજુ કેટલાક બાકી રહ્યાં હશે ?' બોલીને તેણે જોરથી હસવાનો પ્રયાસ કર્યો અને સાથે બધાં હસવામાં ભળી ગયાં.

કૃષ્ણ શર્માએ પોતાની ઓરડીનું બારણું બંધ કર્યું ત્યારે આ હસવાનો અવાજ અને તેણે હમણાંજ કરેલા નીતિના ભાષણ માટે કોઇ તમાચો મારતું હોય તેમ 'માર કટારી મરજાના'નું ગીત પણ સાથો સાથ રેકર્ડ સાથે મોટા અવાજે અનેક મુખે ગવાતું સંભળાયું.

★

—૨૩—

અને મધરાતે બૂમ પડી: અલ્લાહ. અલ્લાહ!

'અબ્બાજાન, હું મુંબઇ જવાનો.' પાંચ વર્ષથી અનવર માબાપને વિનવી રહ્યો હતો.

'ના બેટા. આપણે પરદેશ જવું નથી; ખુદા જે મુઠ્ઠી ધાન આપે તે અહીં બેસીને ખા. ખુદાએ ઘણું આપ્યું છે. થોડી જમીન છે, બગીચો છે, ખેડ કરીને પેટ ભર. આપણે પૈસાવાળા થવું નથી.' બેટાને બાપ આવી રીતે રોકી રહ્યો હતો.

'આ જુઓ, ફતેહમામદ, દીનાર, ગુલરીફ' દીકરો એક પછી એક હેડીના ભાઇબંધના નામ ગણાવી જતો. કોઈના મોઢાપર માખી ઉડતી ન હતી. બબ્બે વરસમાં તો બડકમદાર થઈને પાછા આવ્યા. દીકરો બાપને વિનવતો પરન્તુ બાપ એકનો બે થતો નહિ.

આવા આવા ઉધામા કરતો અનવર માબાપની છત્રછાયામાં પેશાવરની છેક પાસે મીદાનપૂરમાં વડીલો પાર્જીત મિલકતમાં મળેલા એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનકડા ખેતર અને કાજુ, અનાર, અંગુર અને શેતૂરથી લચી પડતાં બગીચામાં મન વગરનું કામ કરી રહ્યો હતો.

ચાર આઠ દિવસ જાય કે કાંતો કોઈક મુંબઈથી આવતું અથવા તો કોઈક મુંબઈ જતું, અંગુરનાં લચી પડતાં વેલાને પકડી અનવર એ આવનાર કે જનારની સામે નજર માંડીને ઘડીભર થંભી જતો. તેના પહેરવેશ, તેનાં મોંઢામાંથી ધુમાડાનાં ગોટા કાઢતી સફેદ દૂધ જેવા કાગળની સીગરેટ, પઠાણી પાઘડીને બદલે વાળવાળી ટોપી અને બહાર નીકળતા શહેરી છટાના કાપેલા વાળ, પગમાં ચમચમ કરીને આખી શેરી ગજવી મૂકતા નવી તરેહનાં પઠાણી પગરખાં: અનવર લળી લળીને આ બધું જોઇ રહેતો. તેના હાથમાંથી મીઠામાં મીઠી દ્રાક્ષનો ઝુમખો ધરતી પર પડી જતો ને અનવર અન્ય મનસ્ક બની જતો.

અને પાછો માબાપ પાસે પહોંચી જઇને કાકલુદી કરતો: 'એકવાર મને જવા દો. મને શું થઇ જશે. હું જોઇને પાછો ચાલ્યો આવીશ. જુવાનીમાં હું બહાર નહિ નીકળું તો પછી ક્યારે જઈશ, આ ખેતરને વાડી તો છે જ. ક્યાં જવાના છે?'

એક દિવસ તો અવધી થઈ ગઇ. પોતાની જ શેરીનો પોતાનો લંગોટિયો મિત્ર દિલાવર હાથમાં ઝીણી નેતરની સોટી લઇને, પગથી તે માથા સુધી ખાખી કોટ પાટલૂત પહેરીને અને માથે તારવાળી પાઘડી પહેરીને ગામમાં દાખલ થયો.

'અસલામાલેકુમ' બધાનાં સલામ ઝીલતો ઝીલતો દિલાવર ભરબજારે ઘૂમી રહ્યો હતો અને લહેકાથી વાલેકૂમ સલામ કહેતો હતો. અનવર દિલાવરને મળ્યો. તેને જોઇને તેને જમીનમાં જીવતાં ભંડરાઇ જવાની ઇચ્છા થઈ. પોતાનાં વસ્ત્રો તરફ તેની નજર પડી, 'યા અલ્લાહ !' તેનાથી બોલી જવાયું, ને દિલાવરની સાથે કાંઇ વાત કરી શક્યો નહિ, મુઠ્ઠીઓ વાળીને ભાગ્યો. દ્રાક્ષ અને અંગુરના વેલાઓની વચ્ચે બેસીને ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયો. છેક અડધી રાતે તેણે ઘર તરફ ડગલાં માંડ્યાં ત્યારે તેના મનમાં મુંબઈ જવાની વાત પક્કી થઇ ગઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ કોઇને પણ કહ્યા સિવાય–માબાપને જાણ કર્યા વગર તે મુઠિયો વાળીને પેશાવરને રસ્તે દોડવા માંડયો. દોડતાં દોડતાં તેની નજર વારંવાર પાછળ જતી હતી. તેના મનમાં ઘડીએ ઘડીએ ભ્રમણા થતી હતી, માબાપ જાણે કે તેની પાછળ પડયાં છે, અને તેને રોકી રહ્યાં છે.

તે ખૂબ દોડયો, છેક પેશાવરના બઝારમાં આવીને અટકયો. તેનાં મનમાં બે ભાવ રમી રહ્યા હતા: એક તો તેની મુરાદ ઘડીબેઘડીમાં, પાંચ દસ દિવસમાં જ બર આવશે, અને સાથે માબાપને કહ્યા વગર ચાલી નીકળવાની ગ્લાનિ પણ થતી હતી. બુઢા માબાપ જ્યારે જાણશે કે અનવર નાસી ગયો છે ત્યારે શું ધારશે. પરન્તુ તેણે બળ કરીને વાત મનમાંથી કાઢી નાખી 'માબાપ શું સમજે ?' બિચારા આખી જીન્દગીમાં કયાંય બહાર જ ગયાં નથી. તેમને મનથી મીહાનપુર સિવાય જગતમાં કોઇ બીજી જગ્યા જ નથી, મીહાનપુરમાં રહે શું વળે ? બહુ બહુ તો બે ટંક ખાવાનું અને ઘરની શાંત જીન્દગી, બીબી અને બચ્ચાં સાથે બેસીને સુખદુઃખની ચાર વાતો કે ખેતીવાડીમાં થોડું કામ કરી જે અડધાં સૂખ્યાંદુખ્યાં ઘર ચલાવવાની કે છોકરાં મોટા કરી સંતોષ વ્યક્ત કરીને જીન્દગી જીવવાની સાર્થકતા, તેણે બળ કરીને આ બધું મનમાંથી કાઢી નાખ્યું. પેશાવરની બઝારમાં જઈને પહેલું કામ તેણે એક પોષ્ટકાર્ડ ખરીદી માબાપને ત્રણ ચાર લીટી લખી નાખવાનું કર્યું.

બે ત્રણ દિવસ રખડીને તેણે મુંબઇનો સંગાથ શોધી કાઢયો. મુંબઈ અનેક વખત જઈ આવેલાં તેનાં ત્રણ જાતવાળાની સાથે તે પણ સાંજની ગાડીમા ચઢી બેઠો.

'હેં ભાઇ, મુંબઇમાં શું દરેક જણાને માગ્યા પૈસા મળી જાય ?' ગાડી ઉપડયા પછી તેણે તેના એક સાથીદારને પૂછ્યું અને હમણાં જાણે મન ભરાઇ જશે તેવો જવાબ મળશે એમ ધારી તેની સામે જોઇ રહ્યો. 'પૈસા ?' પહેલાને આશ્ચર્ય થયું, 'પૈસા તો દીઠા· નથી, સ્હવારથી સાંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી દરવાની કરી કરીને પગે પાણી ઉતારીએ ત્યારે કાચીપાકી રોટી મળે છે,' બોલીને તેણે ઉંડો નીઃસાસો નાંખ્યો.

દરવાની ચોકીદારી! અનવરને લાગ્યું આ માણસ મશ્કરી કરે છે. જવાબ સાંભળીને તે હસ્યો.

'મુંબઇમાં બધા કામ કરીને પેટ ભરવા માટે મહેનત કરે છે, પૈસાનાં ઝાડવાં નથી કે ખંખેરી લ્યે!' પેલાએ સખ્ત ભાષામાં વાત રજુ કરી.

કામ-હા-કામ તો કરવું જ રહ્યું. પણ પૈસા તો મળે ને! અનવરનાં દિલની મોટામાં મોટી મુરાદ આ હતી; પછી તે કાંઇ બોલ્યો નહિ. તેનાં મનને એક મીઠા સ્વપ્નાએ ભરી દીધું. તેની પાસે ખુબ પૈસા થયા છે. ધન કમાઇને પૂરેપૂરા જમાદારી ઠાઠમાં તે વતન તરફ પાછો વળી રહ્યો છે. અનેક તેને સલામો ભરતાં જાય છે. આમ ને આમ રેલગાડીના પાટીયાના બાંકડાને અઢેલી તે સુઇ ગયો.

ત્રણચાર દિવસે તે મુંબઇની છેક પાસે આવી ગયો.

'તું ક્યાં જવાનો?' સાથીદારે અનવરને પુછ્યું.

'તમે ક્યાં જવાના?' અનવરની પાસે કોઇ જવાબ ન હતો.

'અમે અમારી ઓરીસમાં રહીએ છીએ. તારૂં કોઇ નથી કે ત્યાં જઇને તું રહી શકે?'

'ના, તમે છો ને? તમારી સાથે રહીશ,' અનવર સાધારણ વાત કરતો હોય તેમ બોલી ગયો.

'અમારી સાથે માંડ માંડ અમારો સમાસ થાય છે ત્યાં તું કઇ રીતે ભળી શકે?'

ગાડી વિકટોરીયા ટરમીનસ ઉપર ઉભી રહી ત્યારે અનવરને પહેલી વખત થોડી ગભરામણ થઇ. તેની કલ્પનામાં ન બેસી શકે તેવું મોટું શહેર તેણે જોયું. સાથીદારોની સાથે સ્ટેશનના ઝાળીવાળા દરવાજામાંથી બહાર નીકળતો હતો ત્યારે, તેના પગ ધરતી ઉપર સ્થિર નહોતા, પગે પગે તેને લાગતું હતું કે તે પડી જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ચાલ તને પહોંચાડી દઉં,' એક સાથીદાર અનવરને એક હાથે પકડીને, માણુસ જેમ ઢોરને દોરીને લઇ જતો હોય તેમ સ્ટેશનની બહાર લાવ્યો અને ડુંગરી ઉપરના એક યતિમખાનામાં મૂકીને ચાલ્યો ગયો.

ત્રીજે દિવસે અનવરને જ્યારે ખ્યાલ આવ્યો કે તે એક ધર્માદા-નિવાસમાં આશ્રય લઈ રહ્યો છે, ત્યારે તેને રૂંવે રૂંવે ઝાળ ઉપડી, તે મનમાં એકલો એકલો ખુદાની પાસે માફી માગવા માંડયો. યા અલ્લાહ! તોબાહ! હું શું મફતનું ખાઉં છું. તેના કાચા કલેવરમાંથી જીવ જાણે હમણાં નીકળી જશે એવી તાલાવેલી ઉપડી આવી, બે ત્રણ દિવસ તેણે યતિમખાનાનાં બીજા આશ્રિતોની સાથે શહેરમાં ભટકી ભટકીને કાઢી હતી, તેને થોડો ખ્યાલ આવ્યો હતો, 'અહીં કયાંઈ પૈસાના ઝાંડવાં નથી, અહિં તો મુશીબતોનો સામનો કરે તેને ખુદા પૈસા આપે છે.' મુશીબત ભોગવવા સીવાય બીજો ઉપાય ન હતો. ઘડીભર તેના મનમાં એમ પણ થઇ આવ્યું કે આ યાતના, આ દુઃખ શા માટે ભોગવવા? પાછો ચાલ્યો જાઉં. તેની સામે ઉગતી મૂછ ઉપર હાથ મૂકી બેઠેલા હેડી-હેડીનાં ભેરૂબંધો આવ્યા. આ બધાં શું કહેશે? તેણે નક્કી કર્યું: કાયા પીસી નાખવી પડે તો ભલે પણ પાછું પગલું તો ન ભરવું. પરન્તુ મફતનું કેમ ખવાય. તેના મનમાં કીડો સળવળવા લાગ્યો, યા અલ્લાહ! મનમાં ત્રણ ચાર વખત અલ્લાહનું નામ લઇને તેણે યતિમખાનાનાં એક ખૂણામાં પડેલી પોતાની પથારી ઉપાડી રસ્તો પકડયો. બીજા આશ્રીતોને અનવરનું આ વર્તણ સમજાયું નહિં. જતા અનવરને જોઈને તેઓ બીજી તરફ મોઢું ફેરવી ગયા.

એક બગલમાં બિસ્તરો મારીને અનવર મુંબઈના શેરીઓમાં ભટકવા માંડયો. કયાંક દુકાન જુવે તો ઘડીભર અટકતો, અને કંઇક મનમાં આવતું પણ હિંમત આવતી નહિ. ભુખ લાગે ત્યારે કમરમાં છુપાવી રાખેલા રૂપિયામાંથી એક કાઢતો અને જે મળે તે ખાઇ લેતો. રાત પડે ત્યારે કયાંક પડયો રહેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીરે ધીરે તેની કમરમાંથી રૂપિયાનો ભાર ઓછો થવા માંડયો. તેના મુખ ઉપર દુ:ખના અને ચિંતાનાં વાદળ ઘેરાવા લાગ્યા. તેણે વધુ બળ એકઠું કરીને હડિયો કાઢવા માંડી. હવે તે દુકાન કે ઓફીસ પાસે માત્ર અટકીને નજર જ ન કરતો પણ જઇને પૂછતો: 'કામ મળશે?' જવાબ આપનાર તેની સામે જોઈ રહેતું: 'કામ? આગળ જાઓ,' તેને જવાબ મળતો, તે સમજી શકયો નહિ શા માટે બધાં આમ કહે છે. તે પોતાના તરફ જોતો. પોતામાં કંઇ ખામી છે? બધા કેમ તેની સામે તાકીને જુવે છે, હસે છે, અને જાણે કે તેની વાત સાચી ન હોય તેમ કાઢી મૂકે છે. જગતના કોઇપણ વ્યવહારથી અજ્ઞાત અનવર આ બધું સમજી શકયો નહીં, તેને કામ મળ્યું નહિં, તે ઘણું ભટકયો. પૂછ્યું, અરે ઘણાં પાસે કાકલુદી પણ કરી જોઇ છતાં કામ ન જ મળ્યું.

આજે તે થાકયો હતો, તેનાં ટાંટીયામાંથી જોર ઓસરવા માંડ્યું હતું. સ્હવારનો તે ભટકતો હતો. પૂરઝડપે દોડતી મોટરો, ઉંચા ઉંચા મહાલય જેવાં મકાનો, રંગબેરંગી વસ્ત્રોમાં શોભતાં વરણાગીયાં જેવાં નરનારીઓ, આ બધાં અને આવા અનેક તેની આજુબાજુ ફરી રહ્યાં હતાં પરંતુ તે તરફ આજે તેની નજર ન હતી. તેને લાગ્યું, તે હારી ગયો. 'યા અલ્લાહ,' મનમાં બબડતો બબડતો અડધી રાત્રે આવીને એક વિશાળ ફુટપાથ ઉપર અનેક સૂતાં હતાં ત્યાં આવીને બિસ્તરાનો ઘા કર્યો. તે ત્યાં બેસી પડયો.

'એય કોણ છો? જોતો નથી, મારી જગ્યા છે? બિસ્તરો મૂકતાં શરમાતો નથી?' અનવર જેવા એક બીજાએ આવીને તેને સંબોધ્યો.

'જગ્યા, તારી જગ્યા?' અનવરને સમજાણું નહીં? અહિં વળી કોઇની જગ્યા કેવી? તે પોતાને પડકારનારની સામે કાતર નજરે જોઇ રહ્યો.

'જલદી ઉભો થા. સાત વર્ષથી હું અહિં સુઉં છું,' તેણે અનવરનાં બિસ્તરાને લાત મારી. એક પળ અનવરે તેની સામે જોયું, તે કશું બોલ્યો નહિ. થાક, ભૂખ, ઉજાગરાએ તેને ભાન ભુલાવી દીધું, તે ઉઠયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠીને તેણે તેને દૂર ધકેલી દીધો, બિસ્તરો લાવીને પાછો મૂકયો અને મક્કમ બનીને પોતાની જગ્યા ઉપર બેઠો. તેની આંખમાંથી જાણે કે હમણાં લોહી નીતરશે. આજુબાજુ સુવાવાળા તમાશો જોઈ રહ્યા અને મોટેથી હસી પડયાં.

અનવરના મુખ ઉપર લાલી તરી આવી, સામેથી હવે વધુ પ્રતિકાર થાય તો ? અનવરનો ચહેરો કઇ રહયો હતો, પ્રતિકાર કરનાર સલામત નથી.

અનવરનું આવું સ્વરૂપ જોઇને જાણે કે શરણે થતો હોય તેમ અનવર તરફ કાતર નજર કરીને બગલમાં બિસ્તરો મારીને તે જવા લાગ્યો. તેને આવી રીતે હાર કબૂલ કરીને જતો જોઇ ફુટપાયરીનાં સુવાવાળા ફરીથી હસ્યાં, જતાં જતાં તેણે આ હસનારાઓ અને અનવર તરફ એક નજર ફેંકી, તેની નજર જાણે કે કહેતી હતી, 'જોઇ લઈશ.'

અનવર ઘડીભર તો જોઇ રહ્યો. પોતાની પાસે હસતા માણસો ઉપર તેણે ધિક્કારથી જોયું, તેની આંખમાંથી અને ચહેરા ઉપરથી રક્ત જાણે કે હમણાં ફૂટીને બહાર નીકળશે, તેનો ક્રોધ ભભૂકી ઉઠયો, તેની મુખાકૃતિ જોઇને હસતાં માણસો બંધ થઇ ગયા, અને જાણે કંઈ બન્યું હોય નહિં તેમ પડખું ફરીને સૂઇ ગયાં.

ઘણી વાર સુધી અનવર આમને આમજ બેસી રહ્યો, તેનાં હૈયામાં મોટું મનોમંથન થઇ રહ્યું હતું, તેણે આસમાન તરફ આંગળી ઉંચી કરી. અલ્લાહને જાણે તે કહી રહયો હતો ખુદા તારી દુનિયામાં ગરિબને માટે કયાંય જગ્યા નથી.

ઘણી વખત તે આમને આમ બેસી રહયો, દુઃખ થાક, અને ક્રોધ ધીરે ધીરે ઓસરી ગયો. શાન્તિથી તેણે વિચાર કર્યો, ઘડીભર તેને દેશમાં પાછા જવાનું મન થયું, માબાપની મીઠી સ્મૃતિ તેનાં દિલમાં ઉભરાઇ આવી.

'હું પાછો જાઉં ?' તે મનમાં બબડયો, 'જુવાની લજાવું, પછી હું મીદ્નાપુરની બઝારમાં ફરી શકીશ નહીં !' તેના મનમાં પડછન્દા પડયા 'જઇશ તો ઉજળે મોઢે આમ ભુંડે હાલે ભિખારી જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો નહીં જ !' નવા વિચારે તેનાં મનમાં બળ પ્રગટાવ્યું, અને ભાવીનાં અનેક ઉજમાળાં સ્વપ્નો તેનાં મનમાં ઉભરાવાં લાગ્યાં, મીઠી આશાએ તેનું મન શાંત કર્યું. બીસ્તર ઉપર તે લાંબો થઇને પડયો અને ઘસ-ઘસાટ ઉંઘી ગયો.

મધરાત થઈ ગઈ, ટ્રામ બંધ થયાને થોડી વાર થઇ, ફુટપાયરીનાં બધાં જીવ ઝંપી ગયા હતાં. બધું નીઃશબ્દ હતું.

એકાએક એક અવાઝ આવ્યો, અનવર પાસેથી હાર કબુલ કરીને નાસી ગયેલા પેલા માણસે ઉંઘતા અનવરની છાતીમાં ખંજર હુલાવ્યું હતું.

'અલ્લાહ. અલ્લાહ, ચોર, ચોર.' કારમી ચીસ અનવરના મુખમાંથી નીકળી પડી.

'કયા હુવા?' બધાં દોડીને અનવરની પાસે પહોંચી ગયાં.

ખૂની અનવરની છાતીમાંથી ખંજર ખેંચી ઉભો થયો, વિજયી યોદ્ધો હોય તેમ બધાની સામે જોઈ રહયો.

અનવરે એક છેલ્લો પ્રયત્ન કર્યો તેનું શરિર ઉછળ્યું, ઉછળીને પાછું પડયું, સદાયને માટે શાન્ત થઇ ગયું.

ખૂનીની છરીમાંથી બે ત્રણ ટીપાં લોહીનાં પડયાં, તેણે પોતાના કાર્ય તરફ એક વખત ફરીથી જોયું અને દૂર દૂર અંધકારમાં અદ્દશ્ય થઈ ગયો.

★

—૨૪—

કળીયુગ

દેશમુખ દાદા પંદર દિવસ પછી આજે સવારે દેશમાંથી આવ્યા. કોઇ એમ ન સમજી લ્યે કે હું પરદેશમાં બેસીને આ લખું છું. 'દેશ' શબ્દનો ઉપયોગ અહીં માત્ર પ્રતિવાદની જે જાડર ભાવના આપણામાં ઘર કરીને રહી છે, તે અર્થની સૂચક છે. એટલે 'દેશ' એ શબ્દનો અર્થ અહિ હિંદુસ્તાન થતો નથી, પરંતુ દેશ એટલે દેશમુખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પ્રાંતમાંથી મુંબઈમાં ધંધાધાપા અર્થે આવ્યા છે તે પ્રાંત. ખાસ કરીને તેમના ગામ પૂરતો સમજવો. દાખલા તરીકે આગગાડીમાં આપણે ઘણી વખત બેસીએ છીએ, ત્યાર મુસાફરો માંહે માંહે ઓળખાણ કરવા ઘણી વખત વાતોએ ચડે છે.

'તમે કયાંના ?'

'અમે કાઠિયાવાડનાં,' 'અમે ગુજરાતના.' કેટલાક વળી એમ કહે કે અમે ભાવનગરનાં, અમે હળવદનાં. એક વખત મને આવી રીતે એક મુસાફરે પૂછ્યું: 'તમે કયાંનાં ?' મેં એમની સામે જોઇને કહ્યું: 'હું હિંદુસ્તાનનો.' પ્રશ્ન પૂછનારને સંતોષ થયો નહિ. 'એ તો જાણે સમજ્યો' તેમણે આગળ ચલાવ્યું: 'પરંતુ ખાસ કયાંના ?'

'ખાસ હિંદુસ્તાનનો' મેં મારૂં નાહું પકડી રાખ્યું. 'અરે એમ નહિ, હિંદુસ્તાનમાં કયો પ્રાંત, કયું ગામ ?' તેમણે સ્પષ્ટતા કરી જે જોઇતું હતું તે માગ્યું.

હું જવાબ આપવામાં મક્કમ રહ્યો: 'હું હિંદુસ્તાનનો, પ્રાંતવાદ કે ગ્રામવાદમાં માનતો નથી.' મારા જવાબથી તેમને ગમ્યું નહિ; પરંતુ જ્યારે એમને લાગ્યું કે હું જવાબ આપીશ નહિ ત્યારે તેમણે વાત છોડી બીજી વાતમાં વળગવા પ્રયત્ન કર્યો.

આ રીતે દેશમુખ પોતાના ગામથી પાછા આવ્યાં. તેઓ તેમની સાથે અમારા ચાલીના દાયરા માટે કંઇને કાંઇ લઈ આવતા. આ વખતે તેમણે અમારે માટે ખાદ્ય સામગ્રી ખાસ આણી ન હતી; કારણ કે ખાંડ વગર મીઠાઈ થઇ શકે નહી એટલે બીજું શું લાવે ? છેવટે અમારૂં મન મનાવવા માટે થોડા સકકરપારા અને કંઈક બીજી વસ્તુ લાવ્યા હતા. તે ઉપરાંત તેઓ એક મહત્વની વસ્તુ પણ લાવ્યા હતા. તેમનાં ગામનાં એક સમર્થ બ્રાહ્મણ પુરાણીએ તેમને એક પુરાતન કાળની હસ્તપત્ર આપી હતી આ હસ્તપત્રની ભાષા ઉપરથી સંસ્કૃત જેવી લાગતી હતી, પરન્તુ વાંચતી વખતે, તેમાં કાંઈક બીજી ભાષાની મેળવણી હોય તેમ ભાસ થયા વગર રહેતું નહિ. આ હસ્તપત્ર તેમણે અમને બતાવી. અમે ઘણી વખત આ હસ્તેપત્ર ઉકેલવા માથાકુટ કરી જોઇ; પરન્તુ તે ઉકેલવું મુશ્કેલ હતું, છતાં ઉકેલવા માટેની અમારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિ જેમ જેમ તે ન ઉકલતી ગઈ તેમ તેમ સતેજ બનતી ગઇ. અમને લાગ્યું : આ હસ્તપત્રમા કંઇક અદ્ભૂત છે. કદાચ કોઇ છુપો નુસખો છુપાયેલો હોય ! કદાચ કાયાકલ્પ કે નવજીવન પ્રાપ્ત થઇ શકે તેની દવા બનાવવાની કાંઇ માહિતી હોય. અમારી કલ્પના સામે આવતી કાલનું ઉજળુ ભાવિ દેખાવા લાગ્યું. દવા બનાવવાનો નુસખો મળી જાય એટલે દવા બનાવીને તેની મોટા પ્રમાણમાં જાહેરાત કરી, ધનનાં ભંડાર ઉભા કરશું. પછી આ ચાલીમાથી એક સાથે નીકળી મુંબઇના કોઇ સ્થળે જોડા જોડ પાંચ સાત બંગલા બાંધી સુખથી રહેશું.

એટલે હવે આ વાંચવુ રહ્યું. અમે વાંચવા માટે ઘણા ઉપાયો કર્યા આસ્માન પાતાળ એક કર્યા. છેવટે એક દિવસ અમારી ચાલીમાં જયવિજયની જોડી બે બ્રાહ્મણો આવ્યા, તેઓ તેમના પહેરવેશ અને ભાષા ઉપરથી મદ્રાસીને મળતા લાગતાં હતાં. અમે પહેલી હસ્તપત્ર તેમને દેખાડી. તે તેમણે જોઈ ભાષા તેમને સમજાણી હોય તેમ અમને લાગ્યું.

'આ તમને ક્યાંથી પ્રાપ્ત થયું ?' તેમાંના ઉમરમાં મોટા જણાતા એક પૂછ્યું.

'દેશમાંથી.' ભાંગીતૂટી હિન્દિમાં દેશમુખે જવાબ આપ્યો. 'અહોભાગ્ય. આ મહામૂલી શોધ છે, આ હસ્તપત્ર લગભગ ૨૦૦૦ વર્ષ કરતાં જૂનું હશે' બ્રાહ્મણે શોધ વ્યક્ત કરી.

'૨૦૦૦૦ વર્ષ ! આપને ક્યાંથી ખબર ?' મારાથી આશ્ચર્ય વ્યકત થઇ ગયું.

'મૂર્ખ, બ્રાહ્મણને આવો સવાલ કરે છે ? અમે ત્રિકાળ જ્ઞાની, બધી ખબર અમને પડે' પામર વસ્તુ ઉપર માણસ નજર કરે તેમ બોલીને તેમણે મારા સામે જોયું.

પછી ખાસ વાર્તાલાપ થયો નહિ ·કોઇ અગમની ભાષા બોલતું હોય તેમ બ્રાહ્મણે હસ્તપત્ર વાંચવાનું શરૂ કર્યું.

'આ હસ્તપત્રમાં આગાહી છે. આપણો સંસ્કાર ધર્મ જુદા જુદા કામમાં કેવી રીતે વહેશે એની' પહેલું વાક્ય બોલ્યાં: 'સંસ્કાર એ સદાય વહેતી ગંગા છે. તેનાં માર્ગો પણ ગંગાના નીરની માફક ઘડીકમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંકડા પથમાં અને ઘડીકમાં વિશાળ પટમાં વહેશે પરન્તુ જ્યારે કાળીકાળનું પ્રાબલ્ય પ્રગટશે ત્યારે આપણે ત્યાં આવું બનશે.'

એક માણસ કરોડ રૂપિયા કમાઇ શકશે. અને બીજાને સો રૂપિયા કમાવા મુશ્કેલ બનશે. કરોડ કમાનાર માણસ જેને સો રૂપિયા પણમળતા નથી, તેની તરફ કોઇપણ જાતની દયા, માયા, પ્રેમ, રાખશે નહિં. પરન્તુ પોતાના દ્રવ્યના જોરથી, તેને દરેક રીતે દબાવવા પ્રયત્ન કરશે તેને કદાચ કોઇ સંજોગોમાં તેને અન્નના વખા પડશે તો, પોતાના કણમાંથી થોડા આપવાને બદલે એક જાતની નફટાઇ દાખવશે.'

'ત્યારે આપણાં દેશમાં એવા વિભાગો હશે જ્યાં કોઈક જગ્યાએ કેટલાક માણસો વરણાગીયા બનીને મહાલતા હશે, બીજી એવી પણ જગ્યાઓ હશે જે જગ્યાએ લોકોને પહેરવા માટે માત્ર એકાદ લંગોટી કે બીજું એવું એકાદું ઉપવસ્ત્ર હશે.

'ત્યારે, એક બાપનાં બે દીકરાઓમાંથી એકના છોકરાઓ હાપુસ કેરી ખાતા હશે, બીજાના છોકરાઓને એ કેરીનાં ગોટલાં પણ ચુસવા મળતાં નહિ હોય. ત્યારે, મા-બાપ છોકરાઓને મોટાં કરશે, છોકરાઓ માટે ખર્ચ કરશે તેમને વિદ્યા અપાવશે, બીજા પણ અનેક સાધન પુરા પાડશે, છતાં આ છોકરાઓ મોટા થયાં પછી તેમની એક પણ વાત કાન ઉપર ધરશે નહિં. અરે એટલું જ નહિં પરન્તુ માબાપને તતડાવશે, તેમની વિરૂદ્ધ અભિપ્રાયો આપશે, તેમને જુનવાણી કહીને વગોવશે, અને દરેક વાતમાં પોતાની અંગત વાતમાં કે કોઇને પડવાનો હકક નથી એમ બુલંદ સ્વરે કહ્યા કરશે ત્યારે, ગુરુની પાસેથી વિદ્યાર્થીઓ વિદ્યા લેવાને બદલે તેમને વિદ્યા આપવાને પ્રયત્ન કરશે. ત્યારે પત્નિ અને પતિ એ બન્ને એક બીજામાં લીન બનીને સંસારનાં મહાવૃક્ષના થડ બનવાને બદલે વારંવાર ઝઘડતા, વાતવાતમાં, સંસારનાં અનેક જાતના આંદોલનો પ્રગટાવનારા એક બીજાને વહેમથી જોનારા બનશે. ત્યારે માબાપ, સાસુ સસરા, દિયર ભોજાઇ, બહેનભાઈ ભાભી નણંદ, કાકા ભત્રિજા, મોટાભાઈ નાનાભાઇ મામા ફોઈ જાતનાં સબંધો રહેશે નહિં. દરેક સગપણમાં, દરેક પળમાં માત્ર પૈસાને મહત્ત્વ અપાશે. જેટલા પૈસા તેટલા પ્રમાણમાં સબં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધતી આપ લે થશે. ત્યારે, સમાજમાં બીજી ઘણી મર્યાદાઓનો લોપ થઈ જશે, અને માત્ર જેની પાસે જેટલા પૈસા તેટલા પ્રમાણમાં તેમને માન અને હોદ્દો પ્રાપ્ત થશે. કવિઓ લેખકો, વિદ્વાનો કલાકારોની ગણત્રી ઝાઝી થશે નહીં માત્ર તેમને ઉપયોગના સાધન તરીકે ગણવામાં આવશે.'

આટલું વાંચીને બ્રાહ્મણ અટકયા 'પ્રભુ, પ્રભુ' એમના મુખમાંથી ઉદ્‌ગારો નીકળ્યા.

'પછી ?' અમારાથી એકાએક બોલાઇ ગયું: 'બસ, બીજું આવું ઘણું છે. વચ્ચેથી પણ મેં ઘણું છોડી દીધું છે, માત્ર થોડાક વાકયો જ વાંચ્યાં છે. સંસ્કાર ધર્મના પડ જેટલાં ઓછા ઉખેડીએ તેટલાં આપણે સુખી.' ઉંડા નિસાસા સાથે તેમણે વાકય પુરૂ કર્યું.

'આ મને આપશો ?' તેમણે અમારી સામે જોયું, 'તમને કંઈ કામ નહિં લાગે. મને એક પ્રાચિન દસ્તાવેજ તરીકે તેનું મુલ્યાંકન કરવાની તક મળશે.'

દેશમુખ અને અમને બધાને હસ્તપત્ર સમજ્યા પછી ખાસ કિંમત રહી ન હતી.

'ભલે લઇ જાવ' દેશમુખે ઉદારતા દેખાડી.

'કલ્યાણ' કહિને બ્રાહ્મણો ચાલ્યા ગયા. ઘણા દિવસની અમારી મહેનત નિરર્થક ગઇ, અને આ હસ્તપત્રમાંથી એક પાઈ પણ મળે તેવું કાંઇ નીકળ્યું નહિ એટલે નિરાશા સાથે અમારી ઓરડીઓ તરફ રવાના થયાં.

★

—૨૫—

એમને વતાવશો નહિ.
એ છે કોલેજનાં છોકરાં!

ચાલીમાં હલચલ મચી ગઇ હતી. ચાલીનાં પાત્રો, વેણીભાઈ દેશમુખ દાદા, નરોત્તમ, કલ્યાણજી સહકુટુમ્બ પરિવાર, સજ્જ થવા માંડયા હતાં. હકીકત એમ બની હતી કે, નરેન્દ્ર કયાંકથી લાગવગના બળે કોઇ નવા મંડળનું ઉદ્‌ઘાટન થવાનું હતું તેના પાસ લઇ આવ્યો હતો, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરેન્દ્રના મત મુજબ ઉદ્‌ઘાટનનો પ્રસંગ ખૂબજ દબદબાપૂર્વક ઉજવવાનો હતો કારણ કે, ઉદ્‌ઘાટન વખતે સામાન્ય રીતે ભાષણો થાય છે તે ઉપરાંત, પ્રોગ્રામમાં મનોરંજનના પણ ઘણા પ્રસંગો હતા, જેમાં નાટ્ય પ્રયોગ ઉપરાંત નૃત્ય અને સંગીતને પણ સ્થાન આપવામાં આવ્યું હતું.

સ્વભાવિક રીતે આપણને એક ટેવ પડી ગઇ છે. કોઇ પણ વસ્તુ જોવા જવાની હોય અને ખાસ કરી મફત જોવા જવાની હોય છે ત્યારે તેનું મૂલ્ય આપણી દૃષ્ટિએ ખૂબ જ વધી જાય છે. અમારી ચાલીમાં નરેન્દ્રની કૃપાથી ઘણી વખત અમને આવો લાભ મળ્યા કરતો. આવી બાબતમાં અમે ઘણી વખત સારો રસ પણ બતાવતાં. એક પ્રસંગે નરેન્દ્ર અમારે માટે એક મનોરંજન કાર્યક્રમનાં મફત પ્રવેશ પત્રો લઈ આવેલ ત્યારે ચાલીનાં લગભગ ચાળીસ માણસો છેક થાણા સુધી ગયેલા. અને પ્રોગ્રામ બધો મલયાલમ ભાષામાં હતો. તેની ખબર ત્યાં ગયા પછી પડેલી. આ બન્યા પછી અમે જરા ખાતરી વધારી હતી છતાં લાભ લેવાની અમારી વૃત્તિને જરા પણ ઠંડી થવા દીધી ન હતી.

એટલે આજે પણ અમારી તૈયારીઓ સ્હવારથી જ મંડાણી હતી. સ્ત્રીઓએ બે પાંચ વખત આપસમાં કેવાં કપડાં પહેરવાં તેની ચર્ચાઓ કરી લીધી હતી; બાળકો બપોરની નિશાળ છોડીને જલદીથી ઘેર આવવાનાં હતાં, અને અમે બધાં પણ છ. વાગ્યે તો ઘેર પહોંચી જવાનાં હતાં. સાંજના ખોરાક તરિકે અમને માત્ર ફરસાણની એકાદ વસ્તુ જ સાંપડવાની હતી.

સાંજે હું જયારે ઘેર આવ્યો ત્યારે ચાલીમાં એક પ્રકારનું પ્રવૃત્તિનું મોજું ફરી વળ્યું હતું, નાના છોકરાઓ બુશ કોટમાં સજ્જ થઇને, ચાલીના દાદર પાસે બેઠાં હતાં. ઉપર પહોંચ્યા ત્યારે ગૃહણીઓ જલદીથી બધું પતાવવાની તરખટમાં પડી હતી. નરોત્તમનાં ઘર પાસે હું જરા અટકયો કારણ કે ઘરમાંથી કંઇક ગરમ ચર્ચાના શબ્દો સંભળાયા. 'અમારે તો બધુંય સરખું હોળી કે દિવાળી કોઇક દિવસ બહાર જવાનું થાય તોયે 'નિરાંત નહિ' ગૃહણી ઉગ્ર અવાજે ભાષણ કરી રહ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પારકી નોકરી છે, મોડું પણ થઇ જાય, ઘરની પેઢી નથી ચાલતી' નરોત્તમ બબડતો, બબડતો મોંઢામાં કોળિયા ભરી રહ્યો હતો.

'બધાય નોકરી કરે છે, કલ્યાણજીભાઈ, વેણીભાઇ પાંચ વાગ્યાનાં આવી ગયા છે, ખાસ્સાં મજાંનાં જમી કરીને બેઠા છે. બધું કામ પણ પરવારી ગયાં હશે. બળ્યું મારા નશિબ જ વાંકા છે' મને થયું નરોત્તમનાં પત્ની હમણાં રડી પડશે.

'શું છે નરોત્તમ ?' વાતમાં વચ્ચે પડવાના ઇરાદાથી મેં જંપલાવ્યું.

'ચાલ્યા આવો છો હજી ?' નરોત્તમને બદલે તેમનાં પત્નીએ જ મને પકડ્યો. 'હાં હજુ તો ઘણીવાર છે. નાહક ઉતાવળ કરશો નહિં હજુ કલાક પછી નીકળશું તો પણ વાંધો નહિં આવે.' નરોત્તમને રાહત મળે તેવાં શબ્દો બોલીને હું મારી ઓરડીમાં પહોંચ્યો.

મારી પત્ની સર્વ રીતે સજ્જ હતાં, ઘરમાં પણ બધુ ઠીકઠાક થઈ ગયું હતું, મેં ઘરમાં પ્રવેશ કરી, પત્નીનાં મુઃખનાં દર્શન કર્યાં અને રસોડાની ચોકડી ઉપર નજર કરી, એક ખુણામાં કંઇક ઢાંકેલું પડ્યું હતું મારી ટેવ તેમને સુપરિચિત હતી. એટલે, કોઈ પણ જાતના ભાષણને બદલે તેમણે મને આજ્ઞાઓ કરવા માંડી, 'ચાલો, હાથ મોં ધોઇ લ્યો, કપડાં બદલી લ્યો, એટલે ખાવાનું લઇ આવું.' ચુપચુપ મેં એક પછી એક આજ્ઞાઓનું પાલન કરવા માંડ્યું, અને થોડી વારમાં પત્નીએ બીછાવેલી ચટાઈ ઉપર બેસીને એમણે એમના આ તૈયારીના કાર્યમાંથી વખત બચાવીને, સાંજના ભોજન માટે તૈયાર કરેલી દાળઢોકળી, આરોગવા માંડી

'કેટલી વાર છે, દાદાનાં વહુ આ સમય દરમીયાન બે ત્રણ ખોલીમાં આવી ગયા, થોડીવારમાં નીચેથી બુમો પાડવા માંડી, અને આખરે મહાન તૈયારી સાથે અમારી ચાલીમાંથી પચાસેક માણસોનું સરઘસ મેળાવડામાં જવા માટે બહાર પડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોલમાં પહોચ્યા તો ત્યાં મોટો કોલાહલ નજરે પડયો, આગળની બધી ખુરસીઓ ઉપર માણુસો ચિક્કાર થઇ ગયા હતા પાછળની ખુરસીઓ થોડી ખાલી હતી.

નરોત્તમનાં પત્ની હોલમાં દાખલ થયાં. પરિસ્થિતી જોઇ. અને ઉકળી ઉઠયાં, 'મેં કહ્યું ન હતું, બેસો હવે ગામની પાછળ' મને થયું આ જવાબ આપવા લાયક વસ્તુ નથી, જો જવાબ આપશું, તો નકામી વાત વધી પડશે. એટલે સમજાવીને બધાને બેસાડયાં.

અડધો કલાક થયો, નિમંત્રણ પત્રિકામાં, આઠ વાગ્યાનો સમય આપવામાં આવ્યો હતો. સાડા આઠ થયાં, પરન્તુ હજુ કોઇપણ જાતની કાર્ય શરૂ થવાની નીશાની દેખાતી નહતી.

'શું થયું છે નરેન્દ્ર? કયારે શરૂ થશે?' મેં નરેન્દ્રને ગોતી કાઢયો.

'પ્રમુખ નવ વાગે આવવાના છે. તેમના આવ્યાં પહેલાં કેમ શરૂ થાય? નરેન્દ્રે ખુલાસો કર્યો.

'પ્રમુખને સમય કહ્યો નહતો?' મને નરેન્દ્રનો ખુલાસો સમજાવ્યો નહિં.

'બરાબર સમજાવ્યું હતું. પરંતુ તેમણે સાડા આઠ વાગ્યે આવશે તેમજ કહ્યું હતું, હવે કહે છે આવતાં આવતાં અડધી કલાક મોડું થશે.' નરેન્દે સ્ફોટ કર્યો.

'તો પછી પત્રિકામાં અરધો કલાક વહેલો સમય શું કરવા દર્શાવ્યો?' મેં ખુલાસો માગ્યો.

'તેમજ ચાલે, અરધો કલાક વહેલો ન લખીયે તો આપણા લોકો; વખતસર આવેજ નહિ.' નરન્દ્રે કાર્યકર્તાઓની કૂનેહ દર્શાવી.

'હો–હો–હો' એક પ્રચંડનાદ હોલની ઉપરની ગેલેરીમાંથી ઉત્પન્ન થયો, અને જોતજોતામાં તેનો પડઘો ચારે તરફ ફરી વળ્યો.

'શું થયું છે?' નરેન્દ્ર હાંફળો ફાંફળો બીજા કાર્યકર્તાઓની પાસે પહોંચી ગયો.

'શાન્તિ રાખો હમણાં શરૂ થશે' લાઉડસ્પીકર ઊપર કાર્યકર્તાઓ સભાને શાન્ત કરવા પ્રયત્ન કરી રહ્યા પરન્તુ તેમનો પ્રયત્ન ફળ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિં. શોર બકોર વધવા માંડયો. છેવટે તેમણે આપસમાં કંઇક મસલત કરી અને કાર્યક્રમ શરૂ થયો.

એક નાનકડી બાલિકા પચરંગી કપડા પહેરીને સ્ટેજ ઉપર કૂદતી હોય તેમ ફરવા લાગી. તેની સાથે વાજીંત્રા વાગવાં માંડયાં. બધાં શાન્ત થયા, મેં પ્રોગ્રામના કાગળીયા ઉપર નજર કરી 'પૂજાનૃત્ય' એમ વાંચ્યું અને પેલી કૂદતી બાલિકાને નીરખવા લાગ્યો, 'પૂજાનૃત્ય' પૂજાનો આ કયો પ્રકાર હશે! બાલિકા ઘડીમાં કૂદતી હતી, ઘડીમાં કુંડી પડીને હાથ જોડતી હતી.

થોડી વાર થઈ અને 'પૂજા નૃત્ય' જાણે કે લોકોને ગમ્યું ન હોય તેમ ઘણાં ખરાં રસવિહિન બનવાં લાગ્યાં.

એકે બૂમ પાડી, 'કાંઇક ગાવ, મુંગા મુંગા, કુદકા નહિ ચાલે.'

બીજાએ સૂર પુરાવ્યો, 'આવાંને આવાં હાલી નીકળ્યા છે' લોકોને છેતરે છે.'

'શું પવન વાયો છે! નાચ, નાચ અને નાચ. મોટા મોટા કરોડપતિની દિકરીઓ પણ નાચવાની મંડળીઓ કાઢે છે:'

'શાન્ત રહો' બાજુમાં એક કાર્યકર્તાએ બુમ પાડી, 'નૃત્યમાં સમજતાં નથી તો પછી આવો છો શા માટે?'

'નૃત્ય એ જીવનનાં ઉલ્લાસનું અતિ સૂક્ષ્મ સ્વરૂપ રજુ કરવાની અનોખી કલા છે,' લાઉડ સ્પીકરમાંથી એક બીજો નાદ ઉભો થયો.

પરન્તુ લોકોએ કોઇનું સાંભળ્યું નહિ અને કીકીયારી અને સીટીઓ વાગવા માંડી 'પૂજા નૃત્ય' પડદેથી બંધ કરવું પડયું.

બીજો પ્રોગ્રામ શરૂ થયો અને પ્રમુખ આવી પહોંચ્યા, એટલે સભાજનોનું ધ્યાન તેમનાં તરફ ગયું. એટલે પ્રાગ્રામમાં ખાસ રસ રહયો નહિ. ત્રણ ચાર વસ્તુઓ આવી રીતે લોકોએ વખોડી કાઢી. એટલે કાર્યકર્તાઓએ જલદીથી પ્રમુખને ઉદ્‌ઘાટન કરવા વિનંતી કરી. રંગમંચ ઉપર પ્રમુખ ઉભા થયા. અને ભાષણ કરવાનું શરુ કર્યું. મને થયું, હવે લોકો શાન્ત પડશે. અને સર્વને સમજાશે. કે આ બધી ધમાલ શા માટે છે? શેનું મંડળ ખુલવાનું છે.? પરંતુ મારો ખ્યાલ ખોટો પડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બહેનો અને ભાઇઓ' પ્રમુખે શરૂ કર્યું.

'મોડા કેમ આવ્યા ?' એક અવાજ આવ્યો.

'શાંન્ત રહો સાંભળો !'

ફરીથી, પ્રમુખે શરૂ કર્યું 'બહેનો અને ભાઇઓ' ફરીથી અવાજો આવવા લાગ્યા. હવે અસહ્ય થઇ પડ્યું. અવાજ કયાંથી આવે છે એ બધાં જોવાં માંડયાં.

'શાન્ત રહો.'

બીજી ભાષામાં ચીસો પડવા લાગી.

'કોણ છે ?' એક કાર્યકર્તા ઉશ્કેરાઇ ગયાં. 'પાછળ પેલાં કોલેજનાં છોકરા લાગે છે.' બીજાએ ખુલાસો કર્યો. એ લોકો નહિ. સાંભળે.

'શાંન્ત રહો ભાઇઓ' પ્રમુખે વિનંતી કરી. વધુ જોરથી અવાજ આવવા લાગ્યો, અને કોલાહલ વધી પડી.

આખરે કંટાળીને બધા ઘર તરફ રવાના થવા લાગ્યાં; બૈરા છોકરાંઃ છેવટે કાર્યકર્તાઓ અને પ્રમુખ પણ નિરાશ થઇને ચાલવાં લાગ્યાં.

અમે માંડ માંડ કુટાતા અથડાતાં બહાર નીકળ્યાં, બહાર પાંચ સાત જુવાનો ઉભા હતાં. ગૌરવથી કહેતા હતા, 'મંડળ કાઢવા નીકળ્યા છે.'

ઘેર પહોંચ્યા ત્યારે ખાસ્સાં દશ થયા હતા. કોઇને એક શબ્દ બોલવાની હીંમત ન હતી. સર્વના મનમાં એક શબ્દ ગુંજતો હતો. 'એ લોકો નહિ સાંભળે, કોલેજના છોકરા લાગે છે'

બીજે દિવસે નરેન્દ્ર ખબર લાવ્યો કાર્યકર્તાઓએ મંડળ કાઢવાનું મુલતવી રાખ્યું છે, લોકો હવે મંડળ વગર ચલાવી શકે તેમ તેમને ગઇ કાલે રાતથી સમજાઇ ગયું હતું.

[સમાપ્ત]

તંત્ર, મુદ્રક, પ્રકાશક : નંદલાલ મોહનલાલ ઠક્કર, એન. એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ, ૨.
મુદ્રણસ્થાન : ઉષા પ્રિન્ટરી લી. દેવકરણ મેનશન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રંથના લેખક:

શ્રી. રતિલાલ શ્યામજી ત્રિવેદી

જન્મ: મહુવા (સૌરાષ્ટ્ર)

- અભ્યાસ કાચી. પાકી અંગ્રેજી સાત ચોપડી.
- સંસ્કારી માતા પિતા, અને વડીલ ભાઇ શ્રી મગનલાલ ત્રિવેદી (મયૂર) પાસેથી શિક્ષણ મળ્યું, બાલ્ય કાળથીજ સાહિત્ય તરફ અભીરૂચી પ્રગટી; વધુ પડતા ઇતર વાચને ભણતરમાં ખલેલ પહોંચાડી.
- ૧૭–૧૮ વર્ષની વયથી કમાવાની જરૂરી ઉભી થઇ, કમાવા માટે છેક રંગુન જવું પડયું. મુસાફરીમાં ઘણા અનુભવો થયાં.
- ૧૯૩૫ થી મુંબઇમાં રહ્યાં, આયુર્વેદનો અભ્યાસ કરી વૈદ્યની ઉપાધી મેળવી, સાહિત્ય તરફનો પ્રેમ વધતો ગયો.
- ૧૯૪૩ માં "કાટનાં માળખાં" લખાયું, આજે ૧૯૫૧ માં બીજું પુસ્તક બહાર પડે છે. ત્રીજું પુસ્તક "રંગ દેવતાને ચરણે" છપાઈ રહ્યું છે.
- ટુંકી કે લાંબી કથાઓની વસ્તુને જીવનની સામાન્ય અસામાન્યતામાંથી ઉંચકી લેવાની તેમને ફાવટ છે.
- ધંધાના અનેકવિધ ક્ષેત્રોમાં, તેઓ જો ગુંચવાઈ ગયા ન હોત તો તેમની પાસેથી વધુ સાહિત્ય કૃત્તિઓ આપણને સાંપડી હોત.

જેકેટ પ્રિન્ટર્સ: એમ. વાડીલાલ એન્ડ કું. [illegible] સ્ટ્રીટ, મુંબઇ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar